Chap-1

# પ્રકરણ-૧

# ભૂમિકા

## ૧.૧ અધ્યાત્મમીમાંસા

અધ્યાત્મ અને કવિતા તેમનાં ઉદ્ભવકાળથી પરસ્પર સંકળાયેલાં છે. કવિતાનો પ્રથમ આવિર્ભાવ એક આધ્યાત્મિક અનુભવ છે તો આધ્યાત્મિક સંવેદનાનો પ્રથમ આવિષ્કાર છે કાવ્ય. ગુજરાતી અધ્યાત્મ કવિતાના બીજ તો છેક વેદ-ઉપનિષદ્માં પડેલાં છે. જોકે જુદે-જુદે તબક્કે જુદી-જુદી દાર્શનિક વિચારણાઓ અને સાંપ્રદાયિક દૃષ્ટિઓએ કાવ્યનાં જુદાં-જુદાં રૂપો અને અધ્યાત્મના નવા નવા ઉન્મેષો પ્રગટાવ્યા છે. સમયના વહેણ સાથે વિચારો અને મૂલ્યોમાં પરિવર્તન થવા છતાં કવિતાનો અધ્યાત્મ સાથેનો સંબંધ ચંદ્રની કળાની જેમ ક્રમશઃ પુષ્ટ-ક્ષીણ બનતો ચાલુ જ રહ્યો છે.

### અધ્યાત્મની પરિભાષા

સાર્થ ગુજરાતી જોડણીકોશ અનુસાર 'અધ્યાત્મ' એટલે આત્મા-પરમાત્મા સંબંધી અને 'અધ્યાત્મજ્ઞાન' એટલે બ્રહ્મજ્ઞાન અથવા આત્મજ્ઞાન.[1] બૃહદ્ ગુજરાતીકોશ મુજબ 'અધ્યાત્મ'- અધિ + આત્મન્ (૧) આત્મા-પરમાત્માને લગતું તત્ત્વ (૨) આત્મા સંબંધી વિચાર કે ક્રિયા 'સ્પીરિચ્યુઆલીઝમ' (૩) બ્રહ્મજ્ઞાન (૪) નઃ - આત્મભાન 'કોન્શિયસ'. 'અધ્યાત્મદર્શન' એટલે આત્માનું પ્રત્યક્ષ થવું એ, આત્મસાક્ષાત્કાર, અધ્યાત્મજ્ઞાન[2]. ભગવદ્ગોમંડળમાં 'અધ્યાત્મ' શબ્દની અનેક અર્થચ્છાયાઓ પ્રગટ થઈ છે. 'અધિ' એટલે સંબંધી અને 'આત્મન્' એટલે આત્મા. વેદાંતમાં અધ્યાત્મની પ્રગટની પરિભાષાઓમાં ૧. અંતઃકરણ અને ઇન્દ્રિયો વગેરે આત્માની જ્ઞાનશક્તિનાં સાધન. ૨. આત્મા સંબંધી વિચાર અને ક્રિયા. ૩. આત્માની જ્ઞાનશક્તિ. ૪. જીવ અને બ્રહ્મ વચ્ચેનો સંબંધ. ૫. અધિ (ઉપર) +આત્મન્ (આત્મા) જીવભૂત બ્રહ્મ, જીવાત્મારૂપે આવિષ્કૃત એટલે અવતરેલ પરમાત્મા. ૬. બ્રહ્મવિચાર. જ્ઞાનતત્ત્વ, આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન ૭. મૂળ સ્વભાવ. ૮. આત્માનું જ્ઞાન ધરાવનાર. બ્રહ્મજ્ઞાની. ૯. આત્માને લગતું. પરમાત્મા સંબંધી. ૧૦. અધિ (માં)+આત્મન્ (આત્મા) આત્મામાં. આમ દશ જુદા જુદા અર્થો આપેલા છે.[3] એજ રીતે 'અધ્યાત્મજ્ઞાન'નો અર્થ-અધિ (સંબંધી) + આત્મન્ (બ્રહ્મ) + જ્ઞાન એ રીતે આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન કે આત્મા વિષેનું તત્ત્વજ્ઞાન. વેદાંતમાં દેહ-ઇન્દ્રિયોને અંતઃકરણના સંબંધથી આત્માનું નિરૂપણ કે વર્ણન એવા આપેલા છે. આ મુજબ 'અધ્યાત્મદર્શન' એટલે સર્વત્ર આત્માનું દેખાવાપણું, આત્માનું પ્રત્યક્ષ થવું તે, આત્મ-સાક્ષાત્કાર. 'અધ્યાત્મવૃત્તિ' એટલે આત્મામાં મનની એકાકારતા. 'અધ્યાત્મભાવ' એટલે બ્રહ્મપરાયણતા.[4]

---

૧. સાર્થ ગુજરાતી જોડણીકોશ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ૧૯૬૭. પૃષ્ઠ-૨૪.
૨. બૃહદ ગુજરાતીકોશ ખંડ-૧, કે. કા. શાસ્ત્રી. ૧૯૭૬, પૃષ્ઠ-૫૮
૩. ભગવદ્ગોમંડળ ભાગ-૧, ભગવતસિંહજી, ૧૯૪૪, પૃષ્ઠ-૨૧૦
૪. એજન પૃષ્ઠ-૨૧૧

ઉપનિષદોનાં દોહનરૂપ શ્રીમદ્ ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં 'અધ્યાત્મ'ની વ્યાખ્યા મળે છે.

'અક્ષરં બ્રહ્મં પરમં સ્વભાવોઽધ્યાત્મુચ્યતે.'

બ્રહ્મ અવિનાશી અને શ્રેષ્ઠ છે, સ્વભાવ (બ્રહ્મનું શરીરમાં રહેવું એટલે હોવું -જીવાત્મા ) તે અધ્યાત્મ.

'સ્વો ભાવઃ સ્વભાવઃ ' પોતાનો ભાવ અર્થાત્ હોવાપણાનું નામ સ્વભાવ છે. આ જ સ્વભાવને અધ્યાત્મ કહે છે. બ્રહ્મનો આત્મસ્વરુપમાં જ નિરંતર સહજ સ્થિતિ હોય છે. માત્ર એકલો બ્રહ્મ જ સર્વત્ર ભરેલો છે અને જયારે તે અનેકત્વનું પૂર આણે છે. 'હું અનેક પ્રકારનો થઈશ ' -- એવા સંકલ્પનો અંકુર ફૂટે છે ત્યારે જ તે અનેક સ્વરુપે ભાસે છે.[5]

આ રીતે 'અધ્યાત્મ' શબ્દની અનેક વિશિષ્ટ અર્થચ્છાયાઓ છે. અધ્યાત્મ (અધિ + આત્મ) એટલે બ્રહ્મ, પરમેશ, પરમાત્મા તેમજ સ્વ પોતે , અને તે સંબંધી એટલે આધ્યાત્મિક . વળી તે ગુઢ , અભૌતિક, પારલૌકિક, અમૂર્ત વિષય સંબંધી પણ ગણાય[6] આમ છતાં 'અધ્યાત્મ',' આધ્યાત્મિક',' આધ્યાત્મિકતા ' અને ' અધ્યાત્મદર્શન' જેવા શબ્દો કોઈ જડ નિશ્ચિત વિચારધારામાં સીમિત થતા નથી . ધર્મ અને તત્વજ્ઞાન જેવા વિષયો સાથે તેનો ચોક્કસ માર્મિક સંબંધ રહ્યો છે.

ઘણીવાર 'અધ્યાત્મ' ના પર્યાયરુપે 'તત્ત્વજ્ઞાન' શબ્દનો પ્રચાર જોવા મળે છે. પરંતુ તત્ત્વજ્ઞાનનો શાસ્ત્રીય વ્યાખ્યા લેખે 'તમામ પૂર્વગ્રહો અને ગૃહીતોથી મુકત થઈને જીવનની મૂળભૂત માન્યતાઓ અંગે સમીક્ષાત્મક અને સર્વાંગી દ્દષ્ટિએ વિચારણા કરતું શાસ્ત્ર[7] ' એવો થાય છે. આમ તત્ત્વજ્ઞાનનું ક્ષેત્ર વધારે વિશાળ છે. છતાં તત્ત્વજ્ઞાનની તત્ત્વમીમાંસા , જ્ઞાનમીમાંસા, ધર્મમીમાંસા અને કંઈક અંશે નીતિ અને શિક્ષણ, સૃષ્ટિ અને સમાજમીમાંસાને પણ ભારતીય દર્શનો સ્પર્શે છે. આમ 'અધ્યાત્મ 'ના ક્ષેત્રે તત્ત્વદર્શન સમાવિષ્ટ થતું જોઈ શકાય છે. તત્ત્વમીમાંસામાં જીવ ,જગત અને આત્મા-પરમાત્માને લગતા પ્રશ્નોની ચર્ચા થાય છે. તો ધર્મમીમાંસા માં ધાર્મિક માણસ , ઈશ્વર , મોક્ષ , ભકિત , શરણાગતિ, શાશ્વત જીવન , જીવ અને ઈશ્વરનો સંબંધ, સાક્ષાત્કારનો અનુભવ ઈત્યાદિ સમાવિષ્ટ છે. તત્ત્વજ્ઞાનમાં પરમતત્ત્વનું સ્વરુપ સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે જયારે ધર્મમાં તેને પામવાનો પ્રયાસ થાય છે. આમ તત્ત્વજ્ઞાન એ વિચારણાનો માર્ગ છે જયારે ધર્મ એ જીવનમાર્ગ છે. કોઈ પણ તત્ત્વચિંતક જયારે પોતાની વિચારધારાને સંપૂર્ણ વફાદાર રહીને તેને અનુરુપ જીવન જીવવા માંડે છે ત્યારે તે વિચારધારા તેને માટે ધર્મ બની રહે છે. આથી જ બુધ્ધ , મહાવીર , શંકરાચાર્ય, મહમંદ પયગંબર ઈત્યાદિ તત્ત્વચિંતકો અને ધર્મપ્રવર્તકો બને છે. આમ ' અધ્યાત્મ' નું ક્ષેત્ર તત્ત્વજ્ઞાન અને ધર્મ બંનેને સ્પર્શે છે. ધર્મ ઈશ્વરનિષ્ઠ છે. આથી ' અધ્યાત્મ 'નો ભકિતમય ઉન્મેષ ધર્મના ક્ષેત્રનો વિષય બને છે અને જીવ અને જગતના ઈશ્વરવાદો કે અનીશ્વરવાદો ચિંતનનો ઉન્મેષ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રનો વિષય બને છે. પરંતુ ભારતીય પરંપરામાં ધર્મ અને તત્ત્વજ્ઞાન પરસ્પર સંકળાયેલા જ રહયા છે. ધર્મનો વિચાર તત્ત્વજ્ઞાન લેખે અને તત્ત્વજ્ઞાનનો વિચાર ધર્મ લેખે જ થતો રહયો છે. સગુણ ભકિતને વરેલા ભકતોએ પણ પરમ તત્ત્વનાં દર્શન , વર્ણન, કરેલાં આપણને જડે છે, તો નિર્ગુણ ભકિતની ધારામાં પ્રગટતું તત્વદર્શન પણ જડે છે. આમ 'અધ્યાત્મ' ધર્મ અને તત્ત્વજ્ઞાન બંનેને ઉપલક્ષે છે.

---

૫. શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ ગીતા, ૧૯૭૧, પૃષ્ઠ - ૨૦૪-૨૦૫
૬. 'પરબ' અંક -૧ જાન્યુઆરી ૧૯૯૪ પૃષ્ઠ -૫
૭. પ્રારંભિક તત્વજ્ઞાન ઉમેશકુમાર યાજ્ઞિક , ૧૯૭૧ ,પૃષ્ઠ-૧૫

તત્ત્વજ્ઞાન માટે અંગ્રેજી શબ્દ PHILOSOPHY અને એના જ અર્થમાં વપરાતો 'મીમાંસા' શબ્દ પણ અર્થસામ્ય ધરાવે છે. PHILOSOPHY શબ્દનો અર્થ છે 'જ્ઞાનનો પ્રેમ' (PHILOS-LOVING અને SOPHIA-WISDOM) એવી રીતે 'મીમાંસા' શબ્દનો અર્થ થાય છે 'મનન યા જ્ઞાનની ઇચ્છા'. 'અધ્યાત્મ' નાં ક્ષેત્રને સમાવતાં દર્શનો માટે મીમાંસા શબ્દ ઉચિત જણાય છે. એ જ રીતે ધર્મ માટે વપરાતો અંગ્રેજી શબ્દ RELIGION પણ લેટિન શબ્દો RE અને LAGERE માંથી આવેલો છે, જેમનો અર્થ થાય છે 'ફરી બાંધવું'. આમ જગત ઈશ્વરથી અજ્ઞાનને લીધે છૂટો પડી ગયેલો આત્મા ધર્મને કારણે તેમની સાથે ફરી બંધાય છે. ભારતીય તત્ત્વજ્ઞાન તો ધર્મ સાથે ઓતપ્રોત છે. ધર્મનાં સત્યો ચકાસવાનું કાર્ય તત્ત્વજ્ઞાન કરે છે. તત્ત્વજ્ઞાનનાં સત્યો ઉપર વિશ્વ ટકી રહ્યું છે એ બતાવીને તેને જીવનમાં ઉતારવાનું કાર્ય ધર્મ છે. તત્ત્વજ્ઞાન બુદ્ધિનો વિષય છે, ધર્મ આસ્થાનો. જે જ્ઞાન બુદ્ધિથી ગમ્ય નથી બન્યું તેને આપણાં દર્શનોએ ચિત્તની સૂક્ષ્મ શક્તિઓથી ગ્રાહ્ય કર્યું છે. આમ અગોચરને ગોચર કરવાની વાત ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં વિષયને સ્પર્શતો 'અધ્યાત્મ'નું ક્ષેત્ર બને છે. આપણે ત્યાં શ્રદ્ધા અને બુદ્ધિનો મેળ જે રીતે બેસાડવામાં આવ્યો છે તેમાં 'અધ્યાત્મ' નો વિચાર આપણી પરંપરામાં પાશ્ચાત્ય ધર્મચિંતકોની વિચારણા કરતાં જુદો પડે છે. આપણો ધર્મ દર્શનની ચેતનાથી ચાલિત છે, જીવંત છે. જ્યારે પશ્ચિમના દેશોના ધર્માચાર્યો આપણા ઋષિઓ જેટલા ઉદારમતવાદી ન હતા. એટલે પશ્ચિમમાં ચોક્કસ સાંસ્કૃતિક - ઐતિહાસિક કારણોસર ધર્મ અને દર્શન એકબીજાથી પૃથક્ રહ્યાં છે. ધર્મજડતાને ટાળવા નવી ચેતનાની જરૂર પડે છે. ધર્મની બૌદ્ધિકતા પુરવાર કરવાનું કામ તત્ત્વદર્શનનું છે. આમ 'અધ્યાત્મ' નો વિચાર આપણી પરંપરામાં પાશ્ચાત્ય ધર્મચિંતકોની વિચારણા કરતાં અતિ વ્યાપક હોવાનું જોઈ શકાય છે. આપણાં દેશમાં શ્રુતિ અને સંહિતાના કાળથી ઉદ્ભવી વિકસતા ગયેલા ચિંતનમાં ધર્મચિંતન, દર્શન અને આધ્યાત્મિક વિચાર એ ત્રણે વિષયનું ચિંતન થયું અને એમાંથી જ અધિભૂત, અધિદૈવ અને અધ્યાત્મ એવી ત્રણ અલગ અલગ વિચાર દૃષ્ટિઓ પ્રગટ થઈ. 'અધિભૂત' એટલે પંચમહાભૂતમાંથી રચાયેલા જગત સંબંધી. 'અધિદૈવ' એટલે આ જગતનો આત્મા સાથે સંબંધ કરાવનાર અધિષ્ઠાતા દેવો સંબંધી અને 'અધ્યાત્મ' એટલે અનુભવ કરનાર આત્મ સંબંધી. ઋગ્વેદના વાક્સૂક્તમાં અધ્યાત્મદર્શનના વિચારોનું મૂળ જડે છે. તેમનાં જણાવ્યા પ્રમાણે 'અધિભૂત'થી 'અધ્યાત્મ' બિલકુલ જુદું પડે છે. પરંતુ 'અધિદૈવ' અને 'અધ્યાત્મ' વચ્ચે ગાઢ સંબંધ જોઈ શકાય છે. 'અધ્યાત્મવિદ્યા'માં તો માનવઆત્મા પોતાને વિષે અને એના આદિ સ્રોતની શોધમાં જે કંઈ બૃહદ્ રુપે - બ્રહ્મ રુપે મળ્યું તેની ચર્ચા કરે છે.[૮] 'અધ્યાત્મવિદ્યા'નું ક્ષેત્ર સ્પષ્ટ કરતાં શ્રી રામપ્રસાદ બક્ષીએ કહ્યું છે: 'અધ્યાત્મવિદ્યા અર્થાત્ બ્રહ્મવિદ્યા વિશ્વના આદિમ અને અંતિમ પારમાર્થિક સત્-ચિન્મય તત્ત્વ તરીકે અવાઙ્મનસગોચર નિરાકાર નિરંજન એવા બ્રહ્મની - આત્મ-સમષ્ટિની જ સ્વીકાર કરે છે. પણ વ્યવહારિક સત્તાની ભૂમિકામાં એ બ્રહ્મ જ માયા-પ્રભાવે ઈશ્વર તરીકે પ્રવર્તે છે અને એમ હોઈને એ ધર્મને, અધ્યાત્મને સમાન ભૂમિકા પૂરી પાડે છે. આ સમાન ભૂમિકામાં ઋગ્વેદના અનેક છતાં એકનું પ્રતિનિધિત્વ કરનારા વૈદિક દેવોની, ઉપનિષદોમાં કહેલી પ્રતીક- ઉપાસનાની, એક ઈશ્વરની ભક્તિ, શરણાગતિ અર્થાત્ પ્રવૃત્તિની સર્વશક્તિનિયામક ઈશ્વરની જ પ્રતિમૂર્તિ જેવી સર્વનિયામક

---

૮. સ્વ. પ્રમોદકુમાર પટેલ પાસેથી પ્રાપ્ત થયેલો '--- અને સાહિત્ય'માં ગ્રંથસ્થ લેખ 'અધ્યાત્મ અને સાહિત્ય' પૃષ્ઠ -૩ .

શક્તિનો અર્થાત્ દેવોનો અને સર્જક બ્રહ્મા, પાલક વિષ્ણુ અને સંહારક રુદ્ર, એવો એક ઈશ્વરનો ત્રણ વિભૂતિઓને અને તેમનાં પૂજન ભજનનો સમાવેશ થઈ જાય છે.[૯] એ ઉપરથી 'અધ્યાત્મ' ના ક્ષેત્રની વ્યાપકતાનો આપણને ખ્યાલ આવે છે. સાથે સાથે સ્થૂળ ભૂમિકાના વિષયોથી તેનું જુદાપણું પણ તારવી શકાય છે.

## અધ્યાત્મનો ઉદ્ભવ - વિકાસ

ભારતીય સાહિત્યપ્રણાલીમાં 'અધ્યાત્મ' નાં મૂળ આપણને સૌ પ્રથમ ઋગ્વેદની ઋક્સંહિતાઓમાં જડે છે. અહીં ભક્તિ અને અધ્યાત્મનું સ્વરુપ એક જ છે. એનો ઉદ્ભવ પ્રકૃતિનાં સૌમ્ય -રૌદ્ર તત્વોમાંથી પ્રગટતા અહોભાવ અને ભયમાં જોઈ શકાય છે. વેદમાં આર્યોએ ઉષા ,મિત્ર, સવિતૃ , વિષ્ણુ , પૂષા, રુદ્ર વગેરે દેવોનાં જે સ્તોત્રો ગાયાં છે તેમાંથી સૌ પ્રથમ ભક્તિ -અધ્યાત્મકવિતા પ્રગટ થઈ છે. આમાં જ વિશ્વનાં જડચેતન પદાર્થ માત્રમાં સૌંદર્ય , ઉલ્લાસ, આનંદ ,જીવન વગેરે રમણીય પ્રવાહો પ્રેરનાર વિશ્વ-પાલક શક્તિ તરીકે વિષ્ણુની અને વિનાશ, દંડ , ન્યાય વગેરે ભયપ્રદ પ્રવાહોના મૂળરુપ મહાશક્તિ સંહારક રુદ્રની ભક્તિનાં બીજ પણ પડેલાં છે. પ્રો. મેક્સમૂલરના મતે ઋક્સંહિતાઓમાં અધ્યાત્મનું તત્ત્વ અનેક દેવવાદી છે. એક જ સૂર્યદેવની વિવિધ શક્તિઓ તરફ જુદી જુદી દૃષ્ટિથી જોઈને સવિતા, સૂર્ય , મિત્ર, પૂષન્ ઈત્યાદિ જુદા જુદા દેવો આર્યોએ માન્યા છે . યજુર્વેદ અને અથર્વવેદમાં આ સૂર્ય , વિષ્ણુ, રુદ્ર આદિ દેવોનાં નામોમાં વધારો થતો જોવા મળે છે . તો વેદના દેવોની અનેકતામાં ઝાંખી એકતા હતી તે ખીલીને પાછી બ્રાહ્મણકાળમાં અનેક નામવાળા એક જ દેવરુપે સ્થિત થવા લાગે છે .

ઋગ્વેદ પહેલાં અનાર્ય દ્રવિડ જાતિમાં પણ ભક્તિનું સ્વરુપ સિંધુખીણની સંસ્કૃતિના સંશોધનના આધારે જોવા મળ્યું છે. તેઓની લિંગ કે યોનિ પૂજામાં શૈવભક્તિની ભૂમિકા જોઈ શકાય છે, તો તેમની વનસ્પતિ અને પશુઓની પૂજાનું સાતત્ય પણ આજ સુધી જળવાઈ રહ્યું છે. તેમના સાહિત્યના અભાવમાં તેનો કવિતા સાથેનો સંબંધ પારખી શકાતો નથી. વૈદિક સાહિત્ય જેવા જ પ્રાચીન આગમ અને તંત્ર સાહિત્યમાં રુદ્ર-શિવને દેવ તરીકે ગણવામાં આવ્યા છે. એમાં મંત્રવિધાન, તંત્રદીક્ષા, વિધિપૂર્વકની ઉપાસના-પદ્ધતિઓનો પણ અધ્યાત્મ -ભક્તિમાર્ગના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. ઋગ્વેદ પછી યજુર્વેદ અને સામવેદની યજ્ઞપરાયણતા શુદ્ધ અધ્યાત્મને કયડો સંકુચિત બનાવતી જણાય છે. ઋગ્વેદના ભક્તકવિની નિખાલસતા, ઋજુતાનો લોપ થાય છે. અહીં ભક્તિનું સ્વરુપ ઐહિક હેતુઓ સિદ્ધ કરવા યજ્ઞપરક અને નિર્દેશાત્મક બનતું જોઈ શકાય છે. આમ વૈદિક અધ્યાત્મભાવનાનો કર્મકાંડનો વિભાગ બ્રાહ્મણગ્રંથોમાં અને જ્ઞાનકાંડનો વિભાગ ઉપનિષદોમાં અને તેને આશ્રિત દર્શનોમાં 'પૂર્વમીમાંસા ' અને 'ઉત્તરમીમાંસા' રુપે કાલક્રમે નિરુપાતો રહ્યો છે. વેદસંહિતા બાદ બ્રાહ્મણગ્રંથોમાં યજ્ઞ અને કર્મની મીમાંસા જ જીવાતુભૂત તત્ત્વ લેખે અવશિષ્ટ રહે છે ત્યારે ઈશ્વરની આરાધનાના માધ્યમ લેખે ભક્તિ સદંતર લુપ્ત થઈ જાય છે. પરંતુ બ્રાહ્મણગ્રંથો પછી આરણ્યકસંહિતામાં યજ્ઞની અતિશયતામાંથી છૂટવાનો સઘન પ્રયત્ન થતો જોવા મળે છે, જે ઉપનિષદોના જ્ઞાનમાર્ગના વિકાસની પૂર્વભૂમિકા બને છે.

---

૯. એજન

યજ્ઞપરક ક્રિયાકાંડમાંથી મુક્ત બની ઉપનિષદ્ કાળમાં પરમતત્ત્વની ઉપાસનાનો પુનઃ આરંભ થાય છે. વેદોમાં રહેલું અપૌરુષેય અધ્યાત્મજ્ઞાન ઉપનિષદોમાં તારવી લેવામાં આવ્યું છે. અનેક ઋષિઓએ જેમાં પરમ અનુભવનું વર્ણન કર્યું છે, તે શ્રુતિના રુપે ( તમે શું સાંભળ્યું છે એમ પૂછીને ) ઉપનિષદોમાં ઉતાર્યું છે. પ્રાપ્ય ઉપનિષદોની સંખ્યા લગભગ એકસો અઢાર કે તેથી પણ વધારે છે. તેમાં ઈશ , કેન, કઠ, પ્રશ્ન, મુણ્ડક, માણ્ડૂક્ય, તૈત્તિરેય, ઐતરેય, શ્વેતાશ્વતર, કૈવલ્ય ,છાંદોગ્ય એ અગિયાર ઉપનિષદો મુખ્ય ગણાય છે, જેમાં આત્મતત્ત્વ વિષેના લગભગ બધા વેદોક્ત સિધ્ધાંતો આવી જાય છે. તેથી આચાર્યોએ આટલાં જ ઉપનિષદો ઉપર ભાષ્ય કર્યું છે. વેદાંત, સાંખ્ય અને યોગના વિચારકો આમાંથી પોતપોતાના સિધ્ધાંતનાં સમર્થક પ્રમાણો મેળવી શકયા છે.

બધાં જ ઉપનિષદોના સારરુપ જે અધ્યાત્મનું સ્વરુપ આપણને મળે છે, તેમાં એક તત્ત્વમાંથી જગતની ઉત્પત્તિ , તેમાં સ્થિતિ અને તે એક તત્વમાં પાછો તેનો લય બતાવવામાં આવ્યાં છે. શરીર પાંચ મહાભૂતો , પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયોનું બનેલું છે. તેઓનું સંચાલક મન અને તેને પ્રેરણા કરનારી બુધ્ધિ અને જીવનને ટકાવનાર પ્રાણ છે. ગર્ભધારણ પહેલાંની સ્થિતિ, ત્યારપછીનો વિકાસ ,અનેક બંધનોમાં સંકુચિત રહેલો જીવ , સાક્ષીરુપે અને અલિપ્ત એવો અંતર્યામી આત્મા અને સર્વદ્રશ્ય જગત જેની માત્ર એક છાયા છે તેવો અનાદિ , અનંત, સ્વયંપ્રકાશ, નિરામય કૂટસ્થ, સર્વશક્તિમાન, સ્વસંવેદ્ય , સર્વેશ્વર, અનુશાસક, અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન, અનુપમ , અવર્ણનીય , સર્વાત્મા, નિરંજન, નિરાકાર, સર્વજ્ઞ, સર્વવ્યાપી, સનાતન અને અલક્ષ્ય પરમાત્મા એટલે પરબ્રહ્મ - એવા ગહન વિષયો શ્રેષ્ઠ મહાતપસ્વી જીવન્મુક્ત ઋષિઓની વાણીમાં ગ્રંથસ્થ છે. છેવટે દરેક જીવે વ્યાપક પરબ્રહ્મસ્વરુપે જ છે, એવું અનેક દ્રષ્ટાંતો દ્વારા ઉપનિષદોમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.[10]

ઉપનિષદોની બ્રહ્મવિદ્યાના મહામંત્રો સમા ઈશોપનિષદ્માં 'ઈસાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ - જગતમાં જે કાંઈ જડ - ચેતન વસ્તુ છે , સર્વની અંદર અને બહાર ઈશ્વર રહેલો છે',ઐતરેય ઉપનિષદ્માં 'પ્રજ્ઞાનં બ્રહ્મ - બ્રહ્મ શુધ્ધ જ્ઞાનમય તત્ત્વ છે', છાંદોગ્ય ઉપનિષદ્માં ' તત્ત્વમસિ - તું (જીવ ) તે (બ્રહ્મ) છે' જેવા મહાવાકયો મળે છે. તૈત્તરીય ઉપનિષદ્ બ્રહ્મને આનંદમય વસ્તુ ગણાવે છે. બૃહદારણ્યકના તત્ત્વનિષ્ઠ મહર્ષિ 'અહમ્ બ્રહ્માસ્મિ - હું બ્રહ્મ છું ' એવા શુધ્ધ અનુભવવાચક મહાવાકયની સ્થાપના કરે છે. તો માંડૂક્ય મુનિ 'અયમાત્મા બ્રહ્મ - આ આત્મા બ્રહ્મ છે' કહે છે. ઋગ્વેદની શાંખાયન અથવા કૌષીતકી શાખાના વિચારક રાજર્ષિ ગાર્ગ્યાયને સગુણ-બ્રહ્મવાદનું અને પ્રાણ-બ્રહ્મવાદનું જ્ઞાન કરાવ્યું છે તો પ્રાણ-બ્રહ્મવાદને પ્રજ્ઞા-બ્રહ્મવાદમાં ચઢાવીને 'પ્રજ્ઞાનં બ્રહ્મ'-મહાવાકયની સાબિતિ આપનાર છે રાજર્ષિ પ્રતર્દન દૈવોદાસિ. જીવ, આત્મા અને પરમાત્માના સમન્વયમાં - શુધ્ધ એક તત્ત્વના ચિંતનમાં પૂર્ણ પરબ્રહ્મ છે, એવો છેવટનો નિર્ણય ઉપનિષદોમાં આપેલો છે. પશ્ચિમના તત્વચિંતકો કાન્ટ શોપનહોર, ઈમર્સન, મેકસમૂલર વગેરેએ પણ આ જ મહાગ્રંથોમાંથી પ્રેરણા મેળવી છે.

અધ્યાત્મના અનુષંગે ' ભક્તિ'નું મૂળ પણ આપણને ઉપનિષદોમાં જ મળે છે. તૈત્તિરીય ઉપનિષદ્માં તો પરમતત્ત્વનું ઈન્દ્રિયગ્રાહ્ય સ્વરુપ વર્ણવાયું છે-

---

(૧૦) એકાદશ ઉપનિષદો, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ૧૯૪૬,'નિવેદન' પૃષ્ઠ-૧

'રસો વૈ સઃ રસો હિ એવાયં લબ્ધ્વા આનંદી ભવતિ '
-તે નિશ્ચય રસ જ છે. આ રસને પામીને પુરુષ આનંદયુક્ત થઈ જાય છે.[૧૧] આમાં જ યોગીનો ખેચરી મુદ્રામાં અને ભક્તોને જિહ્વાગ્રે ઝરતા મધુર રસની માન્યતાનાં મૂળ જડે છે. તૈત્તિરીય ઉપનિષદ્ ઉપરાંત કઠોપનિષદ્ અને મુણ્ડકોપનિષદ્માં પણ પરમતત્ત્વની ઉપાસના અને પરમતત્ત્વના અનુગ્રહના પ્રેમલક્ષણાભક્તિનાં મૂળ જડી આવ્યાં છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્માં પરમેશ્વરમાં શ્રદ્ધાના અર્થમાં 'ભક્તિ' શબ્દ પ્રયોજાયો છે.[૧૨] આ જ ઉપનિષદ્માં પ્રપત્તિનો નિર્દેશ પણ મળે છે. તે પછી તૈત્તિરીય, બૃહદારણ્યક આદિ ઉપનિષદોમાં ભક્તિના સ્વરુપની સ્પષ્ટ પ્રતીતિ મળે છે. ઉપનિષદ્કાળમાં નિવૃત્તિપરક અને કર્મપરક જ્ઞાનમાર્ગ એવા બે માર્ગો મળે છે.જેમાંથી પહેલામાંથી સંન્યાસ અને બીજામાંથી ભક્તિમાર્ગનો વિકાસ થયો છે. પ્રથમમાં વૈરાગ્ય અને બીજામાં હૃદયભાવની પ્રબળતાને પ્રાધાન્ય અપાયું છે.[૧૩] વિદ્વાનો નાં મત પ્રમાણે ઉપનિષદકાળથી શ્રીમદ્ ભગવદ્ગીતા ના સમય સુધી વેદનિર્દિષ્ટ દ્રવ્યયજ્ઞને સ્થાને જ્ઞાનયજ્ઞની પ્રતિષ્ઠા થવા માંડી હતી. આમાં જ્ઞાનકર્મની સાથે સાથે મનનો બોધક અને ભાવકાત્મક વૃત્તિ પણ ચાલતી હતી. આ દરેક પદ્ધતિઓ-જ્ઞાન, ભક્તિ,કર્મ, યોગ, સંન્યાસનું નિરુપણ આપણને ભગવદ્ગીતામાં મળે છે.

આમ ઉપનિષદ્નું જ્ઞાનપરક અને ભક્તિપરક અધ્યાત્મ ભાગવત અને ગીતામાં વધુ સ્પષ્ટ બને છે. અહીં કૃષ્ણભક્તિના આરંભ સાથે અવતારપૂજા પણ ઉમેરાય છે. વિષ્ણુના અવતારોની કલ્પના પાણિની પહેલાં અસ્તિત્વમાં આવી હતી.[૧૪] પુરાણોમાં કોઈને કોઈ દેવના અવલંબન દ્વારા ઉપાસના કરવાના નિર્દેશો છે.હરિવંશ, બ્રહ્મપુરાણ, વિષ્ણુપુરાણ , ભાગવતપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, ગર્ગસંહિતા, શિવપુરાણ, દેવીપુરાણ ઈત્યાદિમાં ઉત્તરોત્તર વિવિધ દેવદેવીઓની ભક્તિનો વિકાસ જોઈ શકાય છે. વૈદિક દેવોમાંથી જ ક્રમશઃ વિકાસ પામેલી મુખ્ય ત્રણ ધારાઓમાં વૈષ્ણવભક્તિ, શૈવભક્તિ અને શાક્તભક્તિ અગિયારમીથી પંદરમી સદી દરમ્યાન જોવા મળે છે. ઉપનિષદ્નું પરમતત્ત્વ બ્રહ્મ ; વૈષ્ણવોમાં વિષ્ણુ નામથી ઓળખાય છે, શૈવમાં શિવ અને શાક્તમાં શક્તિ નામે ઓળખાય છે. વિષ્ણુભક્તિમાં પ્રેમલક્ષણાભક્તિને સ્થાન છે તેમ શિવભક્તિમાં ધ્યાન-યોગનું મહત્વનું સ્થાન છે. શિવ અને શાક્ત પરંપરામાં ભક્તિ અને સાધનાને પણ સામેલ કરવામાં આવે છે.

'તત્ત્વ'ની મીમાંસામાં રોકાયેલા ભારતીય દર્શનો પણ અધ્યાત્મભાવને પણ સંકોરવામાં અને પરિષ્કૃત કરવામાં મહત્ત્વનો ફાળો છે. અહીં 'તત્ત્વ'ની મીમાંસામાં આત્મતત્ત્વ , પરમતત્ત્વ કે બ્રહ્મતત્ત્વ અને દૃશ્યમાન જગતનો મુખ્યત્વે વિચાર કરવામાં આવે છે. વેદનિર્દિષ્ટ પ્રમાણને સ્વીકારનારાં દર્શનો આસ્તિક અને આવાં પ્રમાણોનો સ્વીકાર ન કરનારાં દર્શનો નાસ્તિક કહેવાય છે. ઘણા તેને વૈદિક કે અવૈદિક દર્શનો પણ ગણાવે છે . ષડ્દર્શનના નામે ઓળખાતા સામાન્ય રીતે છ દર્શનો છે પણ જુદા જુદા નિર્દિષ્ટ મતોના આધારે આ છ દર્શનોમાં પણ જુદાં જુદાં નામોનો ઉલ્લેખ જડે છે.

---

૧૧. તૈત્તિરીય ઉપનિષદ્, અનુ.શ્રી વાસુદેવ મહાશંકર જોષી, ૧૯૭૮,પૃષ્ઠ-૧૨૮-૧૨૯
૧૨. શ્વેતાશ્વતર ઉપનિષદ , અનુ. શ્રી.વાસુદેવ મહાશંકર જોષી , ૧૯૮૫ ,પૃષ્ઠ-૧૦૪
૧૩. મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા , ડો. જગદીશ શાહ, ૧૯૮૧, પૃષ્ઠ-૩
૧૪. એજન . પૃષ્ઠ - ૧૮

ષડ્દર્શનમાં સામાન્ય રીતે સાંખ્ય, યોગ,ન્યાય વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તર મીમાંસા (વેદાન્ત) સમજવાની પ્રથા છે. શ્રી. નગીન જી. શાહના જણાવ્યા પ્રમાણે ખરેખર તો ૧૯ દર્શનો મુખ્ય છે. જેમાં ચાર્વાક, જૈન, બૌધ્ધ દાર્શનિક સંપ્રદાયો પૈકી થેરવાદ, સર્વાસ્તિવાદ (વૈભાષિક), સૌત્રાન્તિકવાદ, શૂન્યવાદ, યોગાચાર(વિજ્ઞાનવાદ), બૌધ્ધ ન્યાયવાદ ઉપરાંત સાંખ્ય, યોગ, ન્યાય,વૈશેષિક , પૂર્વમીમાંસા તથા વેદાંતના પાંચ સંપ્રદાયો પૈકી શંકરાચાર્યનો અદ્વૈતવાદ , રામાનુજાચાર્યનો વિશિષ્ટદ્વૈતવાદ , નિમ્બાર્કાચાર્યનો દ્વૈતાદ્વૈતવાદ ,માધ્વાચાર્યનો દ્વૈતવાદ અને વલ્લભાચાર્યનો શુધ્ધાદ્વૈતવાદ તથા કાશ્મીરીય શૈવદર્શનનો સમાવેશ છે.

આ પૈકી ચાર્વાક ,જૈન અને બૌધ્ધ દર્શનો અનીશ્વરવાદી છે . ચાર્વાક-દર્શન ભૂતવાદી છે. તે આત્માનો સ્વતંત્ર તત્ત્વ તરીકે સ્વીકાર કરતું નથી. તેને મતે પૃથ્વી વગેરે ભૂતોનું અમુક રીતે સંમિશ્રણ થવાથી તે ભૂતોમાંથી જ ચેતના આવિર્ભાવ પામે છે. ઈશ્વર, પરલોક એ કોરી કલ્પનાઓ છે.

જૈનો સતને પરિણમનશીલ ગણે છે. આત્મા પણ આમાં અપવાદ નથી. તેઓ આત્મવાદી છે પરંતુ આત્મા એક નથી . પ્રત્યેક શરીરમાં જુદો જુદો આત્મા છે અને તે એકબીજાથી પૂર્ણ સ્વતંત્ર તથા સ્વતઃસિધ્ધ છે. જૈનો અનેકાન્તવાદી છે. વસ્તુ અનંત-ધર્માત્મક છે. તેઓ વ્રત ,તપ અને અહિંસા ઉપર ભાર મૂકે છે. અનંત જ્ઞાન, દર્શન ,સુખ, વીર્ય, આત્માના સ્વભાવભૂત છે, કર્મનાં આવરણો સંપૂર્ણ દૂર થતાં તેમનું આનન્ત્ય પ્રગટ થાય છે. તેઓ પૂર્વજન્મ, પરલોક, સ્વર્ગ-નર્ક વગેરે સાચું માને છે. આત્મા સંકોચ-વિકાસશીલ હોવાથી કીડી અને હાથીના શરીરમાં તેમનાં કદ જેટલો વધ-ઘટ છે. ચોવીસ તીર્થંકરો નિશ્ચિત કાલાવધિમાં ભગવાન થાય છે પણ તેમનું શાસન તે કાળ પૂરતું જ ચાલે છે . કર્મોના ક્ષય થયા પછી મોક્ષ થાય છે, માટે ત્યાગ અને તપ કર્મમાંથી છૂટવાનો મુખ્ય માર્ગ છે.

બૌધ્ધદર્શન માને છે કે વ્યકિત દુઃખી છે એ સત્ય છે . તેના દુઃખને દૂર કરવું એ જ સાધના છે, એ જ ધર્મ છે. તે માટે ચાર આર્ય સત્યોની ઘોષણા કરી છે-દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ . દુઃખ સત્ય છે અને સકારણ છે. દુઃખના કારણો રાગદ્વેષાદિ સમુદય છે . આ દુઃખનાં કારણોને મંદ કે નાશ કરવાથી દુઃખ શિથિલ કે નિર્મૂળ થાય છે. કારણોને મંદ કે નિર્મૂળ કરવાનો ઉપાય સાધના છે જેને માર્ગ કહેવામાં આવે છે. માર્ગ અથવા સાધના જયારે સિધ્ધિની કક્ષાએ પહોંચે છે ત્યારે નિરોધ પ્રાપ્ત થાય છે, એટલે કે રાગદ્વેષાદિ દ્વંદ્વોથી મુકિત મળે છે. વ્યકિત, જીવન્મુકત, ગીતાના દર્શન મુજબ સ્થિતપ્રજ્ઞ બને છે . બૌધ્ધો ઈશ્વર , સ્વર્ગ, નર્ક, પરલોકને માનતા નથી. ભગવાન બુધ્ધના ઉપદેશોના પોતપોતાની બુધ્ધિ પ્રમાણે અર્થ કરવાને પરિણામે નીકળેલાં જુદાં જુદાં દર્શનોમાં થેરવાદીઓ પ્રત્યેક પદાર્થને ક્ષણિક, નાશવંત અને અનાત્મ માને છે. તેઓ પ્રત્યક્ષ વિચાર એટલે કે વર્તમાન જ્ઞાનમાં માનતા હોઈ ક્ષણિકવાદનો અંશતઃ ત્યાગ કરે છે .

સૌત્રાન્તિક દર્શન પરમાણુઓના સમૂહથી વિશ્વ રચાયેલું માને છે. બધું જ ક્ષણિક છે. કશું શાશ્વત નથી. આત્મા (ચિત્તધારા) પણ ક્ષણિક છે. ક્ષણિકતા દ્વિક્ષણાવ-સ્થાયી હોય છે. પ્રત્યેક વસ્તુ પ્રથમ ક્ષણમાં ઉત્પન્ન થાય છે અને બીજી ક્ષણમાં નષ્ટ થાય છે. ઉત્પત્તિ - નાશનો ક્રમ નિરંતર ચાલ્યા કરે છે. તેનો કોઈ કર્તા કે નિયામક નથી. સત્યની પરિભાષા ' અર્થક્રિયાકારિત્વં સત્યમ્ ' એવી આપે છે. આથી વિશ્વ ક્રિયાયુકત હોઈ સત્ય છે . આત્મા કે બ્રહ્મ નિષ્ક્રિય હોઈ તેનું અસ્તિત્વ નથી. બૌધ્ધ-દર્શનો આત્માને ચિત્તધારા કહે છે. ચૈતન્યની પણ ધારા ચાલે છે. જીવ માત્રનું ધ્યેય

નિર્વાણ છે - મોક્ષ છે. મોક્ષમાં આત્માનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે. તેમનું માનવું છે કે જેમ પ્રત્યેક ક્ષણમાં દીવાની કળીનો જેમ નવું તેલ પ્રાપ્ત કરીને સતત દીપકરૂપથી દેખાય છે તેમ ચિત્‌ધારા પણ પ્રત્યેક ક્ષણમાં નવી ચેતના દ્વારા એકધારી અનુભવાય છે. દીપક ઉત્પન્ન થયો અને નષ્ટ થયો એવું નથી દેખાતું તેમ ચિત્‌ધારાનો પ્રવાહ સતત ચાલુ રહેતો હોવાથી તેમાં સાતત્યનો અનુભવ થાય છે . ખરેખર તો ચિત્‌ધારા પણ ઉત્પત્તિ - વિનાશના ક્રમથી જ અસ્તિત્વ ધરાવે છે. આમ વાસનાનો પૂર્ણ ક્ષય ન થાય ત્યાં સુધી માણસ જન્મ, મૃત્યુ અને પૂર્વજન્મને પામતો રહે છે. પરંતુ વાસનાનો સંપૂર્ણ ક્ષય થઈ જતાં દીવામાં તેલ ખૂટી પડતાં હોલવાઈ જાય છે તેમ જ વ્યક્તિ મોક્ષ પામે છે. દીવો હોલવાઈને ક્યાંય નથી જતો તેમ માયાની સમાપ્તિ સાથે આત્મા પણ સમાપ્ત થઈ જાય છે.

વૈભાષિક દર્શન, સૌત્રાન્તિક દર્શન જેવું જ છે આથી ઘણાં તેમને એક જ દર્શન ગણે છે. વૈભાષિકો માને છે કે પદાર્થ પ્રત્યક્ષ નથી પરંતુ અનુમેય છે. બાહ્ય પદાર્થોનો સીધો અનુભવ આપણને નથી થતો પરંતુ અંતરમાં તેના પ્રતિબિંબ યા સ્ફૂર્તિનો અનુભવ થાય છે . આટલી બાબતમાં વૈભાષિક દર્શન સૌત્રાન્તિક દર્શન કરતાં જુદું પડે છે.

યોગાચાર અથવા વિજ્ઞાનવાદનો ઉદય બૌદ્ધદર્શન વિશ્વવાદીઓ અને ઈશ્વરવાદીઓ સામે ટકી શક્યું નહીં ત્યારે બૌદ્ધદર્શનની નવી દાર્શનિક પરંપરા લેખે થયો. તેઓ માને છે કે વિશ્વ છે જ નહિ વિશ્વની ત્રણેકાળમાં સત્તા જ નથી અને માત્ર આત્મા - ચિત્‌ધારા જ છે . અત્યારે જેને આપણે અદ્વૈતવાદ કહીએ છીએ તેનાં મૂળ વિજ્ઞાનવાદમાં પડેલાં છે. બન્ને માન્યતાઓ પ્રમાણે જગત નથી , માત્ર આત્માની જ સત્તા છે. પરંતુ યોગાચારમાં આત્મા ક્ષણિક માન્યો છે , અદ્વૈતવાદમાં તેને સ્થાયી માન્યો છે.

શૂન્યવાદીઓએ એવો નિર્ણય જાહેર કર્યો કે જગતમાં કશું જ નથી ,જડ પણ નથી તેમ ચેતન પણ નથી , માત્ર શૂન્ય જ છે. બૌદ્ધોએ શરુઆતમાં ઈશ્વરનો અસ્વીકાર કરી જગતનો સ્વીકાર કર્યો, વળી આત્મા (ક્ષણિક)નો પણ સ્વીકાર કર્યો. ત્યારપછી ક્ષણિક આત્મા તો છે પણ જગત અનુમેય છે એમ કહી જગત સત્ય હોવાની માન્યતા શિથિલ બનાવી . ત્યારપછી આત્મા જ છે , જગત જેવી કોઈ વસ્તુ જ નથી એમ કહ્યું અને છેલ્લે આત્મા કે જગત કશું જ નથી, બધું શૂન્ય જ છે. આમ ઈશ્વરના અસ્વીકારથી આરંભી સર્વનો અસ્વીકાર કરવા સુધી આ દર્શન પહોંચ્યું. વાસનાથી જેમ બાહ્ય પદાર્થો અનુભવમાં આવે છે, વસ્તુતઃ તેમની સત્તા નથી તેમ આત્મા પણ અજ્ઞાનથી કે વાસનાથી જ છે , વસ્તુતઃ તેની પણ પદાર્થમાં સત્તા નથી. એટલે સ્વર્ગ, નર્ક, પુનર્જન્મ, મોક્ષ વગેરે બધું ભ્રાન્તિમય છે. સ્વામી સચ્ચિદાનંદના મતે શંકરાચાર્ય ઉપર અને મારા મંતવ્ય મુજબ શ્રી અરવિંદ ઉપર પણ બૌદ્ધદર્શનનો પ્રભાવ જણાઈ આવે છે. સ્વામી સચ્ચિદાનંદનાં જણાવ્યા અનુસાર બૌદ્ધ શૂન્યવાદની અસર આપણા નિરાકાર, નિર્ગુણવાદના ભક્તો પર પણ જોઈ શકાય છે. ઘણાં પ્રાચીન ભજનોમાં ' શૂન્યશિખર ' 'શૂન્યશિખર 'પર સુરતા સમાણી 'એવા શબ્દો જડે છે. આ શૂન્ય એટલે 'હું', 'તું', અને ' તે' એમ ત્રણેની સમાપ્તિની દશાનું નામ છે . યોગસૂત્રોમાં તેને ' નિર્વિકાર સમાધિ' કહી છે, જયાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય આ ત્રણેમાંથી ધ્યેય જ માત્ર રહી જાય છે . અહંકારની શૂન્યતામાં બાકીનું બધું અભાવરૂપ બની જાય . યોગની આ દશામાં યોગી આજ્ઞાચક્રનું ભેદન કરીને છેક બ્રહ્મરંધ્રરૂપી શિખર ઉપર પહોંચે છે. તેને શૂન્ય એટલા માટે કહ્યું છે કે ત્યાં પછી સુરતારૂપ વૃત્તિ યા દૃષ્ટિનું શમન થઈ જાય છે -માત્ર શૂન્યતાનો જ અનુભવ થાય છે. આને પરમસમાધિ પણ કહે છે. આમ શૂન્યનો પ્રભાવ નિર્ગુણી ઉપાસના

સાહિત્યમાં જોઈ શકાય છે. જોકે આ દશા માત્ર વ્યકિત-વિશેષનો જ છે. વ્યકિત પોતે જ આવું અનુભવી શકે છે, સમષ્ટિ માટે આવો અનુભવ ન થઈ શકે, તેમ પદાર્થો માટે પણ ન થઈ શકે.[૧૫]

બૌધ્ધ ન્યાયવાદીઓનું સૂત્ર છે 'પ્રમાણ વિના પ્રમેયનો સ્વીકાર થઈ શકે નહીં' અર્થાત્ જયાં સુધી કોઈ પણ વસ્તુનું લક્ષણ તથા પ્રમાણ ચોક્કસ રીતે ન કરવામાં આવે ત્યાં સુધી તે વસ્તુને માન્ય ન કરી શકાય . આ બૌધ્ધ ન્યાયવાદ મુજબ જગતનો (બાહ્ય પદાર્થો ) નો અભાવ નથી કારણકે તેનો ઉપલબ્ધિ થાય છે. પ્રત્યક્ષાદિ બધાં પ્રમાણોથી જગત પ્રમાણીભુત થાય છે. તે નથી એમ કહેવાનો કશો અર્થ નથી. જો બાહ્ય પદાર્થોની સત્તા ન હોય તો આત્માની સત્તાનો કશો અર્થ નથી . શરીર વિના આત્માનો સહેજ પણ અનુભવ કે એનું ભાન થતાં નથી. વિશ્વ વિના માત્ર ચૈતન્યની સાબિતી પણ કેવી રીતે થશે ? અને કદાચ થાય તો પણ તેનો કશો જ અર્થ નથી જણાતો . બૌધ્ધ ન્યાયવાદીઓએ પ્રત્યક્ષપ્રમાણ માટેનાં લક્ષણો બનાવવા પ્રયત્નો કર્યા તે પ્રણાલી આગળ ચાલી નૈયાયિકો અને નવ્ય નૈયાયિકોએ ખૂબ જ જટિલ , અગમ્ય અને અસ્પષ્ટ ભાષાવાળાં લક્ષણો બનાવ્યાં.

સાંખ્યદર્શનમાં સાંખ્ય શબ્દ ' સંખ્યા' ઉપરથી બન્યો છે . ચોવીસ પ્રાકૃતિક તત્ત્વો તથા પચીસમો પુરુષ એમ પચીસ તત્ત્વો જ માનવાથી સાંખ્ય નામ રાખવામાં આવ્યું છે . આ પચીસ તત્ત્વો છે - મૂળ પ્રકૃતિ, મહત્ તત્ત્વ , અહંકાર, પાંચ તન્માત્રાઓ , પાંચ જ્ઞાનેન્દ્રિયો , પાંચ કર્મેન્દ્રિયો , મન, પાંચ મહાભૂત અને પુરુષ. આમ એક પ્રકૃતિ પોતે અને બીજા ૨૩ પ્રકૃતિથી જ ઉત્પન્ન થનારાં તત્ત્વો મળીને કુલ ૨૪ અને પચીસમો પુરુષ અર્થાત્ આત્મા છે . સાંખ્યશાસ્ત્રનાં મૂળ તો બે જ તત્ત્વો ગણાયાં છે: પુરુષ અને પ્રકૃતિ . પ્રકૃતિ જડ છે ત્રિગુણાત્મક છે . સત્વ - રજસ્ - તમસ્ ત્રણ ગુણો દ્રવ્યરુપ છે, પ્રકૃતિના સ્વભાવરુપ છે અને અનુક્રમે સુખાત્મક, દુ:ખાત્મક અને મોહાત્મક છે . પુરુષ ચેતન છે તે અપરિણામી છે. તે બુધ્ધિ કે જ્ઞાનનું સ્વરુપ નથી . અનાહત, ત્રિગુણાતીત અને એક નહીં પણ અનેક છે. પુરુષ ચેતન અથવા જડમાંથી કોઈનું ય કારણ તથા તે પોતે કોઈનું કાર્ય ન હોવાથી તેને કારણ-કાર્યરહિત માન્યો છે. સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ કારણ પ્રકૃતિ છે. અવિદ્યાને કારણે પ્રકૃતિ અને પુરુષનો સંયોગ છે . સંયોગને પરીણામે પ્રકૃતિમાંથી બુધ્ધિ વગેરેની સૃષ્ટિ થાય છે. પછી બુધ્ધિનું પુરુષમાં અને પુરુષનું બુધ્ધિમાં પ્રતિબિંબ પડે છે. આને કારણે પુરુષ પરિણામી ન હોવા છતાં પરિણામી લાગે છે. માટે જ પ્રકૃતિ અચેતન હોવા છતાં ચેતન જેવી લાગે છે. જયારે અવિદ્યા દૂર થાય છે ત્યારે તેને કારણે થયેલો સંયોગ દૂર થાય છે. પરિણામે પ્રકૃતિમાંથી બુધ્ધિ વગેરેની સૃષ્ટિ અટકી જાય છે, એટલે પુરુષ અને બુધ્ધિનું એકબીજામાં પ્રતિબિંબ પડવાનો પ્રશ્ન જ રહેતો નથી , પુરુષ સ્વરુપમાં જ સ્થિર થઈ જાય છે , આ જ મુકિત છે. પ્રાચીનકાળમાં સાંખ્યદર્શનને મોક્ષશાસ્ત્ર ગણવામાં આવતું હતું. પ્રત્યેક મુમુક્ષુ સાંખ્યશાસ્ત્રનું અધ્યયન કરતો . ભગવાન બુધ્ધ પણ સાંખ્યશાસ્ત્ર ભણ્યા હતા.[૧૬] સાંખ્યો એક જન્મમાંથી બીજા જન્મમાં સંસ્કારોનાં વાહકરુપ સૂક્ષ્મ શરીરને સ્વીકારે છે, તે સર્ગથી માંડી પ્રલય સુધી પ્રવાહરુપે એક જ છે. તેના પ્રવાહનો વિચ્છેદ સર્ગ દરમ્યાન થતો નથી.[૧૭] તેના ઘટકો મહત્થી માંડી પાંચ તન્માત્રાઓ સુધીનાં તત્ત્વો

---

૧૫. ભારતીય દર્શનો ,સ્વામી સચ્ચિદાનંદજી , ૧૯૭૬, પૃષ્ઠ-૧૧૩-૧૧૪

૧૬. એજન, પૃષ્ઠ-૧૩૨-૧૩૩

૧૭. ષડ્દર્શન (પ્રથમખંડ),સાંખ્યયોગ, નગીન જી. શાહ, ૧૯૭૩,પ્રવેશક પૃષ્ઠ-૧૩

છે. આ સાંખ્યદર્શનની પ્રક્રિયામાં ઈશ્વરને સ્થાન નથી. પ્રકૃતિ સ્વયં વિશ્વની રચના કરી શકે છે. બૌધ્ધ-જૈન બન્ને દર્શનો ઉપર આ દર્શનની છાપ જોઈ શકાય છે. સાંખ્યનો બીજો પક્ષ 'સેશ્વર સાંખ્ય' સાંખ્યની બધી જ બાબતો માન્ય રાખવા સાથે ઈશ્વરનો સ્વીકાર પણ કરે છે. સાંખ્યનું જોડિયું દર્શન યોગદર્શન તો સ્પષ્ટ રીતે ઈશ્વરવાદી છે. પરંતુ તેમનો ઈશ્વર જગતનો સ્રષ્ટા, પાલક કે સંહારક નથી. તેમના મતે આ બધું તો પ્રધાન (પ્રકૃતિ) જ આપોઆપ કરે છે. જે ક્લેશ, કર્મવિપાક તથા વાસનાથી મુકત હોય તે જ ઈશ્વર કહેવાય. આમ મુકત થયેલા પુરુષો ઈશ્વર બની શકતા નથી. ઈશ્વર તો મુકત થયેલા પુરુષોનો પણ ગુરુ છે. અર્થાત્ તેની ઉપાસના કરવાથી તથા જ્ઞાનથી મુકિત પામેલાં મોક્ષને પામી શકે છે. મુકત પુરુષો મુકિત પામે છે જયારે ઈશ્વર તો કાલનિરપેક્ષ છે. ઈશ્વર સહુનો સ્વામી છે અને સહુનો માર્ગદર્શક છે. સેશ્વર સાંખ્યવાદીઓની ઈશ્વર વિશેની માન્યતા આવી છે[૧૮].

યોગદર્શન ઈશ્વરવિશિષ્ટ સાંખ્યથી બધી જ દાર્શનિક પ્રક્રિયાનો સ્વીકાર કરે છે. જગતની રચનાથી માંડીને મોક્ષ સુધીનું બધું જ સાંખ્યમાન્ય તત્ત્વ તેને સ્વીકાર્ય છે. માત્ર અંતિમ તત્ત્વ મોક્ષને પ્રાપ્ત કરવા શું શું કરવું જોઈએ તેના ઉપર જ આ દર્શનમાં વિશેષ વિચાર હોવાથી આ દર્શન સાધન પ્રધાન દર્શન બન્યું છે. મહર્ષિ પતંજલિના 'યોગસૂત્ર'માં દરેક માર્ગના સાધક માટે પર્યાપ્ત ભાથું છે. અવિદ્યા કે અવિવેક તુચ્છ નથી, તેને દૂર કરવા સાધના -યોગ -જરૂરી છે. આ અષ્ટાંગયોગના આઠ અંગો - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ છે. લૌકિક કે અલૌકિક ચીજોની કે શકિતઓની પ્રાપ્તિઓની આકાંક્ષા રાખ્યા વિના કેવળ રાગ, દ્વેષ વગેરે ક્લેશોથી મુકત થવાના પ્રયોજનથી જ આ આઠેય અંગોનો સતત અભ્યાસ કરવામ આવે તો વિવેકજ્ઞાનનો ઉદય થાય છે. યોગદર્શન એક અદ્ભૂત ચિંતશાસ્ત્ર છે. બાકી યોગના દાર્શનિક સિધ્ધાંતો તો સાંખ્યના જ છે. સાધકના ધ્યાનના અનેક વિષયોમાંના એક વિષય તરીકે ઈશ્વરનો સ્વીકાર યોગદર્શને કર્યો છે.

ન્યાય અને વૈશેષિક દર્શનો વૈદિક પરંપરાનાં દર્શનોમાં મહત્ત્વનાં છે. આ બંને દર્શનો મુખ્યતઃ પ્રમાણ તથા પ્રમેય વસ્તુઓનાં વિચારને પ્રાધાન્ય આપે છે. આ બંને મૂળમાં જુદાં જુદાં દર્શનો આજે એક જેવાં થઈ ગયાં છે, જેમાં પ્રમેય વૈશેષિકનાં અને પ્રમાણ નૈયાયિકનાં લેવામાં આવે છે. ભૂત-ભૌતિક દ્રવ્યોનાં વિચારમાં આ દર્શનકારોએ ઘણો શ્રમ કર્યો હોવાથી તેમને પ્રાચીન વૈજ્ઞાનિકો પણ કહી શકાય[૧૯]. જગતની ઉત્પત્તિનું કારણ પ્રકૃતિ અથવા પ્રકૃતિવિશિષ્ટ પરમાત્માને બદલે આ દર્શન જગતની રચના પરમાણુઓથી થયેલી માને છે. પરમાણુવાદનો સ્વીકાર બૌધ્ધો, જૈનો વગેરેએ પણ કર્યો છે. કહેવાય છે કે જયાં સુધી જૈનોના સ્વતંત્ર દર્શનનો વિકાસ નહોતો થયો ત્યાં સુધી તેઓ કણાદના વૈશેષિક દર્શનને આધાર માનીને ચાલતા હતા[૨૦]. તેઓ માને છે કે પ્રલયકાળમાં પણ અસંખ્ય પરમાણુ તો હોય જ છે. આ પરમાણુ દ્વયણુકાદિરુપ બની જાય તો સૃષ્ટિની રચના થઈ જાય. એટલે તેમને તેમ થતાં અટકાવવા પ્રત્યેક પરમાણુ સાથે એક 'વિશેષ' નામનો પદાર્થ રહે છે જે તેમને પૃથક્ રાખ્યા કરે છે, અને જયારે સૃષ્ટિનું સર્જન થવાનું હોય ત્યારે તે 'વિશેષ' પદાર્થ ખસી જાય છે જેથી દ્વયણુકાદિની રચના

---

૧૮. ભારતીય દર્શનો, સ્વામી સચ્ચિદાનંદજી, ૧૯૭૬, પૃષ્ઠ-૧૩૫-૧૩૬
૧૯. એજન, પૃષ્ઠ-૧૪૧
૨૦. એજન, પૃષ્ઠ-૧૪૨

/

થવા લાગે છે. 'વૈશેષિક' નામ આ 'વિશેષ' પરથી પડ્યું છે. પદાર્થ સાથે તેનો સંબંધ સમવાયરૂપે હોય છે. આમ આ દર્શન દ્વૈતવાદી છે. સાંખ્ય, યોગ, મીમાંસા અને વૈષ્ણવી દર્શનો પણ દ્વૈતવાદી જ છે. તેઓ જળના બિંદુ અને સાગરની જેમ આત્મા અને પરમાત્માની સજાતીયતા હોવા છતાં રૂપ, ગુણ, સામર્થ્યનું જુદાપણું માને છે. આત્મા અલ્પજ્ઞ, અલ્પશક્તિ છે, પરમાત્મા સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે. ન્યાયવાદીઓનું અનીશ્વરવાદી બૌદ્ધો સામે વિજયી જંગ ખેલવામાં અને ભૌતિક ક્ષેત્રમાં નવી દૃષ્ટિ આપવામાં મહત્ત્વનું પ્રદાન છે. ભૌતિક વિકાસને આધ્યાત્મિક વિકાસનો સહાયક બનાવવો જોઈએ.[૨૧]

વેદની ઋચાઓની અસ્પષ્ટતાને સ્પષ્ટ કરવા જે દર્શનો રચાયાં તેમનાં નામ પૂર્વમીમાંસા તથા ઉત્તરમીમાંસા પડ્યાં. કર્મકાંડને લગતી શ્રુતિઓના સમાધાન માટે પૂર્વમીમાંસા તથા ઉપાસનાને લગતી શ્રુતિઓના સમાધાન માટે ઉત્તરમીમાંસા રચાયાં. પૂર્વમીમાંસા માટે મીમાંસાદર્શન અને ઉત્તરમીમાંસા માટે વેદાંત એવા નામો પ્રચારમાં છે. મીમાંસાદર્શન મુખ્યતઃ પુરોહિત બ્રાહ્મણનું શાસ્ત્ર છે. જ્યારે વેદાંતએ વૈદિક પરંપરાનું છેલ્લું અને મહત્ત્વનું દર્શન છે. તેનાં બ્રહ્મસૂત્ર, વેદાંતદર્શન, શારીરિક-સૂત્ર વગેરે નામો પણ છે. 'બ્રહ્મસૂત્ર'ના રચયિતા ઋષિ કૃષ્ણદ્વૈપાયન બાદરાયણ છે. 'બ્રહ્મસૂત્ર' મુખ્યતઃ સાધનગ્રંથ છે. બ્રહ્મના સ્વરૂપવિચાર માટે રચાયેલા આ ગ્રંથનું કથ્ય બ્રહ્મ તથા સાધ્ય મોક્ષ છે. પરંતુ તેનાં ઉપરનાં ભાષ્યોએ ઘણી ગૂંચવણો ઊભી કરી છે. બ્રહ્મસૂત્ર ઉપરનાં ભાષ્યો અદ્વૈતપરક અને દ્વૈતપરક અને અદ્વૈતાદ્વૈતપરક મળે છે.

શ્રીમદ્ શંકરાચાર્યનું ભાષ્ય અદ્વૈતપરક છે જ્યારે વૈષ્ણવાચાર્યોનાં ભાષ્યો લગભગ બધાં જ દ્વૈતપરક છે. શંકરાચાર્ય કહે છે- 'કરોડો ગ્રંથોમાં જે કહ્યું છે તેને હું અર્ધા શ્લોકમાં કહી દઉં છું કે બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે અને જીવ એ બ્રહ્મ જ છે, બ્રહ્મથી જીવ જુદો નથી'. શાંકરમતને વૈષ્ણવો માયાવાદ કહે છે. અદ્વૈતનો વૈદિક પરંપરાનો કોઈ વ્યવસ્થિત પ્રાચીન ગ્રંથ મળતો હોય તો તે ગૌડપાદાચાર્યનો છે. બૌદ્ધ-ધર્મનો વિજ્ઞાનવાદ જ ગૌડપાદનો અજાતવાદ છે એવા આક્ષેપો પાયા વિનાના નથી. અજાતવાદ માને છે કે વિશ્વ થયું જ નથી. 'યોગવશિષ્ઠ' ગ્રંથ અજાતવાદનો ટેકેદાર ગણાય છે.[૨૨] પણ વ્યવહારિકતાના અભાવે આ અજાતવાદ લોકભોગ્ય બન્યો નહિ એટલે એ જ વસ્તુને લોકોમાં પસરાવવા જે વાદ નીકળ્યો તે વિવર્તવાદ. આ મતમાં જગત, જીવ, ઈશ્વર, સ્વર્ગ - નર્ક, બંધન - મોક્ષ વગેરેનો સદંતર નિષેધ નથી. તે બધાં જ છે : પણ કાલ્પનિક હોવાથી પરમાર્થસત્ય નથી. પરમાર્થસત્યતો બ્રહ્મ જ છે. બ્રહ્મેતર બધું જ અવિદ્યાજન્ય કલ્પનાથી થયેલું હોવાથી અજ્ઞાન દશામાં જ માત્ર ભાસિત થાય છે.[૨૩] આમ શાંકર અદ્વૈત વેદાન્તમાં માયિક જગતને બ્રહ્મના વિવર્તરૂપ-પરિણામરૂપ નહિ - માનવામાં આવે છે. આથી શાંકરવેદાન્તનો કાર્યકારણનો સિદ્ધાંત વિવર્તવાદ કહેવાય છે. 'કારણ' વસ્તુઃ પોતાના સ્વરૂપમાં જ રહે છે, તેનામાં કોઈ ફેરફાર થતો નથી, પરંતુ તેના બદલાઈ જવાનો આપણને કેવળ ભ્રમ થાય છે.[૨૪]

રામાનુજાચાર્ય અનુસાર ચેતન જીવ અને જડ જગત બંને બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે. બ્રહ્મ એમનું નિમિત્ત તેમ જ ઉપાદાન કારણ પણ છે. અલબત્ત બ્રહ્મના વિના એમનું અસ્તિત્વ સંભવતું ન હોઈ એક માત્ર અદ્વૈતતત્ત્વ તો બ્રહ્મ જ કહેવાય.

---

૨૧. એજન. પૃષ્ઠ-૧૫૩. ૧૫૪. ૨૨. એજન. પૃષ્ઠ-૧૬૫. ૧૬૬, ૧૬૭.

૨૩. એજન. પૃષ્ઠ- ૧૭૦.

૨૪. ષડ્દર્શન(પ્રથમ ખંડ), સાંખ્યયોગ, નગીન જી. શાહ, ૧૯૭૩, પ્રવેશક પૃષ્ઠ-૨૨.

પરંતુ જીવ અને જડ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા હોવા છતાં તેઓ અસત્ નથી. તે બંને ઈશ્વરના શરીર જેવા છે. જેમ જીવાત્માનું સ્થૂળ શરીર અસત્ નથી તેમ તે બંને અસત્ નથી. જીવ તથા જડ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા હોવા છતાં તે બંને બ્રહ્મથી ભિન્ન છે. અર્થાત્ જેવી રીતે શરીર આત્મા નથી બની શકતું તેમ તે બંને બ્રહ્મ નથી બની શકતા આમ બ્રહ્મ યા ઈશ્વરનું અદ્વૈત સ્વરૂપ જીવ અને જડજગતના દ્વૈતરૂપથી વિશિષ્ટ છે. એટલે આ સિધ્ધાંતને વિશિષ્ટાદ્વૈત કહેવામાં આવે છે . શાંકર અદ્વૈતવેદાંતમાં જ્ઞાન ઉપર ભાર આપવામાં આવ્યો છે જ્યારે રામાનુજના વિશિષ્ટાદ્વૈત વેદાન્તમાં ભકિત ઉપર ભાર મુકવામાં આવ્યો છે.[૨૫]

દ્વૈતાદ્વૈતવેદાંતના પ્રણેતા નિમ્બાર્કાચાર્ય (૧) ચિત્ (જીવ) (૨) અચિત્ (જડ જગત ) અને (૩) ઈશ્વર આ ત્રણેને ક્રમશઃ ભોકતા , ભોગ્ય અને નિયંતા માને છે. જીવ જ્ઞાન સ્વરૂપ છે. જીવ , જગત અને ઈશ્વર આ ત્રણેય વચ્ચે સર્વથા તાદાત્મ્ય (અભેદ) સંબંધ નથી તેમજ સર્વથા ભેદ સંબંધ તો છે જ નહીં. એટલે તેમની વચ્ચે ભેદ અને અભેદ અર્થાત્ દ્વૈત અને અદ્વૈત બંને છે . માધ્વાચાર્ય સ્પષ્ટ દ્વૈતવાદી છે . અદ્વૈતનું ખંડન કરતાં તે બ્રહ્મ, જીવ અને જડ જગત ત્રણેયને નિત્ય સ્વતંત્ર પદાર્થ માને છે. જીવ અને જડ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા નથી. ઈશ્વર કર્તા અને સંહર્તા છે. પરંતુ તે પ્રાણીકર્મસાપેક્ષ કર્તા છે. કર્મ અનુસાર તે સૃષ્ટિનિર્માણ કરે છે. માધ્વાચાર્યના મતે જીવો અણુ અને અનંત છે. જીવો સ્વતંત્ર અને નિત્ય હોઈ તેઓ નથી પરબ્રહ્મનું (સાક્ષાત્ ઈશ્વરનું) પરિણામ કે નથી તેનું કાર્ય કે નથી તેનો અંશ.[૨૬]

શુધ્ધાદ્વૈત વેદાન્તના પ્રણેતા વલ્લભાચાર્ય અનુસાર જીવ, જડ અને બ્રહ્મ આ ત્રણમાંથી પહેલા બે (જીવ અને જડ) બ્રહ્મથી ભિન્ન નથી પરંતુ બ્રહ્મરૂપ જ છે. જીવ અને જડનો બ્રહ્મની સાથે એકતા સ્વતઃ છે. શુધ્ધ છે.એમાં 'માયા'નો સંપર્ક નથી. શંકરના અદ્વૈતવાદ પ્રમાણે જીવ અને જડ જગત 'માયા'ની ઉપાધિથી પ્રગટ થાય છે. જ્યારે શુધ્ધાદ્વૈતમાં જીવ અને જગત બ્રહ્મનો લીલાવિલાસ છે.[૨૭]

ઓગણીસ દર્શનોમાં કાશ્મીરીય શૈવદર્શનનો ઉલ્લેખ પણ છે. શિવભકિતના સંદર્ભો, ઉપનિષદો, પુરાણોમાં જ નહીં આર્યેતર તળ ભારતીય સંસ્કૃતિમાં પણ ઋષભદેવ નામે શિવ પુજા તથા લિંગ તથા યોનીપૂજાના ઉલ્લેખો પણ જોઈ શકાય છે. ભારતીય અધ્યાત્મ પરંપરામાં પુરાણકાળથી નિશ્ચિત થતી જતી ભકિતની ત્રણ મુખ્ય ધારાઓમાં વૈષ્ણવ, શિવ અને શાકત ધારાઓ છે. તેમાંય શિવ અને શાકત ધારા એકબીજામાં ભળતી પણજોવા મળે છે. માત્ર વૈષ્ણવોએ જ નહિ પણ શિવ ભકતોએ પણ શિવ આરાધનામાં ધ્યાનયોગ ઉપરાંત ભકિતનું માર્ગદર્શન ભગવદ્ ગીતામાંથી મેળવ્યું છે. શિવની આર્દ્ર ભકિત કરનારા ભકતો પણ દાસ્ય ભકિતથી આગળ વધી શકયા નથી. આ શિવભકિતની પરંપરામાં કાશ્મીરીય શૈવધર્મ ત્રિકશાસ્ત્ર કહેવાય છે અને સાધારણ શૈવધર્મને શિવશાસન કે શિવાગમ કહે છે. આ સાધારણ શૈવધર્મથી ત્રિકમતને જુદો પાડવા તેને રહસ્યના સંપ્રદાય પણ કહેવામાં આવે છે. જુના શૈવમતો દ્વૈતવાદી છે. તેમાં શિવ અને જીવ જુદા માનવામાં આવે છે. જ્યારે આ ત્રિકમત અદ્વૈતવાદી છે. તેનો મુખ્ય ગ્રંથ 'શિવસૂત્ર' જે ' શિવોપનિષદ્‌સંગ્રહ ' કે ' શિવ- રહસ્યાગમ' પણ કહેવાય છે. 'સ્પંદશાસ્ત્ર' કે ' સ્પંદકારિકા'માં 'શિવસૂત્ર' કરતાં વધારે સ્પષ્ટતાથી શૈવદર્શનના સિધ્ધાંતો વર્ણવાયા છે. ' સર્વદર્શન સંગ્રહ'માં 'પ્રત્યભિજ્ઞાશાસ્ત્ર'નો સાર આપેલો છે. જે

---

૨૫. એજન, પૃષ્ઠ- ૨૨-૨૩. ૨૬. એજન, પૃષ્ઠ- ૨૩-૨૪.
૨૭. એજન, પૃષ્ઠ- ૨૪

ઉપરથી પ્રત્યભિજ્ઞાદર્શન તરીકે પણ શૈવદર્શન ઓળખાય છે. માધ્વાચાર્યે આ મતને જોકે પ્રત્યભિજ્ઞાદર્શન કહેલ છે પણ એ મતના સાહિત્યમાં ત્રિકમત નામ જ વિશેષ પ્રચલિત છે. 'રાજતરંગિણી'માં થયેલા ઉલ્લેખ અનુસાર કલ્લટના ગુરુ વસુગુપ્તનાં શિવસૂત્રો ઉપર શંકરાચાર્યના અદ્વૈતવાદની અસર છે.

'ષડ્દર્શન (પ્રથમ ખંડ) સાંખ્યયોગ'ના પ્રવેશકમાં કાશ્મીર શૈવદર્શન અંગેનો સારાંશ આ પ્રમાણે છે --આ દર્શન અનુસાર પરમ તત્ત્વ શિવ છે. બીજાં તત્ત્વો તેમાંથી અભિવ્યક્ત થાય છે. અભિવ્યક્ત તત્ત્વોમાં સાંખ્યનાં પચીસ તત્ત્વોનો એ જ ક્રમમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. પરંતુ ભેદ એટલો છે કે સાંખ્યદર્શન પુરુષ અને પ્રકૃતિને નિત્ય અને સ્વતંત્ર ગણે છે,જયારે આ દર્શન તેમને અનિત્ય અને પરતંત્ર ગણે છે. બધાં તત્ત્વો પરમશિવને આધીન છે. એક માત્ર પરમશિવ સ્વતંત્ર છે ને 'ચિત્' છે . એમાંથી જ બધાં તત્ત્વો આવિર્ભાવ પામે છે અને પાછાં એમાં જ લીન થાય છે. 'સૃષ્ટિ 'તો એમનું 'ઉન્મીલન ' માત્ર છે. આ દર્શનમાં પ્રકૃતિને 'માયા' અને શુધ્ધ સત્વવિશિષ્ટ પુરુષને 'શુધ્ધવિદ્યા' કે 'સદ્‌વિદ્યા' કહેવામાં આવે છે. આ ઉપરાંત ઈશ્વરતત્ત્વ, સદાશિવતત્ત્વ અને શક્તિતત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ઈશ્વરતત્ત્વથી સદાશિવતત્ત્વ પર છે, સદાશિવતત્ત્વથી શક્તિતત્ત્વ પર છે, શક્તિતત્ત્વથી પરમશિવતત્ત્વ પર છે પણ પરમશિવ-તત્ત્વથી પર કોઈ તત્ત્વ નથી.

'પરમશિવ' સર્વકર્તા , સર્વજ્ઞ , પૂર્ણ , નિત્ય , વ્યાપક , અસંકુચિત, શક્તિસંપન્ન હોવા છતાં પોતાની ઈચ્છાથી સંકુચિત થઈ કલા, વિદ્યા, રાગ, કાલ અને નિયતિ એમ માયાના આ પાંચ કંચુકરૂપ પોતે જ અભિવ્યક્ત થાય છે. ક્રમશઃ આ પાંચ કંચુકોને આવરણરુપે સ્વીકારી 'પુરુષ' સંસારી બને છે. આ પાંચ કંચુકોથી આવૃત્ત ચૈતન્ય 'પુરુષતત્ત્વ' છે. પરમશિવના સ્વરુપને આવૃત્ત કરવાને કારણે કલા વગેરેને કંચુક કહેવામાં આવે છે.

શિવ , શક્તિ વિના હોતા નથી અને શક્તિ, શિવ વિના હોતી નથી. આ દૃષ્ટિએ બંનેનો અભેદ છે , સામરસ્ય છે. આ શિવશક્તિના આંતરનિમેષને સદાશિવ કહેવામાં આવે છે અને તેનાં બાહ્ય ઉન્મેષને ઈશ્વર કહેવામાં આવે છે.[૨૮]

આમ કાશ્મીરીય શિવદર્શન અનુસાર પરમતત્ત્વ પરમશિવ છે, એ ચૈતન્ય છે, એ જ સત્ય છે. એ ચૈતન્ય જ સર્વરૂપ થાય છે અને એ જ પરમશિવ તે તે પદાર્થરૂપે સ્ફુરે છે. સર્વ વિશ્વ એની સાથે અભેદથી સ્ફુરે છે. એનાથી જુદું ગ્રાહ્ય-ગ્રાહક રૂપ કશું નથી . આ પરમચૈતન્ય ચૈતન્ય , ચિતિ , પરાક્ , સંવિત્ , પરમેશ્વર , શિવ કે પરમશિવ કહેવાય છે. પરમશિવ સર્વ ભિન્ન પદાર્થોમાં એક અભિન્ન છે, એ દેશકાળના પરિચ્છેદથી રહિત છે, અનંત છે અને સર્વવ્યાપક છે. છતાં સર્વથી પર પણ છે. આ પરમશિવની જગતરૂપે સ્ફુરવાની શક્તિ 'શક્તિ' કહેવાય છે. આ શક્તિ પણ ચૈતન્યરૂપ જ છે અને પરમશિવથી જુદી નથી. આ રીતે શક્તિ અને શક્તિમાનનો અભેદ છે. પરમશિવની આ શક્તિ પાંચ પ્રકારની છે. ૧. ચૈતન્યશક્તિ, ૨. આનંદરૂપશક્તિ, ૩. ઈચ્છાશક્તિ,૪. જ્ઞાનશક્તિ, ૫. ક્રિયાશક્તિ (સર્વરૂપ થવાની શક્તિ). આમ તો પરમશિવની શક્તિના તો અનંત પ્રકાર છે. પરંતુ આ પાંચ પ્રકારની શક્તિની મદદથી પરમશિવ પોતાની જ ઈચ્છાથી વિશ્વરૂપે સ્ફુરે છે. પરમશિવ સર્વોત્કૃષ્ટ પરમતત્ત્વ છે એ સચ્ચિદાનંદ રૂપ, સર્વવ્યાપક, સર્વજ્ઞ, સ્વયં પરિપૂર્ણ અને આપ્તકામ છે. સૃષ્ટિસર્જનના હેતુથી આ પરમશિવ પોતાનામાં

---

૨૮. એજન, પૃષ્ઠ- ૨૫

એકતાયો રહેલા જગતનો અનુભવ લેવાનું બંધ કરે છે. પરમશિવનું આ બીજું રૂપ શિવ-તત્ત્વ કહેવાય છે. પરમશિવની ચૈતન્યશક્તિથી આ ચિન્માત્ર અને સ્વયં પ્રકાશિત રૂપ શિવતત્ત્વ શુદ્ધ ' હું ' રૂપે પ્રગટે છે. આ શિવતત્ત્વ એ સૃષ્ટિના વિકાસમાં પહેલું પગથિયું છે. આ શિવતત્ત્વને જ પરમશિવનો પ્રથમ સ્પંદ (સ્ફુરણ) કહે છે. આ ઉપરથી શૈવમત સ્પંદવાદ કહેવાય છે. બીજા ક્રમે પરમશિવની આનંદશક્તિથી તેમનામાં - અભિન્ન પણે રહેલું તેમનું જ આનંદરૂપ શક્તિતત્ત્વ પ્રગટે છે, જે પરમશિવનું હૃદય કે એની બીજાવસ્થા પણ કહેવાય છે. પરમશિવની ઈચ્છાશક્તિથી સદાખ્ય પ્રગટે છે. શિવની આનંદના અનુભવની સ્થિતિમાંથી ' આ છું ' એવા અનુભવની સ્થિતિ આવે છે. અસ્તિત્વના અનુભવની આ સ્થિતિને સદાખ્ય કહે છે. એને જ સદાશિવ કહે છે. સૃષ્ટિની શરૂઆત અહીંથી થાય છે. આ વખતે દિવ્યશક્તિની ઈચ્છાશક્તિ પ્રગટ થાય છે, તો ઐશ્વર્યમાં શિવની જ્ઞાનશક્તિ પ્રગટ થાય છે. ઐશ્વર્યની સ્થિતિમાં ' આ હું છું'એ અનુભવમાં શિવ સૃષ્ટિનું ઈશ્વરતત્ત્વ જુએ છે.' આમ સદાખ્યને શિવનો અંતરુન્મેષ અને ઐશ્વર્યને બહિરુન્મેષ કહે છે. આ બેય ઉન્મેષની સમાનતા અર્થાત્ ' હું' અને 'આ' બેયનાં સ્વરૂપ અને સંબંધનો યથાર્થ અનુભવ એનું નામ સદ્વિદ્યા છે. આ સ્થિતિમાં ' આ બધું હું છું, આ બધું મારામાંથી ઉત્પન્ન થાય છે , મારો આ વિભવ છે ' એવો અનુભવ થાય છે. આ અવસ્થામાં દિવ્યશક્તિની ક્રિયા-શક્તિ પ્રગટ થાય છે. અહીં સુધી પરમશિવની પાંચ પ્રકારની શક્તિથી શુદ્ધ સૃષ્ટિ રચાય છે. ત્યારપછી મર્યાદિત અનુભવ શરૂ થાય છે. એને અશુદ્ધાધ્વ કે માયાધ્વ કહે છે. આ અશુદ્ધાધ્વમાં માયા પ્રથમ ઉત્પન્ન થાય છે, જે તિરોધાન કરનારી છે. આથી આત્મામાં નિત્યત્વ ,વ્યાપકત્વ , પૂર્ણત્વ, સર્વજ્ઞત્વ અને સર્વકર્તૃત્વના ગુણો માયાના આવરણવાળી દશામાં અનુક્રમે કાળ, નિયતિ, રાગ, વિદ્યા, કળા, રૂપમાં પરિણમે છે. વિભુરૂપ તત્ત્વો ત્યારપછી મર્યાદિત અણુરૂપ બને છે. આ રીતે આત્મા માયાથી ઊંઘમાં પડીને પોતાનું દિવ્ય ચિતિસ્વરૂપ ભૂલી જઈને તથા કળા વગેરે પાંચ કંચુકોથી પોતાને વીંટી લઈને પુરુષત્વ ( જીવત્વ ) ધારણ કરે છે. છતાં અંતે તો તે આત્મા શુદ્ધ ચિતિરૂપ પરમશિવથી અભિન્ન છે, કારણ કે સર્વ ક્રિયા માત્ર પરમશિવનું આભાસ કાર્ય છે. એ જીવ પરમશિવનો અનુગ્રહ પામતા જ્ઞાન અને ભક્તિના સામંજસ્યથી મોક્ષ મેળવે છે. માયાના છેલ્લા કળાતત્ત્વમાંથી પ્રકૃતિ પ્રગટ થાય છે. અર્થાત્ કળાપર્યંત પાંચ તત્ત્વોના આવરણથી શુદ્ધ વિદ્યાવાળી સ્થિતિનું જ્ઞાતાતત્ત્વ જેમ પુરુષત્વ ધારણ કરે છે તેમ જ જ્ઞેયતત્ત્વ પ્રકૃતિત્વ ધારણ કરે છે. આ પ્રમાણે પુરુષ ભોક્તા અને પ્રકૃતિ ભોગ્ય; બેય માયાથી એકસાથે ઉત્પન્ન થાય છે. પુરુષ જેમ અસંખ્ય છે તેમ પ્રકૃતિ પણ અસંખ્ય છે. છતાં એ પ્રકૃતિનું ભોગ્યત્વ સમાન છે.આટલે સુધી સૃષ્ટિનો વિકાસ થતાં પુરુષ પ્રકૃતિનો સુષુપ્તિ પેઠે અનુભવ કરે છે. બુદ્ધિ વગેરે તત્ત્વોનો વિકાસ થયા પછી આ બ્રહ્માંડ વ્યક્ત થાય છે. આમ આપણે જોઈ શકીએ છીએ કે કાશ્મીરીય શૈવદર્શન શાંકરવેદાંતને ઘણું મળતું આવે છે. બંને મતો અદ્વૈતવાદી છે, રજ્જુસર્પના ઉદાહરણથી કારપેન્ટરે કાશ્મીરીય શૈવદર્શન પર શાંકરવેદાંતનો પ્રભાવ હોવાનું માન્યું છે.[૨૯] શાંકર-વેદાંતમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિવર્તવાદથી સમજાવાય છે, તેમ શૈવદર્શનમાં તે આભાસવાદથી સમજાવાય છે. શંકરાચાર્યના મતે સર્વ જડ-ચેતન પદાર્થો ભ્રાન્તિ-વિવર્તરૂપ છે એમ અહીં એ આભાસ રૂપ છે. વળી શાંકરવેદાંતમાં પુરુષ અને પ્રકૃતિ એક છે જ્યારે શૈવમતમાં તેને અસંખ્ય માનવામાં આવે છે. આ સિવાય અદ્વૈતનું તત્ત્વ તો બંનેમાં સામાન્ય જ છે.

---

૨૯. શૈવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, દુર્ગારામ કે. શાસ્ત્રી. ૧૯૩૬. પૃષ્ઠ-૧૨૮

આમ આપણે જોયું કે ભારતીય અધ્યાત્મચિંતનની દીર્ઘ પરંપરામાં તત્કાલીન સમાજવ્યવસ્થા અને આવશ્યકતાના સંદર્ભમાં અધ્યાત્મને નવા દર્શનથી પરિષ્કૃત કરી નવા નવા વિચારો, દર્શનો, વાદો, સંપ્રદાયો અને ધર્મો ઉમેરાતા જવાની પ્રક્રિયા બનતી જ રહી છે. સનાતન તત્ત્વ લેખે ધર્મ, અધ્યાત્મનું સ્થાપન કરવું, તેમાં ભળતી અશુદ્ધિઓ, દાંભિકતા, પાખંડ અને પરિણામે દુઃખોના ઉપાય તરીકે જે તે ધર્મ કે દર્શન નિષ્ફળ બની જાય ત્યારે નવા દર્શનથી અધ્યાત્મદીપકની બુઝતી કલાને પુનઃ સંકોરવાનું કાર્ય અવિરત ચાલુ જ રહ્યું છે. આપણા સનાતન ધર્મ અને આધ્યાત્મદર્શનની ※ પરંપરાનું જ સંરક્ષણ, સંમાર્જન અને સંવર્ધન કરતાં અનેક નવાં દર્શનો આજે પણ આપણી સામે છે, પ્રગટતાં રહ્યાં છે અને ભવિષ્યમાં પણ તેમાં નવા દર્શનની તાજગી ઉમેરાતી જ રહેશે. આજદિન સુધી વિશ્વભરમાં પ્રગટેલા તમામ ધર્મો અને સંપ્રદાયો સહિત આજના આપણા યુગમાં અરવિંદદર્શન, રજનીશદર્શન, શ્રી પ્રભુપાદનું હરેરામ હરેકૃષ્ણમીશન, વિવેકાનંદનું રામકૃષ્ણમીશન, દયાનંદ સરસ્વતીનું આર્યસમાજ, શિવાનંદનું દિવ્યજીવન સંઘ, અખિલ વિશ્વ બ્રહ્માકુમારીમીશન, આઠવલેનું સ્વાધ્યાય-મીશન, શંકરાચાર્યના મઠો, શક્તિપીઠો, વૈષ્ણવ - સ્વામીનારાયણ જેવા સંપ્રદાયો, કબીર -નાનક- પુનિત મહારાજ-રંગ અવધૂત -શ્રી મોટા ઈત્યાદિ જેવા સંતો યોગીઓના અનુયાયીઓના પંથો અને જ્ઞાત-અજ્ઞાત સાધુ- સંતો -આશ્રમો દ્વારા અધ્યાત્મનાં વિશિષ્ટ અને આગવાં દર્શનો રજૂ થતાં જ રહે છે. આ બધાં જ મૂળ ને સાચવીને વૃક્ષ પરનાં જૂનાં પાંદડાં ખંખેરવાનું અને પોતાના સ્વદર્શનનાં પુષ્પોની ચિંતનધારાઓ પ્રગટ કરવાનું કાર્ય કરી રહ્યાં છે.

ભારતીય પરંપરામાં અધ્યાત્મભાવના જુદી જુદી રીતે પ્રગટ થતી રહી છે. માનવઆત્મા પોતાના સાચા સ્વરૂપની શોધ આદરે છે ત્યારે તેને પોતાની સીમિત જાતથી બૃહદ અપરિમેય સત્તાની પ્રતીતિ થાય છે. કેટલીકવાર તેનો આત્મા તેની સીમાઓને અતિક્રમીને બૃહદ સાથે અનુસંધાન સાધતો તો ક્યારેક બાહ્ય આવરણોને હટાવી અંતરતમમાં પ્રવેશતો હોવાનાં ગૂઢ અનુભવો તેને થાય છે. આવા ક્ષણિક સાક્ષાત્કારમાંથી જ અદ્‌ભુત જ્ઞાનની રેખાઓ ફૂટતી જણાય છે. તેમાં જ પોતાના વિષે, આત્મા અને પરમાત્મા વિષે, આત્મચૈતન્ય અને પરબ્રહ્મ જીવ અને શિવના સંબંધ વિષેનું એને જ્ઞાન થાય છે. અધ્યાત્મદર્શનમાં ય વ્યક્તિ-ચેતના અને પરમ-ચેતના વચ્ચેના સંબંધો જુદા જુદા દેશકાળમાં જુદી જુદી રીતે વર્ણવાયા છે. વેદોપનિષદ અને ભગવદ્ ગીતામાં બ્રહ્મજ્ઞાનનું નિરૂપણ છે. તો હિન્દુ સહિત જગતનાં અન્ય ધર્મો - જૈન, બુધ્ધ, ખ્રિસ્તી ઈત્યાદિમાં દયા, પ્રેમ કરુણા માનવતાવાદના મુખ્યરૂપે પ્રધાનતા પામ્યા છે. રહસ્યવાદમાં અતીન્દ્રિય ગૂઢ અનુભવોને સ્થાન છે, વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રેમલક્ષણાભક્તિ તો શૈવ અને શાક્ત સંપ્રદાયોમાં ધ્યાન, યોગ, ભક્તિનો સમન્વય જોવા મળે છે. સૂફીવાદમાં- 'ઇશ્કે હકીકી'-પ્રભુને પ્રિયતમારૂપે માનવામાં આવે છે, નાથ સંપ્રદાયમાં જોગીના ધ્યાન-યોગની સાધનાની આહલેક સંભળાય છે. પાશુપત સંપ્રદાયમાં પતિ એટલે શિવ અને પશુ એટલે જીવ એવી કલ્પના છે.

અરવિંદ વેદોપનિષદનિર્દિષ્ટ ચૈતન્ય બ્રહ્મનો સ્વીકાર કરે છે પરંતુ બૌધ્ધ દર્શનની ક્ષણિક ચિત્તધારાના સાતત્યને મળતું આવતું દર્શન પ્રગટાવે છે. માનવ-ચેતનાના આરોહણ અને દિવ્યચેતનાના અવતરણ દ્વારા ચૈતન્યવાહિતાની નિરંતર ચાલતી સંક્રમણક્રિયામાં જગતના જડત્વની - દુઃખની મુક્તિને જુએ છે. રજનીશ વાસનાઓના દમનને બદલે ઇચ્છાઓના અતિશય ભોગ દ્વારા તેના અંત્યની રાગમુક્તિનો માર્ગ બતાવતાં ચિત્તવૃત્તિઓનો શુધ્ધ -સૂક્ષ્મ વિલાસ ચિદાનંદરૂપને પ્રગટ કરે છે તેવું દર્શન

રજૂ કરે છે. તો સ્વામી સચ્ચિદાનંદ વેદાન્તનિર્દિષ્ટ ધર્મને પરિષ્કૃત કરતાં 'બ્રહ્મ સત્ય જગત્‌ મિથ્યા ' ને સ્થાને ' બ્રહ્મ સત્ય જગત્‌ સત્ય' જેવું નવું સૂત્ર આપે છે અને અધ્યાત્મનો મહેલ ભૌતિકતાના સુદૃઢ પાયા ઉપર જ રચી શકાય તેમ જણાવી રાષ્ટ્ર અને સમાજને મજબૂત બનાવે . સમસ્યાઉકેલની ક્ષમતા આપે અને સુખશાંતિ અને સમતા લાવે તેવા દર્શનની ઘોષણા કરે છે. ધર્મપ્રચારની હોડમાં પડેલા વૈષ્ણવ, સ્વામીનારાયણ , ખ્રિસ્તી , જેવા મોટા અને અન્ય નાના સંપ્રદાયો મીશનરી પ્રવૃત્તિના વાહક બન્યા છે, ધર્મને માનવતાના મૂલ્ય લેખે સેવાકાર્યમાં જોડવામાં પણ તેમનો નિહિત સ્વાર્થ તો રહેલો જ છે. આમ આવા અનેક વાદો -વિચારોમાં અધ્યાત્મની અનેક ભૂમિકાઓ રચાતી આવી છે , જેમાં આત્મા અને પરમાત્માના સ્વરૂપ અને સંબંધોનું વર્ણન જુદી જુદી પરિભાષામાં થતું રહ્યું છે, સાથે સાથે સમાજ સાપેક્ષ કે નિરપેક્ષ ધર્મોનું મૂલ્યાંકન અને મૂલ્ય પરિવર્તન પણ થતું જ રહ્યું છે .

**અધ્યાત્મસાધના**

અનેક અવનવી પરિભાષા અને ભૂમિકાઓ પ્રગટાવતું ' અધ્યાત્મ' તત્ત્વ સાધવા માટેની પદ્ધતિઓ પણ અનેક છે. વૈદિક તથા પ્રાગૈતિહાસિક પરંપરાઓનો અભ્યાસ કરતાં મુખ્ય બે પદ્ધતિઓ વિકસતી અને અનેક વિચારધારાઓ પ્રગટાવતી અન્ય પદ્ધતિઓમાં પરિણમતી જતી જોવા મળે છે. એક તો ઐહિક હેતુઓ સાથે પારમાર્થિક હેતુની સિદ્ધિ માટે પણ વિવિધ દેવ-દેવીઓની પૂજા ,અર્ચના, ઉપાસના , ભક્તિ સાથે સંકળાયેલી વિધિવિધાનની યજ્ઞયાગાદિ ક્રિયાકાંડની સંકુલ અને ક્લિષ્ટ પદ્ધતિઓ. વેદ જેટલા જ પ્રાચીન તંત્ર અને આગમોમાંથી પણ આવી જ ઉપાસના પદ્ધતિઓ વિકસતી રહી આજે ય અસ્તિત્વ ધરાવે છે. બીજો માર્ગ વેદ-ઉપનિષદોમાં બ્રહ્મરૂપે નિરૂપાયેલા તત્ત્વને નિર્ગુણ કે સગુણ રૂપે પામવા , ઉપનિષદો, યોગસૂત્ર જેવા સાધનગ્રંથો કે દાર્શનિક અધિષ્ઠાતાઓએ પ્રબોધેલી સાધનાપદ્ધતિઓને સમાવે છે.

અધ્યાત્મના પરમતત્ત્વને પામવાના પ્રયત્નને સાધના અથવા યોગ કહેવાય છે. આ યોગવિદ્યાનો અદ્‌ભુત પરિપાક યોગાભ્યાસજન્ય ઋતુંભરા પ્રજ્ઞાના મધુર ફળ રૂપે દર્શનશાસ્ત્રો, સ્મૃતિઓ , પુરાણોમાં આપણને મળે છે. ધર્મપ્રચારકો અને દાર્શનિકોએ આ યોગવિદ્યાની મુક્તકંઠે પ્રશંસા કરી છે. બૌદ્ધો , જૈનો તથા તાંત્રિકોએ પણ યોગનો સાધન તરીકે સ્વીકાર કર્યો છે. આમ યોગ એ ભારતીય અસ્મિતાનું સર્વસામાન્ય લક્ષણ બને છે.

'યોગસૂત્ર'ના રચયિતા મહર્ષિ પતંજલિ યોગની વ્યાખ્યા કરતાં કહે છે 'યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ' -એટલે ચિત્તની વૃત્તિનો નિરોધ તે યોગ . મહર્ષિ યાજ્ઞવલ્ક્યે 'સંયોગો યોગ ઈત્યુક્તો જીવાત્માપરમાત્મયોઃ '- જીવાત્મા અને પરમાત્માનો સંયોગ એટલે યોગ, એમ કહી યોગનું વર્ણન કર્યું છે. ભગવાન શ્રીકૃષ્ણે 'સમત્વં યોગ ઉચ્યતે '- સમભાવ એ જ યોગ એ ગીતામાં જણાવ્યું છે. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં ' સર્વચિંતા પરિત્યાગો નિશ્ચિન્તો યોગ ઉચ્યતે ' - મનની ચિંતારહિત અવસ્થાને યોગરૂપે વર્ણવી છે. સૌ કોઈની હૃદયગુહામાં સર્વાન્તર્યામી બ્રહ્મનું સ્ફુરણ બુદ્ધિના સાક્ષીરૂપે એટલે અહંરૂપે સ્ફુરે છે. આ સ્ફુરણમાં પોતે કોણ છે અને શું કરે છે એના ભાન વિના જ્યારે મનનો લય થાય છે અને અહંસ્ફુરણા મુદ્ધા રહેતી નથી ત્યારે જે સૂક્ષ્મ સ્થિતિ પ્રાપ્ત થાય છે તેને મહર્ષિ રમણ યોગ કહે છે. શ્રી અરવિંદ, માનવજીવનમાં પ્રભુને પ્રાપ્ત કરી એ દિવ્ય ચેતનાના અવતરણ દ્વારા પોતાનામાં પ્રભુને પ્રગટ કરવો તેને યોગ કહે છે. તો સ્વામી

શ્રી શિવાનંદજી મહારાજ 'યોગ એટલે આત્મસુધારણાની અમલી પધ્ધતિ ' શરીર ,મન અને આત્માનો સંતુલિત વિકાસ - મનનું આત્માભિમુખ થવું - ઈશ્વર સાથેની એકતાને યોગ કહે છે.[30] આમ જુદા જુદા દ્રષ્ટાઓએ યોગની જુદી જુદી વ્યાખ્યાઓ કરી છે. એમાં રજૂઆતની શૈલી ભિન્ન ભિન્ન હોવા છતાં બધાનો સૂર એક જ છે. અંતઃકરણના રજસ, તમસ ભાવોને દૂર કરી ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો . આ નિરોધને જ યોગ, સમાધિ યા સ્વરૂપ-સાક્ષાત્કાર કહે છે. આ સાક્ષાત્કાર માનવજીવનના પરમધ્યેયરૂપ છે, જયાં દિવ્ય શાંતિ અને અખંડ આનંદનો અનુભવ થાય છે.

પરમતત્ત્વને પામવાના લક્ષ્યને સિધ્ધ કરવા માટે યોગદ્રષ્ટાઓએ ચાર માર્ગોનું નિરૂપણ કર્યું છે . ૧ . કર્મયોગ ૨. ભક્તિયોગ ૩. રાજયોગ ૪. જ્ઞાનયોગ . આ ઉપરાંત હઠયોગ , ધ્યાનયોગ , કુંડલિનીયોગ , નાદયોગ એવા નામો પણ સાધના પધ્ધતિને લક્ષમાં લઈને પ્રચાર પામ્યાં છે. પરંતુ જુદાં જુદાં નામો તો મૂળતત્ત્વનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી વ્યવહારની સરળતા માટે જ છે. અનેક પધ્ધતિઓમાં કર્મ , ભક્તિ, રાજ અને જ્ઞાનયોગ તેમની સાધનાપધ્ધતિથી જુદા પડે છે. પરંતુ આ જુદા જુદા સાધના માર્ગો પણ એક બીજાથી ચુસ્તપણે જુદા પાડી શકાતા નથી. આ બધા માર્ગો એકબીજાસાથે સંકળાયેલા અને સાધનાના વિકાસમાં એકબીજાના પૂરક છે . ભગવદ્ ગીતામાં પણ મહર્ષિ વેદવ્યાસે ઉપનિષદોમાંથી તારવેલું આ સાધનાપધ્ધતિઓનું ભાથું સુંદર રીતે જનસમુદાયને પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ અનુસાર અને અભિરુચિ અનુસાર અધ્યાત્મસાધના માર્ગની પસંદગી કરી શકે છે. કર્મયોગ એ પ્રવૃત્તિશીલ સ્વભાવવાળાને અનુકૂળ છે. નિઃસ્વાર્થ સેવા દ્વારા કર્મ કરતો મનુષ્ય પ્રભુને પામે છે. ભાવનામય વૃત્તિવાળાને ભક્તિયોગનો માર્ગ વધુ અનુકૂળ આવે છે. ભક્ત નવધાભક્તિ દ્વારા ઈશ્વરની સાધના કરે છે અને પૂર્ણ પ્રપત્તિને સ્વીકારે છે. ઈશ્વર જ સર્વ કર્તાહર્તા હોઈ એના શરણમાં ગયેલા સાધકની જવાબદારી ઓછી થઈ જાય છે. પ્રભુમાં પરમપ્રેમને લીધે ભક્ત રસસમાધિમાં લીન થાય છે. જે માણસ કુતૂહલપ્રિય અને રહસ્યશોધક સ્વભાવવાળો હોય છે તેને રાજયોગ અનુકૂળ છે. આ યોગનો અભ્યાસી યમ-નિયમ રૂપી મહાવ્રતોને ધારણ કરી , આસન પ્રાણાયામથી શરીર અને પ્રાણને સ્થિર કરી ચિત્તવૃત્તિના નિરોધ દ્વારા સમાધિમાં પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવે છે. વિચારવંત સૂક્ષ્મ બુધ્ધિવાળાઓ માટે જ્ઞાનમાર્ગ છે. ભગવદ્ગીતામાં આ માર્ગનું સરળ નિરૂપણ આપેલું છે. જ્ઞાનેશ્વરીમાં તેની વિશદ સમજૂતી મળે છે. ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ કહે છે -

' લોકેસ્મિન્ દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મહાનઘ
જ્ઞાનયોગેન સાંખ્યાનામ્ કર્મયોગેન યોગિનામ્.[31]' (૩.૩)

- 'હે નિષ્પાપ અર્જુન ' સૃષ્ટિના આરંભમાં જ મેં આ લોકમાં આચરવા યોગ્ય બે પ્રકારના માર્ગો બતાવ્યા છે, સાંખ્યો (વિચાર કરનારાઓ)ને જ્ઞાનયોગ અને યોગીઓ (કર્મ કરનારાઓ) ને કર્મયોગ .' સાધકની પરિપક્વ અવસ્થા એટલે પરાકાષ્ઠા તેને નિષ્ઠા કહે છે. માયાથી ઉત્પન્ન થયેલા બધાં ગુણો જ ગુણોમાં વર્તે છે એમ માની તથા મન, ઈન્દ્રિય અને શરીર વડે થનારી બધી જ ક્રિયાઓમાં કર્તાપણાના અભિમાનથી રહિત થઈ પરમાત્મામાં એકીભાવમાં સ્થિર રહેવાનું નામ જ્ઞાનયોગ છે. એને જ ' સંન્યાસ' અથવા 'સાંખ્યયોગ'

---

૩૦. 'યોગાસન અને આરોગ્ય,યોગસાધન આશ્રમ, અમદાવાદ, ૧૯૮૪, આમુખ પૃષ્ઠ-૩
૩૧. જ્ઞાનેશ્વરી ભગવદ્ ગીતા, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ,૧૯૭૧, પૃષ્ઠ- ૧૦૦

પણ કહે છે. તો ફળ અને આસક્તિનો ત્યાગ કરી ઈશ્વરેચ્છા પ્રમાણે માત્ર ઈશ્વરપ્રીત્યર્થે સમત્વબુદ્ધિથી કર્મ કરવાનું નામ ' નિષ્કામ કર્મયોગ' છે. તેને જ ' સમત્વ યોગ' 'બુદ્ધિયોગ '.' કર્મયોગ '. ' મદર્થકર્મ . તદર્થકર્મ ' કહે છે.[32] ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાય 'આત્મસંયમયોગ 'માં રાજયોગની પ્રશંસા કરતાં ગીતાકાર કહે છે --

'તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ
કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્યોગી ભવાર્જુન .' (૬.૪૬)

-'તપસ્વી, જ્ઞાની તથા કર્મ કરનાર કરતાં યોગી અધિક શ્રેષ્ઠ છે, માટે હે અર્જુન તું યોગી થા.'[33] તો ભક્તિયોગનું પ્રબોધન કરતાં અધ્યાય ૧૦માં શ્રીકૃષ્ણ કહે છે- 'નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનારા દેહધારી પુરુષોને ઉપાસનાનું કષ્ટ થાય છે અને અવ્યક્ત ગતિ . મહાપ્રયાસથી પ્રાપ્ત થાય છે. પરંતુ જેઓ મારામાં પરાયણ બનીને સર્વકર્મો મને જ અર્પણ કરી દે છે અને મારું ધ્યાન ધરીને અનન્ય ભાવથી મારી જ ઉપાસના કરે છે તથા મારામાં જ જેમણે ચિત્ત સમર્પણ કર્યું છે એવા ભક્તોનો હે પાર્થ ' હું ઉદ્ધાર કરું છું.'[34] અહીં જ્ઞાન, કર્મ, યોગ અને ભક્તિના માર્ગે સાધના કરતો કોઈ પણ માનવી જ્ઞાન સાથે કર્મને , કર્મ સાથે યોગને , યોગ સાથે ભક્તિને કે ભક્તિ સાથે જ્ઞાનને સાંકળી શકે છે. મુખ્યતઃ એક છતાં તેના અનુષંગે બીજા માર્ગોના ગુણો પણ તેમાં સંકળાતા રહે છે.

-- યોગદર્શનકારે શરીર, મન અને ઈન્દ્રિયોની શુદ્ધિ માટે આઠ પ્રકારનાં સાધનોનો નિર્દેશ કર્યો છે . સમાધિ પ્રાપ્ત કરવામાં મુખ્ય આઠ અંગો છે. ૧. યમ. ૨. નિયમ ૩. આસન. ૪. પ્રાણાયામ. ૫. પ્રત્યાહાર . ૬. ધારણા . ૭. ધ્યાન. ૮. સમાધિ. યમ નિયમ. આસન પ્રાણાયામ અને પ્રત્યાહાર એ પાંચને સમાધિના બહિરંગ સાધન કહેવામાં આવે છે. જ્યારે ધારણા , ધ્યાન અને સમાધિ એ ત્રણ અંતરંગ સાધન છે. આ આઠ અંગોને અષ્ટાંગયોગ એવું ટૂંકું નામ આપ્યું છે. યમનો અર્થ સંયમ એવો થાય છે . વિષય સુખનો ત્યાગ કરી મનને નિયમમાં રાખવું. ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો એ જરૂરી મનાયું છે. નિયમ એટલે શરીર અને મનની પવિત્રતા રાખવી , સંતોષ રાખવો , સુખદુઃખ આદિ દ્વંદ્વોમાં સમતા રાખો ઈશ્વરમાં નિષ્કામ બુદ્ધિથી સમર્પણ કરવું . અષ્ટાંગયોગમાં આસનનું ત્રીજું સ્થાન છે . શારીરિક અને માનસિક અભ્યાસ , ઊંચી સ્થિતિ પ્રાપ્ત થતાં સુખી રોજ કરવો પડે છે. શરીર સ્થિર રહે અને મનને સુખ થાય એવી રીતે શરીરને રાખવું એ આસન. આસન દ્વારા મનની ચંચળતા અટકાવી શકાય છે. વળી નાડીઓની શુદ્ધિ અને આરોગ્યની વૃદ્ધિ થતાં કાયાકલ્પ થાય છે. પ્રાણની ગતિને કાબૂમાં લાવવી એટલે પ્રાણાયામ . પ્રાણ-અપાનની એકતા કરવી તે પ્રાણાયામનું મુખ્ય ધ્યેય છે. પ્રાણાયામથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે અને ચિત્ત એકાગ્ર બને છે. જ્યારે વિભિન્ન ઈન્દ્રિયો પોતપોતાના વિષયોમાંથી નિવૃત્ત થઈ ચિત્તનો જેમ નિરુદ્ધ થાય છે તેને પ્રત્યાહાર કહે છે. પ્રત્યાહારથી ઈન્દ્રિયો સ્વેચ્છાચારી થતી અટકે છે. ઈન્દ્રિયો પર અધિકાર પ્રાપ્ત થાય છે. મન નિર્મળ બને છે અને સમાધિ માટે ચિત્તની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પ્રત્યાહાર સિદ્ધ થતાં ધારણાનું ક્ષેત્ર આવે છે. યોગ-દર્શનકાર પતંજલિ કહે છે ' દેશબંધશ્ચિત્તસ્ય ધારણા' કોઈ દેશવિશેષમાં ચિત્તને લગાવી દેવું તેને ધારણા કહે છે. ધ્યાન એ યોગનું મુખ્ય પગથિયું છે. જે વિષયમાં ધારણા વડે ચિત્તવૃત્તિ લગાડેલી હોય તે વિષયમાં વિજાતીય વૃત્તિપ્રવાહ રોકી સજાતીય પ્રવાહ કરી દેવો તે ધ્યાન છે. બ્રહ્મનું ધ્યાન

---

૩૨. એજન, પૃષ્ઠ- ૧૦૧
૩૩. એજન પૃષ્ઠ- ૧૮૫
૩૪. એજન, પૃષ્ઠ- ૩૪૪- ૨૪૫

કરનાર બ્રહ્મસ્વરૂપ બને છે. શિવનું ધ્યાન કરનાર શિવ બને છે. ધ્યાન કરનાર પરમ અમૃત પદને પામે છે. નિજ સ્વરૂપમાં સ્થિત થવું તે જ યોગ છે. યોગસિદ્ધ પુરુષ આપ્તકામ બને છે. અનંત જ્ઞાન, અનંત ઐશ્વર્ય અને અનંત સૌંદર્યને પામે છે. આ લક્ષ્યને પહોંચવા જતાં વચમાં આવતી ભૌતિક અને દૈવિક સિદ્ધિઓ તો માર્ગનાં વિરામસ્થાનો છે. એ સ્થાનોમાં પડ્યા રહેવાનું નથી. એમાં આસક્તિ કે મોહ કરનાર યોગના પરમ રહસ્યને પામી શકતો નથી. વિક્ષેપોને હટાવીને એકાગ્ર થવું એ જ સમાધિ. ધ્યાન જ્યારે અભ્યાસના બળથી ધ્યાનાકારપણાને છોડી કેવળ ધ્યેય વસ્તુના આકારને ગ્રહણ કરી લે છે તેને સમાધિ કહે છે. સમાધિ એટલે ધ્યાનની ઉચ્ચ દશા. જ્યારે ધ્યાનનું અતિશયપણું, ધ્યાનની પરિપાક અવસ્થા થાય છે ત્યારે ચિત્તમાંથી ધ્યેયમાં અલગપણાનું અને તે સંબંધી વૃત્તિનું ભાન જતું રહે છે. ધ્યાનમાં ધ્યેયાકાર વૃત્તિનો પ્રવાહ ખંડિત હોય છે. તે જ પ્રવાહ અખંડિત થતા સમાધિ પ્રાપ્ત થાય છે. તે સમયે ધ્યાતાને માત્ર ધ્યેય સ્વરૂપનો જ નિર્ભાસ થાય છે. પણ ધ્યેયાકાર થયેલી વૃત્તિરૂપ પ્રત્યયનું પૃથક્ભાન જતું રહે છે. તેથી તે વૃત્તિ જાણે સ્વરૂપ શૂન્ય હોય એમ ભાસે છે અને એ પ્રકારનો ધ્યેય માત્રનો નિર્ભાસ કરનાર પ્રત્યય એ સમાધિ છે. યોગી સમાધિ દ્વારા સ્વરૂપસ્થિત થઈ અનંત સુખને અનુભવે છે. તે જીવનમુક્ત થાય છે અને દ્વંદ્વોથી મુક્ત બને છે. આ સમાધિ લાભ પ્રાપ્ત કરવામાં વૈરાગ્યભેદથી સાધકના ત્રણ ભેદ પડે છે. વૈરાગ્યની તીવ્રતા ઉપર જ સમાધિના શીઘ્ર લાભનો આધાર છે. મૃદુ, મધ્ય અને તીવ્ર એમ ત્રણ પ્રકારના વૈરાગ્ય છે. અને તીવ્ર વૈરાગ્યવાન શીઘ્ર સમાધિ પ્રાપ્ત કરે છે. શ્રી શુકદેવજી આનું ઉદાહરણ છે. આમ અષ્ટાંગયોગ કે રાજયોગ એ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે જેના દ્વારા માનવની પ્રકૃતિના ત્રણ ગુણો અને પાંચ કોષોથી ઊઠીને પોતાના સ્વરૂપનો અપરોક્ષ અનુભવ કરી કૃતાર્થ બને છે.

પતંજલિના યોગદર્શનમાંથી જ પ્રેરણા લઈ નાથયોગ, મંત્રયોગ, લયયોગ, રાજયોગ, પૂર્ણયોગ, ધ્યાનયોગ, વિપશ્યના ઈત્યાદિ પદ્ધતિઓ જુદા જુદા માર્ગો-સંપ્રદાયોએ સ્વીકારી છે. નાથયોગ યૌગિક ક્રિયાને કેન્દ્રમાં રાખીને જ્ઞાન અને ભક્તિને સાથે લઈ ચાલે છે. નાથસંપ્રદાયના આદિ પ્રવર્તક પણ ભક્તિ અને યોગના પ્રણેતા શિવ મનાય છે. આદિનાથથી ઊતરી આવેલી આ યોગી પરંપરામાં આપણે ત્યાં મચ્છંદરનાથ, ગોરખનાથ, ભૈરવનાથ વગેરે જોગીઓમાં ઈશ્વરતત્વની ભાવના લક્ષિત થતી લાગે છે. જ્યારે બૌદ્ધો નૈરાત્માની વિવિધ ચેષ્ટાઓ તથા યૌગિક સાધનાને જ મહત્વ આપે છે. સંસારને દુઃખમય ગણી બ્રહ્મમાં કે શૂન્યમાં શરણ શોધતા શાંકર અદ્વૈતીઓ કે બુદ્ધ ભિખ્ખુઓ ને બદલે નાથયોગમાં જીવનમાં આનંદથી રમતા જોગીનો સહાલેક સંભળાય છે. નાથમાર્ગમાં જ્ઞાન અને યોગનો ભેદ નથી. કેમકે ક્રિયા વિનાનું જ્ઞાન પોકળ છે. વિચારને વર્તનમાં ઉતારવા માટે ગોરખનાથ ચિંતન-મનન-નિદિધ્યાસનને બદલે નેતિ-ધૌતિ-બસ્તિ-નૌલિ-કપાલભાતિ અને ત્રાટક આ ષટ્કર્મ સૂચવે છે. તર્કબુદ્ધિથી પ્રાણની સૂક્ષ્મ ગતિ કાબૂમાં આવતી નથી. પ્રાણ વશ થતાં મન વશ થાય છે. હઠયોગની પરિણતી અનાયાસ રાજયોગમાં થઈ જાય છે. એટલે ગોરખનાથે ' યોગબીજમ્ 'માં નાથયોગને મંત્ર-હઠ -લય અને રાજયોગને સમાવતો મહાયોગ કહ્યો છે.[૩૫]

મંત્રયોગમાં નિરંતર ચાલતી માનવીના શ્વાસોચ્છ્વાસની ક્રિયાને મંત્ર સાથે જોડી યોગ સાધવામાં આવે છે. યોગપ્રણાલિકા અનુસાર મનુષ્ય ૨૪ કલાક દરમ્યાન

---

૩૫. સંત કેરી વાણી, સંપા. મકરંદ દવે, ૧૯૯૧, 'તરંગોના તીરે', પૃષ્ઠ-૩૫

૨૧૬૦૦ શ્વાસ લે છે. આ પ્રાણનો જપમાળા અનાયાસ નિરંતર ચાલતો જ રહે છે. શ્વાસ લેતી વખતે 'સઃ' અને બહાર કાઢતી વખતે 'હં' જેવો અવાજ સંભળાય છે. 'સઃ' એ પરમબ્રહ્મનું અને 'હં' એ અહંકારનું પ્રતીક છે. રેચક-પૂરક પ્રમાણે શ્વાસની ગતિ ચાલે તો 'હંસ' અને પૂરક-રેચક પ્રમાણે શ્વાસની ગતિ ચાલે તો એ જ ધ્વનિ 'સોહં' બની જાય છે. જીવ અને શિવના એકત્વને આ રીતે આપણા શ્વાસોચ્છ્વાસ જ સાધી આપતા હોય છે. ગુરૂવાક્ય કે મંત્રદીક્ષા શ્વાસની ગતિ સાથે જોડાતાં 'સોહં' રૂપે પરિવર્તિત થઈ સુષુમણામાં પ્રવેશે એને મંત્ર-યોગ કહે છે. 'સોહં'નો સાક્ષાત્કાર પરમાત્મસ્વરૂપ સાથેની એકતાનો સાક્ષાત્કાર છે. સઃ (તે) અહં (હું)-આત્મા અને પરમાત્મા વચ્ચે અહીં અભેદ સધાય છે. પ્રાણની ગતિથી આત્મા આ રીતે શિવને મળે છે. આથી 'સોહં'ને પવનમંત્ર પણ કહે છે. 'ઓમ'ને પણ મૂળમંત્ર ગણવામાં આવે છે. સકલ સૃષ્ટિનું ઉત્પત્તિ સ્થાન એવા ઓમકારના મંત્રથી પણ મનુષ્ય પોતાની વાસનાઓનો ક્ષય કરી શુધ્ધ આત્મસ્વરૂપને પામે છે. અહોનિશ, અનાયાસ ચાલતો આ અજપાજપનો યજ્ઞ પરમપદની પ્રાપ્તિ કરાવે ત્યારે મંત્રયોગ સિધ્ધ થયો ગણાય.આમ અજપા સાધના સાથે મંત્ર જોડી દેતાં મંત્રયોગ બને છે.

હઠયોગમાં હઠાત્, બલાત્ વાયુને વશમાં કરવાનો છે. આથી આ કઠિન યોગ છે. આ યોગમાં ખુબ જ ધીરજ અને અભ્યાસની જરૂર પડે છે. આ યોગમાં હઠ સતત અભ્યાસથી અનાયાસ કુંડલિની જાગૃત થાય છે અને મુક્તિનો માર્ગ મળી જાય છે. માર્ગ રૂંધી પડેલી કુંડલિનીને હઠાવીને માર્ગ મોકળો કરવાની પ્રક્રિયાને લીધે પણ તેને હઠયોગ કહે છે. પાયુ અને ઉપસ્થના મધ્યભાગમાં ત્રિકોણ ચક્ર આવેલું છે. આ ચક્રમાં સ્વયંભૂ લિંગસ્થાન છે. તેને સાડા ત્રણ આંટા દઈ નાગણીની જેમ કુંડલિની સુષુમણાના દ્વારને રુંધીને સૂતી છે. બ્રહ્માંડમાં મહાકુંડલિની તરીકે જે શક્તિ વ્યાપ્ત છે એ જ અહીં પિંડમાં આવી વસી છે. આ શક્તિને જાગૃત કરી સુષુમણાનું બ્રહ્મદ્વાર ખોલી તેને મસ્તકમાં સ્થિત શિવ સાથે સાયુજ્ય પમાડવા માટે જ યોગીઓની તમામ સાધના છે. કુંડલિનીની ચાવી મળી જતાં બ્રહ્મદ્વારનું તાળું ઉઘડી જાય છે. કરોડરજ્જુ અથવા બ્રહ્મદંડમાં જે ત્રણ મુખ્ય નાડી આવેલી છે તેમાં ડાબી ઇડા, જમણી પિંગળા અને મધ્યમાં આવેલ નાડીને સુષમણા કહેવામાં આવે છે. ઇડાને ચંદ્ર નાડી અને પિંગળાને સૂર્ય નાડી પણ કહે છે. પ્રાણ અને અપાન વાયુને સૂર્ય અને ચંદ્રની સંજ્ઞાથી પણ ઓળખવામાં આવે છે. અને હકાર એટલે સૂર્ય અને ઠકાર એટલે ચંદ્રના, પ્રાણ-અપાનના સંયોગને જ હઠયોગ નામ આપવામાં આવે છે. અનંત બ્રહ્માંડ જેનાથી પ્રકાશિત છે એવું અમૂલ્ય તત્ત્વ મનુષ્યના પિંડમાં જ પડેલું છે. હઠયોગ આ તત્ત્વને પ્રત્યક્ષ રીતે હાથમાં લાવી આપે છે. શરીર-શોધનની સ્થૂળ ભૂમિકાથી શરૂ કરી શરીરના આધારરૂપ શ્વાસ-પ્રાણ સાથે ચિત્ત જોડાયેલું હોઈ પ્રાણને વશ કરીને ચિત્તવૃત્તિનિરોધ સાધવાનો અહીં પ્રયત્ન કરવામાં આવે છે. નેતિ, ધોતિ, બસ્તિ વગેરે ષટ્કર્મથી નાડી શુધ્ધ કરી પ્રાણાયામથી હઠયોગી સુષમણાના માર્ગને ખોલી દે છે. પ્રાણવાયુના આઘાતથી સુષમણાને નિમ્ન છેડે સૂતેલી કુંડલિની જાગૃત થઈ જયારે ઉપર ચઢવા માંડે છે ત્યારે તે મૂલાધારચક્રમાંથી નાભિના સ્વાધિષ્ઠાનચક્ર, પેટના મણિપુરચક્ર, હૃદયના અનાહતચક્ર, કંઠના વિશુધ્ધચક્રમાં થઈ અંતે ભ્રમર વચ્ચે કપાળમાં ઇડા-પિંગળાનું મિલન સ્થાન છે તે ત્રિકુટીમાં આવે છે. ત્રિકુટી ત્રિગુણાત્મક પ્રકૃતિનું છેલ્લું થાણું છે. ત્રિકુટીભેદ કે ષટ્ચક્રભેદન થતાં સાધકને વિવિધ અનુભવો અને સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. દૃશ્ય જગતની પાર રહેલું અનંત સૂક્ષ્મ જગત ઉઘડે છે, અલૌકિક લોકમાં વ્યક્તિનું ચિત્ત દરેક સંકલ્પની સિધ્ધિ જુએ છે. સકલ બ્રહ્માંડનું રહસ્ય અહીં ખુલ્લું થાય છે. જ્ઞાનનો અખુટ ભંડાર અહીં પ્રગટે છે. તેજપુંજના સાગરમાં ચિત્ત તરવા લાગે છે. સાધકે યોગમાર્ગમાં આવતી આ સિધ્ધિઓથી

ભ્રમાથી વગર આગળ વધવાનું હોય છે. આજ્ઞાચક્ર વટાવી કુંડલિની શક્તિ બ્રહ્મરંધ્ર દ્વારા સહસ્ત્રારમાં પહોંચી જાય છે ત્યારે પરમશિવ સાથે શક્તિનું મિલન થાય છે. મસ્તકમાં આવેલા આ સહસ્ત્રારને સુનમંડલ, કૈલાસ કે ગગન મંડલ, આકાશ, શૂન્ય શિખર એવા નામોથી પણ ઉલ્લેખવામાં આવે છે. સહસ્ત્રારમાં કુંડલિની શક્તિ પહોંચતા આનંદના પારાવારની અદ્ભુત અનુભૂતિ થાય છે. આત્માનો પરમાત્મામાં લય થાય છે. અભેદ સધાય છે અને વ્યક્તિ બ્રહ્મમય જ નહીં બ્રહ્મ બની જાય છે. આમ મૂલાધારમાં સ્થિત શક્તિનું મસ્તકમાં આવેલા સહસ્ત્રારમાં શિવ સાથે મિલન કરાવવું એ જ યોગીનો મુખ્ય પુરુષાર્થ છે. અહીં યોગસાધનાના બે ભાગ પડી જાય છે. પિંડસિદ્ધિ અથવા દેહનું અમરત્વ પ્રાપ્ત કરવા માટે પ્રાણ કુંડલિનીનો વિનિયોગ છે. બીજા લક્ષ્યમાં પિંડપદને પરમ પદમાં લય કરી પરમમુક્ત અવસ્થા પ્રાપ્ત કરવાનો હોય છે. તે પ્રાણકુંડલિનીના ઉદ્બોધન વિના ચિત્ત કુંડલિનીની જાગૃતિથી પણ સીધું જ થઈ શકે છે. પહેલાને 'તારકયોગ' કહે છે. બીજાને 'અમનસ્કયોગ' કહે છે. પિંડસિદ્ધિ એટલે ઇચ્છાશક્તિનો જય. પરમપદની પ્રાપ્તિ એટલે ઇચ્છાશક્તિનો લય.

લયયોગમાં સાડાત્રણ આંટા દઈ સૂતેલી કુંડલિનીના બદલે સાડાત્રણ માત્રાના ઓમકારનું સ્થાન છે. કુંડલિનીની જેમ એ સૃષ્ટિનું આદિ મૂળ છે અને સકળ સંસારમાં વ્યાપ્ત છે. આ એકાક્ષરી મંત્રનો અનુભવ કરતાં પિંડમાં રહેલા બ્રહ્માંડનું, સમસ્ત વિશ્વનું રહસ્ય ખુલ્લું થઈ જાય છે અને અમૃતપદની પ્રાપ્તિ થાય છે. આ અક્ષરને હૃદયમાં ઉતારતાં અજર થવાય છે. અને નવ જીવન પામેલો મનુષ્ય નિર્ભય બની સંસારના સંગ્રામમાં ખેલે છે. ઓમકારના જપથી સાધનાની ગતિ આભ્યંતર થતી જાય છે અને મહાનાદમાં અહમ્‌નો લય થઈ જાય છે. મૂળ એક જ સ્વરૂપમાં અનેક વિવિધ સ્વરૂપો વિલીન થઈ જાય છે. અ, ઉ, મ એ ત્રણ ભૌતિક અને અર્ધો બિન્દુમાત્રા એમ સાડાત્રણ માત્રાનો બનેલો આ ઓમ ત્રણસૃષ્ટિ, ત્રણ વાણી અને ત્રણ અવસ્થા સાથે ત્રણ માત્રાનો સંબંધ ધરાવે છે અને એ ત્રણ થી પર રહેલી અર્ધી માત્રા પરમાત્મપદને સૂચવે છે. ઓમકારમાં સમસ્ત સ્થૂળ અથવા દૃશ્યમાન સૃષ્ટિ 'અ' માત્રારૂપ, સમસ્ત સૂક્ષ્મ અથવા તૈજસ સૃષ્ટિ 'ઉ' માત્રારૂપ અને સમસ્ત કારણ અથવા પ્રાજ્ઞસૃષ્ટિ 'મ' માત્રારૂપ અભિપ્રેત છે. સમષ્ટિની જેમ વ્યષ્ટિના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહના લય ભણી ઓમકારનો જપ લઈ જાય છે. આ ત્રણેય સૃષ્ટિને દેહનો છેવટે એકમાત્ર પરમાત્મતત્ત્વમાં લય થાય છે. ત્રણ વાણી જોતાં 'અ' માત્રા વૈખરી વાણી, 'ઉ' માત્રા મધ્યમા વાણી, અને 'મ' માત્રા પશ્યંતી વાણી રૂપે ઓમકારમાં રહી છે. આ ત્રણ વાણીઓ છેવટે પરા વાણીમાં લય થાય છે. ત્રણ અવસ્થાઓ જોતાં 'અ' માત્રા જાગ્રત અવસ્થા, 'ઉ' માત્રા સ્વપ્ન અવસ્થા અને 'મ' માત્રા સુષુપ્ત અવસ્થા બતાવે છે. આ ત્રણે અવસ્થાનો ચતુર્થપાદ તુર્યાવસ્થામાં લય થાય છે. આ રીતે પ્રણવની 'અ' 'ઉ', 'મ' એ ત્રણે માત્રાનો એ ત્રણથી પર રહેલી અર્ધી માત્રામાં લય થાય છે. અનંત બ્રહ્મસાગરમાંથી બિંદુવત્ મનુષ્યનું અસ્તિત્વ પુનઃ બ્રહ્મમાં જ લય પામે છે.

રાજયોગ હઠયોગની જેમ પ્રાણનિરોધથી શરૂ કરી મનને વશ કરવા તરફ જવાને બદલે મનથી શરૂ કરી પ્રાણને કાબૂમાં લાવે છે. શરીરના રાજા મન ઉપર એનો સીધો પ્રભાવ હોવાથી એ રાજયોગ કહેવાય છે. તેમાં મનને જ મન વડે -મનથી જીતવાનો કીમિયો છે. પ્રથમ વિવેકખ્યાતિ જાગૃત કરી એટલે કે નિત્ય અને અનિત્ય, સુખમય અને દુઃખપદ વસ્તુનું બરાબર મનન કરી આ યોગમાં પગલું ભરવાનું છે. રાજયોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, ધ્યાન, ધારણા અને સમાધિ એ આઠ અંગોનો સમાવેશ થતો હોઈ તેને અષ્ટાંગયોગ પણ કહે છે. જે આપણે આગળ જોયું છે. રાજયોગ દ્વારા નિર્વિકલ્પ સમાધિમાં મંત્ર, હઠ અને લયના જેવી જ અંતિમ અદ્વૈતાનુભૂતિ થાય છે. ધ્યાનયોગમાં

અજપા સાધના સાથે ધ્યાનને જોડી દેવામાં આવે છે. ઘણીવાર મેઘધનુષ્યના સાત રંગોના વર્તુળને નજર સમક્ષ રાખી તેના ઉપર ક્રમશઃ જાંબલી, નીલી, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ એમ જુદા જુદા રંગો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. સાતેય રંગમાંથી શ્વેતપ્રકાશ ઊઠવા લાગે તેની સાથે એકાગ્રતા સાધતાં સાધક ચિત્તનો વિસ્તાર સાધતો રહે છે. નેવરીયાજીએ આજ પધ્ધતિને જુદા જુદા રંગના દડાઓની કલ્પનાઓ દ્વારા ધ્યાન કરવાના પ્રયોગની રીતે વિકસાવી છે. સુવર્ણ દડાની માથા ઉપર લટકતી હોવાની કલ્પના કર્યા પછી તે દડો ધીમે ધીમે સહસ્રાર ચક્ર ભણી આવતો જાય છે એવી કલ્પના કરવાની હોય છે. સહસ્રાર ચક્રભણી આવતા દડાનો રંગ જાંબુડો થતો જાય છે, સુવર્ણ દડો સહસ્રાર ચક્રમાં સ્થિર થાય છે ત્યારે જાંબલી રંગનો થઈ ગયો હોય છે. પછી ત્યાંથી આજ્ઞાચક્ર તરફ, ત્યાંથી વિશુધ્ધ ચક્ર, હૃદયચક્ર, મણીપૂર ચક્ર, નાભિચક્રમાં થઈ મુલાધાર ચક્રમાં પ્રવેશે છે ત્યારે તેનો રંગ ક્રમશઃ-નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ બનતો જાય છે. આવા ધ્યાનમાં સમાધિ લાગી જાય છે અને ધીમે ધીમે પરમ સાક્ષાત્કારની ક્ષણો પ્રાપ્ત થાય છે. ધ્યાનનું મહત્ત્વ તો લગભગ દરેક સાધુ-સંતો અને સંપ્રદાયોએ સ્વીકાર્યું છે. રજનીશ, બ્રહ્માકુમારી, દિવ્યજીવનસંઘ, અરવિંદો ઈત્યાદિએ પણ ધ્યાનને સાધનામાં મુખ્ય ઘટક માન્યું છે. શ્રી અરવિંદનો યોગ 'પૂર્ણ યોગ' કહેવાય છે કારણકે ઉપરોકત બધા યોગમાં માનવ પ્રાણ ઊંચે ઊઠી બ્રહ્મમાં - પરમતત્ત્વમાં ભળી જાય છે. એનાથી માત્ર એ વ્યકિતનો ઉધ્ધાર થાય છે પરંતુ સમગ્ર જગતના જડત્વને મીટાવવું હોય તો તે દિવ્યતાને પુનઃ માનવ-દેહમાં અવતારવી પડે, આથી માનવ ચેતનાનું આરોહણ કરાવી દિવ્ય ચેતનામાં લય સાધી પુનઃ એ દિવ્ય બનેલી ચેતનાને માનવમાં અવતારવાની -માનવને સદેહે દેવ બનાવવાની પ્રક્રિયામાં એ યોગની પૂર્ણતા જુએ છે. બીજાઓ જયાં પૂર્ણમાં લય પામવાને પૂર્ણતા માને છે ત્યાં અરવિંદ અનંતને બિંદુમાં અવતારવા સુધી યોગને આગળ પહોંચાડે છે અને એને "પૂર્ણ યોગ' એવું નામ આપે છે.

સાધનાથી શરીર-મનની શુધ્ધિ અને વૃધ્ધિ બંને થાય છે. જેમ આયુર્વેદમાં રોગને દૂર કરવા માટે પહેલાં 'પંચકર્મ' જરૂરી છે તેમ માણસની પાંચ કર્મેન્દ્રિયો તેમજ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા ભેગા થયેલા વધતા ઓછા દોષો નિવારવા 'પંચસાધન' જરૂરી છે. 'માણસને શરીરની સાથે જ પાંચ સાધન મળ્યાં છે. તે છે ઈન્દ્રિયો, મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર. આમાં ઈન્દ્રિયો બહારના કરણ -સાધન અને બાકીનાં ચાર અંદરનાં કરણ-અંતઃકરણ ગણાય છે. આ ચાર ચિત્તની વૃત્તિઓ સાથે ઈન્દ્રિયોનું વર્તન જોડાયેલું છે. બંનેનું શોધન થતું આવે તેમ બંનેથી પર રહેલા શુધ્ધ તત્ત્વનું દર્શન સ્પષ્ટ થતું આવે છે.' શંકરાચાર્યે આ માટે 'પંચાયતન' ની ઉપાસના પ્રચલિત કરી. તેમાં પોતાના ઈષ્ટદેવને મધ્યમાં રાખી સાધક પાંચ દેવની પૂજા કરે છે. ત્યારે પોતાની વૃત્તિ જેમાં સ્વાભાવિક સ્થિર થાય છે, તેનું ધ્યાન ધરતા તે બીજી શકિતઓને પણ પોતાનામાં જગાડે છે. ગણેશ, વિષ્ણુ, સૂર્ય, શકિત અને શિવ -આ પાંચ દેવનાં સ્વરૂપો દ્વારા પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશની શુધ્ધિ જ અભિપ્રેત છે. બહારની સાધના -પૂજા આંતરિક શકિત જગાડી ન શકે તો એ જડ ક્રિયાકાંડ બની જાય છે એટલે બહારના આધારો હોવા છતાં માણસે અંદરથી પોતાનો આધાર ઊભો કરવો જોઈએ. તાંત્રિક સાધકોએ એટલા માટે દેવનું નિવાસસ્થાન જ શરીરની અંદર રહેલા જુદા જુદા ચક્રોમાં સ્થાપી આપ્યું છે. મુલાધાર પૃથ્વી ચક્રના દેવતા ગણેશથી તેઓ સાધનાનો આરંભ કરે છે. આમાં સંપ્રદાય અનુસાર જુદી જુદી માન્યતાઓ ઊભી થઈ છે પણ મૂળમાં પૃથ્વીના અધિષ્ઠાતા ગણેશ, જળના વિષ્ણુ, અગ્નિના સૂર્ય, વાયુના શકિત અને આકાશના શિવ -એમ માનવામાં આવે છે.

પૃથ્વી એ કર્મનું ક્ષેત્ર, જળ એ ભક્તિનું ક્ષેત્ર, અગ્નિ એ જ્ઞાનનું ક્ષેત્ર, વાયુ એ પ્રાણશક્તિનું અને આકાશ એ નિષ્કર્મનું ક્ષેત્ર છે.

પૃથ્વીની સાધના એ કર્મની સાધના છે. કર્મને શુદ્ધ કરતાં કરતાં શૂન્ય કરી નાખવામાં એ સાધનાની સફળતા છે. જળની રસમયતા અહીં સર્વસમર્પણી મન્થના પ્રેમ તરીકે પ્રગટ થાય છે. અગ્નિની તેજસ્વિતા પૃથ્વી પરનું જીવન પવિત્ર કરવાનો માર્ગ સૂચવે છે. ભગવાન બુદ્ધના પંચશીલ, ભગવાન મહાવીરના પંચમહાવ્રત, અને બ્રાહ્મણ પરંપરાના પાંચ યમનિયમ પૃથ્વીની સાધનાનાં પગથિયાં છે. ચિત્તશુદ્ધિથી સંતત્વને પામીને, તપોબળથી આત્મવિજય મેળવીને પ્રેમ, સંવાદ અને આનંદને પ્રાપ્ત કરવા એ પૃથ્વીની ઉપાસના છે. પૃથ્વીની સાધનામાં શુભનું ગ્રહણ અને અશુભનો ત્યાગ કરતા જઈ સત્કાર્યો દ્વારા પશુત્વ મનુષ્યત્વમાં પરિવર્તિત થાય ત્યારે જ બુદ્ધત્વ પ્રાપ્ત થાય. અહિંસા-કરુણાથી સ્વાર્થ પરમાર્થ ભણી વળી અહંના ક્ષુદ્ર વમળને ભેદીને બહાર નીકળે છે અને મનુષ્ય એટલો ઊંચે ચઢે છે કે ભગવત્‌ભાવને પામે છે.

જળની સાધના એ પ્રેમની સાધના છે. પૃથ્વીની સાધના સ્થિરતામાં વિકાસ સાધે છે જ્યારે જળની સાધનામાં ગતિમાં સ્થિરતા લાવવાની છે. વાસનાઓ પ્રેમમાં પલટાઈ જાય છે. વિરહાગ્નિ પ્રજ્વળી ઊઠે છે અને ઉત્કટ પુકાર ઇન્દ્રિયોના દ્વારેથી આવેગમય દોટ મૂકે ત્યારે માનવ પ્રાણ ઉન્મુખ બની પરમને મળવા ધસી જાય છે. અહીં શ્રદ્ધા ઉત્કટ અને વિરહોત્કંઠા પ્રબળ હોવી જોઈએ. એક જ રટનામાં નામ ચૈતન્ય જાગૃત થાય, આહાર-નિંદ્રા હરાઈ જાય, શરીરના પૃથ્વી તેમજ જળ તત્ત્વો શોષાઈ જાય છે ત્યારે શરીર તેજસ્વી બની જાય છે. શ્રદ્ધા અને ભક્તિથી ભગવત્‌શક્તિ નીચે ઊતરી આવી માણસના હૃદયમાં આસન જમાવે અને ભક્ત અને ભગવાનનું અભિન્ન અસ્તિત્વ, એકાત્મ મિલન સધાય.

અગ્નિની સાધના જ્ઞાનની સાધના છે. નચિકેતાની જેમ મૃત્યુની આંખમાં આંખો પરોવી જે પ્રષ્ટા બને છે તે જ જિજ્ઞાસુ પરમ દ્રષ્ટા બની શકે છે. ચિત્તશુદ્ધિના કોઈ આધાર વિના જ વિવેકનો દીવો લઈને સાધક બુદ્ધિથી પર મહત્‌ના પ્રદેશમાં પહોંચે છે. બુદ્ધિની મર્યાદા ભેદી તે પોતાના મહત્ સ્વરૂપને પામે છે ત્યારે ક્ષુદ્ર અહંકારમાંથી માનવી એક બૃહદ્ અહંકારના ક્ષેત્રમાં પહોંચી જાય છે. વ્યક્તિગત બુદ્ધિ મહત્‌માં પહોંચે છે ત્યારે અનાસક્તિ આવે છે અને નિરપેક્ષ ચિંતનમાં મહત્‌ની સીમારેખા વ્યક્ત-અવ્યક્ત, ગમ-અગમનું અને દૃશ્ય-અદૃશ્યની ક્ષિતિજને વટાવી તે અગમ, અદૃશ્ય, અનહદની લીલામાં રમમાણ બને છે. પોતાની જ અંદર રહેલી અસીમતાને અનુભવતો તે વિશાળ, મહદાત્માનો સ્પર્શ પામી ચૈતન્ય વિલાસની લીલાના રહસ્યને પામી કાળપુરુષના પગલાંને ખાળી અમૃતની પ્રાપ્તિ કરે છે.

વાયુની સાધના યોગસાધના છે. વાયુની સાધના પ્રાણજય, મનોજય અને અંતે મનોલયમાં પહોંચે છે ત્યારે પ્રાણ ઉન્મની અવસ્થામાં ગગનમાં એટલે કે બ્રહ્મરંધ્રમાં સ્થિર થાય છે. એ વખતે વાણીનો મનમાં, મનનો પ્રાણમાં અને પ્રાણનો અલખમાં અથવા બ્રહ્મમાં લય થાય છે. વૈદિકકાળથી જ પ્રાણ અને રયિ એ શક્તિઓનું જ્ઞાન ચાલ્યું આવે છે. પ્રાણ એ આદિત્ય અને રયિ એ ચંદ્ર છે. આપણાં શરીરની જેમ બ્રહ્માંડમાં પણ સૂર્ય-ચંદ્રનાડી સમાન ચાલતી હોય તે સમય વિશ્વસુષુમણાનો છે ત્યારે પ્રાણશક્તિ અને અપાનશક્તિ સમાનપણે વહેવા લાગે છે અને વિશ્વના શક્તિભંડારમાંથી આપણે શક્તિનો આવિર્ભાવ ઝીલી શકીએ છીએ. પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સાયંકાળ અને મધરાત –આ ચાર સમયે બ્રહ્માંડમાં સમાનવાયુ ચાલતો હોય છે તેને અમૃતવાયુ પણ

કહે છે. આ વખતે ધ્યાન કરવાથી પ્રાણસાધના મનસાધના બ્રહ્મસ્વરૂપને પામવામાં સહાયક બને છે.

આકાશની સાધના એ નૈષ્કર્મ્યની સાધના છે. આકાશ જેમ નિર્લેપ, નિર્ગુણ, અને નિરંજન છે તેમ મનની ચિત્તવૃત્તિ સાથે બ્રહ્માકાર વૃત્તિને જોડી દઈ 'હું બ્રહ્મ છું' એવો ભાવ અનુભવતાં અનુભવતાં બ્રહ્મરૂપ બનવાનું હોય છે. આકાશની સાધનાને 'અહંગ્રહ ધ્યાન' કે 'બ્રહ્માભ્યાસ' પણ કહે છે . બીજી સાધના માટે જે ધ્યેય છે ત્યાંથી જ અહીં સાધનાનો આરંભ થાય છે. 'બ્રહ્મબીજ'ની વાવણી ચિત્તભૂમિમાં ઊંડે કરી તેને વિકસાવવાનું છે. માણસે આત્મસ્વરૂપનું અનુસંધાન પરમતત્ત્વ સાથે સાધી, બ્રહ્મત્વના વિચારની ભૂમિકાને યથાર્થ બ્રહ્મીભૂતપણામાં સિધ્ધ કરવી પડે છે. બ્રહ્મત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે અહીં અનાયાસ સમાધિ અવસ્થા આવે છે. સમાધિ ક્રિયાશૂન્યતાને નિર્દેશે છે. આમ આકાશની સાધના એટલે વૃત્તિશૂન્યતાની સાધના છે. પૃથ્વીની સાધનામાં જડતાને દૂર કરી ઊંચે ઊઠવાનું છે, આકાશની સાધનામાં જગતના અણુએ અણુમાં મુક્તપણે પ્રવેશવાનું છે . આમ પૃથ્વીના કર્મથી શરૂ કરી આકાશના નિષ્કર્મમાં ભળી જવું કે આકાશના નિષ્કર્મથી માંડી નિર્લિપ્તભાવે સર્વ કર્મમાં ઓતપ્રોત થઈ જવું એ બંને છેડા જયાં મળે ત્યાં મનુષ્યની પૂર્ણતાનું બિંદુ રહ્યું છે.[૩૭]

સાધક કોઈપણ માર્ગે સાધના કરે સાધના ચેતનવંતી રાખ્યા વિના ચૈતન્યની પ્રાપ્તિ થતી નથી. જયાં સુધી માન્યતા અનુભવગત ન બને , તર્કબુધ્ધિને બદલે આત્મસૂઝ ન વિકસે અને ભ્રાન્તિને બદલે હૃદયમાં શાંતિ -કાંતિ ન સ્થપાય ત્યાં સુધી આ અનુભવનો પ્રદેશ ઊઘડતો નથી. એ માટે મુખ્ય ત્રણ ભૂમિકાઓ છે.૧. પ્રાણપ્રતિષ્ઠા ૨. હૃદયગ્રંથિભેદ ૩. કર્મમાં આત્મપ્રભા[૩૮]. મનુષ્ય કોઈપણ માર્ગે સાધના કરે તેની સાધના સામાન્યતઃ મન તથા વાણીમાં જ રમતી હોય છે. મન-વાણીના પડદાને હટાવી , આવરણ ભેદી આત્મશકિતના શુધ્ધ તત્ત્વને પ્રગટ કરતાં સાધનામાં પ્રાણપ્રતિષ્ઠા થાય છે. તર્કબુધ્ધિની સ્થૂળ ભૂમિકાને છોડી સૂક્ષ્મ ચિત્શકિતથી સાધના પરમતત્ત્વ પામવા આગળ વધે છે . હવે આ જાગૃત થયેલી શકિત હૃદયના સ્થૂળભાવને છેદવાનું અને સૂક્ષ્મદેહને પ્રગટ કરવાનું કાર્ય આરંભે છે. જયારે હૃદયની સ્થૂળચિત્તવૃત્તિઓ પૂર્ણપણે છેદાઈ જાય છે ત્યારે હૃદયગ્રંથિભેદ થયો કહેવાય છે . દેહભાવ લુપ્ત થાય છે અને પૂર્ણ જ્ઞાનનો અલૌકિક પ્રદેશ માણસ સામે ઊઘડે છે. તેજ-પુંજમાં વિહરતો આત્મા અદ્દભુત સુગંધ અને રોમાંચનો અનુભવ કરે છે. હૃદયગ્રંથિનો ભેદ એ શકિતનું વિસ્ફોટન છે. આને જ દિવ્યચક્ષુનો ઉઘાડ કહેવાય છે. પરંતુ પરમતત્ત્વની પ્રાપ્તિતો પ્રજ્ઞાચક્ષુના ઉઘડયા પછી જ થાય છે. અદ્દભુત સિધ્ધિઓના અલૌકિક સુંદરધામોને છોડી આત્મશકિત સહસ્રાર શિવક્ષેત્રમાં આકાશમાં પહોંચે છે ત્યારે આત્મા પરમાત્મામાં ભળી રહે છે. આમ કોઈ પણ સાધનાના માર્ગે સાધક ત્રણ તબક્કામાંથી પસાર થાય છે. પહેલો પ્રાણપ્રતિષ્ઠાનો એટલે કે શકિતના સ્ફુરણનો છે. બીજો હૃદયગ્રંથિનો ભેદ એ પ્રાણશકિતના વિસ્ફોટ અને દિવ્ય ચક્ષુના ઉઘાડ દ્વારા જ્ઞાનસિધ્ધિઓની પ્રાપ્તિનો છે. પણ પ્રજ્ઞાચક્ષુનો ઉઘાડ થયા પછી જ પરમતત્ત્વ સાથેનું મિલન શકય બને છે. પરમતત્ત્વમાં ભળી ભગવત્‌પદને, પરમપદને પામેલી વ્યકતિ ત્યાર પછી કોઈ પણ કાર્ય કરે તેમાં તેની આત્મપ્રભા પ્રગટતી રહે છે . કામપુરુષ હવે

---

૩૭. યોગપથ, મકરંદ દવે , ૧૯૭૮

૩૮. અંતર્વેદી, મકરંદ દવે, ૧૯૭૮, પૃષ્ઠ- ૭ - ૮

અ-કામ, આપ્તકામ, પૂર્ણકામ બને છે.વૈવિધ્ય સભર વિશ્વપ્રકૃતિ એક તેજો બિંદુથી વિંધાઈ જાય છે. આ પરમ ઉજ્જવળ શિવ-શુક્ર.પ્રજ્ઞાબિંદુને પામ્યા પછી પોતે શૂન્ય થઈને પૂર્ણ બની રહે છે. જીવભાવ શિવત્વથી ભેદાઈ ગયા પછી સાધકનો નવજન્મ થાય છે. સહસ્રદલમાં પ્રાણનો લય થાય છે અને એ પ્રજ્ઞાલોકના પરમ આનંદનો સાક્ષાત્ અવતાર બની જાય છે. પછી તે કર્મમાં અકર્મને , જીવનમાં મોક્ષને પામે છે. ચિત્ત આકાશ જેવું નિર્મળ અને નિર્લેપ થતાં નિષ્ફળ કર્મની અવસ્થા પ્રાપ્ત થાય છે. આમ કર્મમાં પ્રગટ થતી આત્માની પ્રભાને મુકત માનવનું મુક રીતે બોલતું જીવન કહી શકાય. દેહનું અસ્તિત્વ હોવા છતાં તે દેહભાવથી પર રહી વર્તી શકે છે. આવા મુકત માણસના બે લક્ષણો છેઃ પ્રજ્ઞા અને અચિંત્યકર્મ. સાધનાની ભૂમિકામાં સૌ પ્રથમ પ્રાણનો લય પ્રકાશમાં થાય છે. પ્રકાશનો લય પ્રજ્ઞામાં થાય છે, પ્રજ્ઞાનો લય પ્રેમ-આનંદમાં થાય છે[૩૯] પ્રાણની સાધના માણસને આનંદના સર્વોચ્ચ શિખરે લઈ જાય છે ત્યાર પછી આત્મપ્રભા પ્રગટે છે. તે માનવ જીવનનું સર્વોચ્ચ શિખર છે અને માનવકલ્યાણની ગંગોત્રી પણ છે. જ્યાં અંદરની અને બહારની ભિન્નતા મટી જાય ત્યાં અનંતનું કેન્દ્ર અને પૂર્ણત્વનો વિસ્તાર છે.

આમ અધ્યાત્મસાધના શરીર ,મન અને વૃત્તિઓના શોધન દ્વારા પ્રાણશકિતનું સ્ફુરણ , જ્ઞાનચક્ષુનું ઉન્મીલન અને ભગવત્પદની પ્રાપ્તિ પછી નિષ્કર્મમાં પ્રગટ થતી આત્મપ્રભા ચેતનવંતી રાખવી પડે છે. મારા સંશોધન -અભ્યાસના ત્રણ કવિઓ સુંદરમ્ , રાજેન્દ્ર શાહ અને મકરંદ દવે સાધકો છે . આ સાધના પદ્ધતિઓ વિષેના જ્ઞાન વિના તેમની કવિતાને પામવી અશકય હોઈ આ અધ્યાત્મસાધના વિષે વિગતે ચર્ચા કરવાનું મને આવશ્યક લાગ્યું છે . આ સાધનાપંથોનું જ્ઞાન તેમની કવિતાને સમજવામાં ઉપકારક છે. તો હવે અધ્યાત્મને વિષય બનાવતાં આધ્યાત્મિક સાહિત્યમાં કવિતાની ભૂમિકા અંગે વિચાર કરીએ .

## ૧.૨ ભારતીય સાહિત્યપ્રણાલીમાં અધ્યાત્મકવિતાની પરંપરા

વિવિધ વાદો અને વિચારોમાં ગુંથાતું જતું અધ્યાત્મ જેમ જુદી જુદી ભૂમિકાઓ પ્રગટાવે છે તેમ આધ્યાત્મિક સાહિત્યની -વિશેષતઃ કવિતાની પણ અનેક ભૂમિકાઓ સાંપડે છે. વેદકાલીન સાહિત્યથી આરંભાયેલી ભારતીય સાહિત્યપ્રણાલીમાં અધ્યાત્મકવિતાનું સ્વરૂપ એના ભિન્ન- ભિન્ન રંગ અને મિજાજના કવિઓ મારફત નવનવા ભાવમિજાજ ધારણ કરતું રહ્યું છે.

વેદ- ઉપનિષદમાં મંત્રોનું ઉદ્ગાન ધર્મ અને કાવ્યનું સુભગ સંયોજન છે. ઋગ્વેદમાં પરમબ્રહ્મનું ગાન કરતી ઋચામાં કયાંક હિરણ્યગર્ભની સ્તુતિ તો કયાંક પરમ-તત્ત્વને દિવ્ય જનનીરૂપે વર્ણવવામાં આવી છે. ઈન્દ્ર , વરુણ, અગ્નિ , ઉષા ઈત્યાદિ દેવ-દેવીઓની સ્તુતિમાં ઋષિઓના ઋજુ હૃદયનું માધુર્ય અધ્યાત્મ- કવિતાના પ્રથમ સ્પંદને જગાવે છે. આ વૈદિક ભકિતમાં ઈશ્વરને પિતા-માતા, પતિ અને પુત્ર તરફથી

---

૩૯. એજન, પૃષ્ઠ- ૪૮

સ્નિગ્ધ વૃત્તિયો જોનાર અને ઉપરની સુંદર કવિતામય ઉપમાઓથી એ વૃત્તિને વ્યક્ત કરનાર ઋષિઓના હૃદયમાં ભક્તિભાવનો સંચાર થયો હતો એમ તો નિઃશંક માની શકાય.[40] નૈમિત્તિક ધર્મ અને આચારધર્મને પ્રબોધનાર સૂક્તો પણ ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને સામવેદનો આધ્યાત્મિકતાનું જ અભિન્ન અંગ છે.

વેદોના દોહનરૂપ ઉપનિષદ્‌નો કવિતામાં મૂર્ત પ્રતીકાત્મક રૂપોમાં આધ્યાત્મિકતા સાકાર થઈ છે જે અલંકૃત કવિતાનાં ઉદાહરણ બને છે. સમગ્ર વિશ્વનું ગૂઢ દર્શન ઉપનિષદોમાં ચિંતનરૂપે નહીં પરંતુ મૂર્ત કલ્પન-પ્રતીકોના આશ્રયે રજૂ થયું છે. તર્કાતીત આત્માનુભૂતિને વ્યક્ત કરવા અહીં ઉપમાઓ, રૂપકો અને પ્રતીકો જ કાવ્યાભિવ્યક્તિમાં સંયોજાતાં રહ્યાં છે. વેદોની વાણી કવિહૃદયનો સ્વાભાવિક ઊર્મિનો પ્રથમ સ્પન્દ છે તો ઉપનિષદ્‌ની વાણી એ વેદોમાં નિરૂપાયેલી ભાવાભિવ્યક્તિની સૂક્ષ્માનુભૂતિને ઝીલતા હૃદયનો અહોભાવપ્રેરિત પ્રતિસ્પન્દ છે, માટે જ મૂળ ધ્વનિ કરતાં તેના પ્રતિધ્વનિમાંથી ઊઠતા અનુરણનનું માધુર્ય ઉપનિષદો પ્રગટાવે છે. ઘણીવાર કવિના કરતાં કવિતાનો રસાસ્વાદ વધારે મીઠો બની જાય છે, કેમકે તેમાં ભળેલો હોય છે નિજ અનુભવનો તુષ્ટિકર ઓડકાર. ઋગ્વેદના ઘણા મંત્રો યથાતથ ઉપનિષદોમાં ઉતાર્યા છે. ઋગ્વેદના જીવ અને બ્રહ્મરૂપી બે મિત્રપક્ષીઓનું વર્ણન કરતો મંત્ર મુણ્ડક અને માંડૂક્ય ઉપનિષદોમાં પણ મળે છે. 'જીવાત્મા અને પરમાત્મારૂપ બે પક્ષીઓ સાથે રહેનારા મિત્રો છે અને એકજ શરીરરૂપ વૃક્ષમાં ભેટીને રહ્યાં છે. તેમાનું એક પક્ષી (જીવાત્મા) મીઠું લાગતું (કર્મનું) ફળ ખાય છે અને બીજું (પરમાત્મા) તેને ન ખાતાં માત્ર જોયા કરે છે. એક જ વૃક્ષમાં આસક્ત બનેલો પુરુષ (જીવાત્મા) પોતાની લાચારી-ને લઈને મોહ પામીને શોક કરે છે પણ જ્યારે એ જીવાત્મા બીજા (પરમાત્મા) ને નિયંતા તરીકે જુવે છે ત્યારે 'આતો બધો આનો જ મહિમા હું જોઈ રહ્યો છું' એમ સમજે છે અને શોકરહિત બને છે'.[41] બ્રહ્મનું અક્ષરબ્રહ્મ 'ઓમ' રૂપે વર્ણન મુણ્ડક, માંડૂક્ય, તૈત્તિરીય, છાંદોગ્ય ઈત્યાદિ ઉપનિષદોમાં મળે છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે 'ઓમ'એ અક્ષરનું નામ ઉદ્‌ગીથ છે, તેની પૂજા કરવી'.[42] તૈત્તિરીય ઉપનિષદ્‌માં 'ઓમ'અક્ષરોના ઉચ્ચાર શીખવનારા શિક્ષાશાસ્ત્રનો ઉલ્લેખ છે.[43] માંડૂક્યમાં 'આ બધું ઓમ અક્ષરરૂપ છે' એવું કહેવામાં આવ્યું છે.[44] મુંડકમાં દ્વિતીય મુંડક પ્રથમ ખંડમાં ઋષિ શિષ્યને કહે છે— 'અક્ષરબ્રહ્મમાંથી વિવિધ પ્રકારના (જડ-ચેતનાદિ) પદાર્થો ઉત્પન્ન થાય છે અને છેવટે તેમાંજ લય પામે છે'.[45] બૃહદારણ્યક ઉપનિષદ્‌માં ભક્તિપૂર્ણ આવેશમાં કહેવાયું છે-' જે આ અંતરાત્મા છે તે પુત્રથી, વિત્તથી અને બીજી સર્વ વસ્તુથી પ્રિય છે'[46] આમ આપણી ભારતીય સાહિત્યપરંપરામાં અહીં કવિતા અને અધ્યાત્મદર્શન બંને પરસ્પર એકબીજામાં ઓતપ્રોત છે. કથા અને ગાથાના ગદ્યસાહિત્યના આરંભ પહેલાં તો સાહિત્ય રચનાનું માધ્યમ એકમાત્ર કવિતા જ હતી. પુરાણો અને મહાકાવ્યો પણ પદ્યસ્વરૂપમાં લખાયેલાં છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાત્મનું સર્વોચ્ચ શિખર સર કરતું એક સરળ, મધુર છતાં

---

૪૦. વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રી, ૧૯૧૭, પૃષ્ઠ-૨૫

૪૧. એકાદશ ઉપનિષદો, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ૧૯૪૬, પૃષ્ઠ- ૬૭

૪૨. એજન, પૃષ્ઠ- ૧૯૭

૪૩. એજન, પૃષ્ઠ- ૧૦૬

૪૪. એજન, પૃષ્ઠ- ૧૦૪

૪૫. એજન, પૃષ્ઠ- ૬૧

૪૬. વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રી, ૧૯૧૭, પૃષ્ઠ-૨૬, ૨૭

ગંભીર કાવ્ય છે.

સંસ્કૃત, પ્રાકૃત ,અપભ્રંશ અને તેમાંથી ઉદ્ભવેલી ભાષાઓના સાહિત્યમાં ધર્મનીતિ અને ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ આપતું, પુરાણોનું લોકભોગ્ય નિરૂપણ કરતું, તેમજ પ્રાચીન અધ્યાત્મદર્શનને જુદી જુદી પરિભાષામાં વર્ણવતું વિપુલ સાહિત્ય મળે છે. ઈસુનો દશમી - અગિયારમી સદીમાં વૈષ્ણવમાં સંસ્કૃત , પ્રાકૃત અને જૂની ગુજરાતી ભાષાનું સાહિત્ય ઉપલબ્ધ છે. ભારતની અનેક લોકભાષાઓમાં આ સમય દરમ્યાન અનેક ગીતાઓ , વિષ્ણુપુરાણ , શિવપુરાણ , ભાગવતપુરાણ , કૃષ્ણજન્મ ખંડ, પદ્મપુરાણ , હરિવંશ, શાણ્ડિલ્ય , નારદ , પંચરાત્ર વગેરે પુરાણો અને સંત કવિઓની લોકબોલીઓની કવિતાઓ લખાઈ હતી. અગિયારમા શતકથી પંદરમા શતકમાં ઉત્તરભારતમાં જે ભક્તિ-સાહિત્ય રચાયું તેમાં બિલ્વમંગળ ઉર્ફે લીલાધર નાં 'કૃષ્ણકર્ણામૃત' અને 'ગોપાલ સ્તુતિ' શૃંગાર -માધુર્ય અને વાત્સલ્ય કૃષ્ણભક્તિનાં દ્યોતક છે. જયદેવે કૃષ્ણ-ગોપીના સંભોગ શૃંગાર કે વિપ્રલંભ શૃંગારને ભક્તિના અનુષંગે 'ગીતગોવિંદ'માં નિરૂપ્યો. પંડિત હેમાદ્રિનો 'ચતુર્વર્ગ -ચિંતામણી 'જેવો ગ્રંથ કે બોપદેવનો 'હરિલીલાવિવેક'પણ ખૂબ આદર પામ્યા હતા . વિષ્ણુદાસ ભીમે 'હરિલીલાષોડશકલા' નામે 'હરિલીલાવિવેક'ને ગુજરાતીમાં પણ ઉતાર્યો છે. બંગાળના ચંડીદાસ ( ઈ.સ.૧૪૦૦ ), વિદ્યાપતિ (પંદરમી સદી ) એ બંગાળી ભાષામાં રાધાકૃષ્ણનાં ભક્તિવિષયક ગીતો રચ્યાં છે. રામાનંદના બાર શિષ્યોમાં નિર્ગુણવાદી કબીરે રામભક્તિને નિર્ગુણભક્તિમાં વિકસાવી મૂર્તિપૂજાનો, સગુણભક્તિનો વિરોધ કર્યો, યોગ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ આપ્યો. ' રામચરિત-માનસ' ના રચયિતા સંત તુલસીદાસે રામભક્તિ પ્રબોધી. શિવાજીનાં ગુરુ સમર્થ રામદાસે પણ રામભક્તિને મહત્ત્વ આપ્યું. તુલસી, કબીર, જાયસી, સુરદાસ, મીરા, રૈદાસ ઈત્યાદિએ પ્રાંતીય હિન્દી લોકબોલીઓમાં અધ્યાત્મકવિતા રચી . તો જ્ઞાનદેવ, એકનાથ, તુકારામે મહારાષ્ટ્રમાં મરાઠી ભાષામાં જ્ઞાનકવિતાની લ્હાણ કરી. પંજાબમાં નાનક તો ગુજરાતમાં દાદુ દયાળ અધ્યાત્મજ્ઞાનજયોતના જયોતિર્ધર બની આવ્યા. બૌદ્ધ,જૈન ધર્મની સાથે સાથે વૈષ્ણવ-શૈવ-શાક્ત માર્ગનાં ગીતો-ભજનો-પ્રાર્થના-સ્તુતિઓ પણ લોકભોગ્ય ભાષામાં રચાતાં રહયાં . ભાગવતમાંથી પ્રેરણા પામીને પશ્ચિમ ભારતમાં જયારે વલ્લભાચાર્ય પ્રેમલક્ષણા-ભક્તિની ગુંજ જગાવતા હતા ત્યારે પૂર્વમાં બંગાળામાં ચૈતન્યમહાપ્રભુ માધુર્યભક્તિને ઉડિયા ભાષામાં પબોધતા હતા. આમ તેરમા-ચૌદમા સૈકામાં ભારતમાં વિશાળ પાયા પર ભક્તિઆંદોલન પ્રવર્ત્યું તેમા ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ, ઉત્તરભારત, પંજાબ દરેક પ્રાંતના સંતકવિઓએ પરિભ્રમણ કરીને કે અન્ય રીતે પોતપોતાની આગવી ધર્મભાવનાથી સમગ્ર ભારતવર્ષને પ્રભાવિત કર્યું હતું .

અર્વાચીનયુગમાં પણ અધ્યાત્મના પ્રાચીન - મધ્યકાલીન સ્રોતોમાંથી વધતા ઓછા અંશે પ્રેરણા ઝિલાતી જ રહી છે. મધ્યયુગના ભક્તિઆંદોલન પછી અર્વા-ચીનયુગમાં ભારતમાં સ્વાતંત્ર્ય-આંદોલન આરંભાયું . આથી અર્વાચીનયુગમાં ભારતની બધી ભાષાઓમાં કવિતા ઉપર ગાંધીજી અને તેમના દર્શનનો પ્રભાવ મહદ અંશે ઝીલાયો. આથી કવિતામાં સમાજવાદ , માનવતાવાદ અને રાષ્ટ્રપ્રેમ રૂપે આધ્યાત્મિકતા પ્રગટ થઈ . 'દરિદ્રનારાયણ 'નો ખ્યાલ પ્રચાર પામ્યો . સ્વાતંત્ર્યોત્તરકાળની સૌંદર્યલક્ષી કવિતામાં પણ પ્રણય અને પ્રકૃતિની સાથે અધ્યાત્મચિંતન ભારતની પ્રત્યેક ભાષાની કવિતામાં વણાતું રહયું . રવીન્દ્રનાથ ટાગોરની ' ગીતાંજલિ ' આધ્યાત્મિક કવિતાનો ઉત્તમ નમૂનો છે. તેના અન્ય ભારતીય ભાષાઓમાં અનુવાદ થયા અને તેના અંગ્રેજી અનુ-વાદના માધ્યમે તે ભારતના બીજા પ્રાંતોમાં જ નહીં વિશ્વમાં પણ સ્થાન પામી . શ્રી અરવિંદના ' સાવિત્રી'માં પણ અધ્યાત્મચિંતન પ્રગટ થયું છે. આવા પ્રશિષ્ટ અધ્યાત્મ-

કવિતાના વિકાસને ઝીલતી ગુજરાતી અધ્યાત્મકવિતા પણ સાથે સાથે જ વિકસતી રહી છે. મધ્યયુગમાં નરસિંહથી આરંભાઈ દયારામ સુધી અને અર્વાચીન યુગમાં નર્મદ-દલપતથી આરંભાઈ નિરંજન -રાજેન્દ્ર સુધીના અનેક કવિઓએ પરમતત્ત્વ પ્રત્યેની અભીપ્સાના ઉદ્‌ગારો ઝીલતી કવિતા આપી છે. શ્રી રમણલાલ જોષી કહે છે તેમ 'કશાક અપાર્થિવ તત્ત્વની અભિમુખતા, ઉદાત્ત તત્ત્વ પ્રત્યેનું અભિસરણ કોઈ મંગલમય ભાવના કે પરમતત્ત્વની ઝંખના કે અણસાર જેમાં નિરૂપાયો હોય એવી રચનાઓને આધ્યાત્મિક કવિતા, ધાર્મિક કવિતા, અતીન્દ્રિય અનુભવની કવિતા ભક્તિકવિતા એમ જુદાં જુદાં અભિધાનોથી ઓળખવામાં આવે છે.[૪૭] અને આવી પરંપરા વેદકાળથી માંડી અદ્યાપિપર્યંત કાવ્યમાં પ્રગટતી રહી છે.

## ૧:૩ કવિતા અને અધ્યાત્મનો આંતરસંબંધ

કવિતા અને અધ્યાત્મનો સંબંધ તેમનું નિષ્પત્તિજન્ય એકત્વ દર્શાવે છે. દાર્શનિક પરિભાષામાં કહીએ તો અધ્યાત્મના પરમચૈતન્યપ્રભાવથી કવિતા જીવંત, દેદીપ્યમાન, ભવ્ય બની છે, જ્યારે શ્રેષ્ઠ કવિતા અધ્યાત્મતત્ત્વની હંમેશા વાહક બની છે. કવિતાનો પ્રથમ ઉદ્‌ગાર, કવિની સંવેદનાનો પ્રથમ સ્પંદ તેની આધ્યાત્મિક ક્ષણોનો સાક્ષી હોય છે. કવિતા અને અધ્યાત્મ તેમના ઉદ્‌ભવકાળથી એકબીજાની સાથે અભિન્ન રીતે જોડાયેલાં છે. કાવ્યસર્જનપ્રક્રિયા સ્વયં એક આધ્યાત્મિક ક્રિયા છે. ભારતીય તથા પશ્ચિમના ઘણા કાવ્યવિવેચકોનો એ મત છે કે કાવ્યરચના કોઈક દિવ્યપ્રેરણાનું પરિણામ છે. ઉત્કૃષ્ટ કવિતા હંમેશા પ્રક્ષિપ્ત ચેતનાના આવેગને ઝીલે છે. કવિનો કાવ્યવિષય સાથેનો સાક્ષાત્કાર એક વિશિષ્ટ ઐક્યાનુભૂતિને પ્રગટ કરે છે જે સ્વયં એક આધ્યાત્મિક પ્રક્રિયા બની રહે છે. પરંતુ વિશેષરૂપે અધ્યાત્મને વિષય બનાવીને રચાયેલી કવિતાને જ આપણે અધ્યાત્મકવિતા ગણીએ છીએ.

સામાન્ય રીતે ધાર્મિક કવિતા આધ્યાત્મિક કવિતા તરીકે જ ઓળખાતી આવી છે. જ્યાં કવિતા ધર્મપ્રચારનું કે અધ્યાત્મભાવને પ્રગટ કરવાનું માધ્યમ બની જાય છે ત્યાં કવિતાનું કાવ્યત્વ મહદ્‌અંશે જોખમાયું છે. ક્યારેક અધ્યાત્માનુભૂતિ અને કાવ્ય બંને ઉત્કૃષ્ટ હોય છે ત્યાં શ્રેષ્ઠ અધ્યાત્મકવિતા આપણને પ્રાપ્ત થાય છે. અધ્યાત્મનો અનુભવ ભલે ઇન્દ્રિયાતીત હોય કાવ્યાનુભવ ઇન્દ્રિયગ્રાહ્ય હોવો જોઈએ . કવિને સ્થૂળદર્શનની પારનું દર્શન કરવું પડે છે . આથી જ ક્રાન્તદ્રષ્ટા કવિ પોતાના ઇન્દ્રિયાતીત અનુભવને શબ્દોના માધ્યમથી કેટલા અંશે ઇન્દ્રિયગ્રાહ્ય બનાવવામાં સફળ થાય છે તેના ઉપર જ કાવ્યની ઉત્કૃષ્ટતાનો આધાર રહેલો છે.

આનંદશંકર ધ્રુવ કવિતામાં જે ધાર્મિકતાની અપેક્ષા કરે છે તે ધાર્મિકતા તે બીજું કંઈ નહીં કવિની સ્વાનુભૂતિને શબ્દમાં ઉતારવાની સજ્જતા જ છે, કવિની આ સજ્જતા અગોચર તત્ત્વને ગોચર કરવાની ક્ષમતામાં છે. તેઓ કહે છે કે 'બુદ્ધિ, હૃદય અને કૃતિ ઉપરાંત એક અપેક્ષા ધાર્મિકતાની છે. આ ધાર્મિકતા ઉઘાડી પ્રતીત થવી જોઈએ એમ તાત્પર્ય નથી , જ્યાં ધાર્મિકતા પ્રગટરૂપે હોય ત્યાં ભક્તિ અને જ્ઞાન અને જ્ઞાનરસની કવિતા થાય છે પણ એ તો કવિતાનો એક પ્રકાર છે , કવિતાનું સામાન્ય

---

૪૭. પરબ અંક -૬, જૂન- ૧૯૯૪, પૃષ્ઠ- ૩૩

સ્વરૂપ નથી. કવિતાના સામાન્ય સ્વરૂપમાં જે ધાર્મિકતાની અપેક્ષા છે, તે વિશ્વની પાર રહેલા તત્ત્વનું સૂચન, માત્ર કલા અને કવિતા દ્વારા ચાતુરીથી દર્શન કરાવવામાં રહેલી છે.[૪૮] આમ ધાર્મિક કવિતા અને કવિતાની ધાર્મિકતા અંગેના વિચારોમાં જેને આપણે કવિતાનું અધ્યાત્મ કે અધ્યાત્મની કવિતા કહીએ છીએ તે જ છે. કવિતાનું અધ્યાત્મ એટલે કવિની સ્વદર્શનને શબ્દમાં ઉતારવાની કલા. કવિની સજ્જતા અને અનુભવની સૂક્ષ્મતા - તીવ્રતા ઉપર ઉત્કૃષ્ટ કાવ્યસર્જનનો આધાર છે. ઘણીવાર કવિની સજ્જતાનાં બાહ્ય ઉપકરો બધાં સબળ હોય પણ અનુભૂતિની ઊંડાઈ કે સચ્ચાઈની શિથિલતા હોય ત્યાં કવિતાનું ભવ્ય સૌંદર્ય પ્રગટતું નથી. એ જ રીતે અનુભૂતિ ગમે તેટલી ઊંડી, ઘન અને સાચી હોય તે શબ્દોમાં પૂર્ણતયા ઝિલાય નહીં તો પણ તે વાચક માટે પ્રત્યાયનક્ષમ બનવામાં એ ઊંચાઈએ પહોંચતી નથી.

આ રીતે જોતાં આપણે કહી શકીએ કે માત્ર ધાર્મિક કવિતા અધ્યાત્મ-કવિતા બનતી નથી. ઘણાં ધાર્મિક કાવ્યો કાવ્યત્વની દૃષ્ટિએ બહુ ગણનાપાત્ર હોતાં નથી. ધાર્મિકતા કે અધ્યાત્મનો વિચારભાર કવિતાના કાવ્યત્વને કચડી નાખે છે. માટે જ નરસિંહરાવ જે 'જીવતા અગ્નિ'ની વાત કરે છે તે અનુભૂતિની સચ્ચાઈમાંથી પ્રગટેલું જીવંત દર્શન છે. ધર્મપ્રચારનું માધ્યમ બનેલી પ્રચાર-કવિતા એટલે જ કાવ્યત્વની ઊંચાઈને આંબી શકતી નથી. અધ્યાત્મની ઊંચાઈને સર કરેલા વિવેકાનંદ, રામતીર્થ જેવાની કાવ્યોમાં કાવ્યના અધ્યાત્મનો અભાવ વર્તાય છે. આધ્યાત્મિક અનુભવ જ્યાં સુધી કાવ્યાનુભવ ન બને ત્યાં સુધી શ્રેષ્ઠ અધ્યાત્મ-કવિતા સર્જાતી નથી. માટે જ સ્ટીફન સ્પેન્ડરે કવિનું કાર્ય એ સંતના કાર્યની જેમ એક પવિત્ર કાર્ય માન્યું છે. પણ ઉમેર્યું છે કે કવિનું CONCENTRATION અને અધ્યાત્મ-સાધકનું CONCENTRATION એ બેમાં ફેર છે.[૪૯]

આ અંગે પશ્ચિમના વિચારકોના મતને સ્પષ્ટ કરતાં રમણલાલ જોષી કહે છે કે ધાર્મિક કવિતા અને આધ્યાત્મિક કવિતા સામાન્યતઃ સમાનાર્થરૂપે પ્રયોજાય છે. એલિયેટે સત્તરમી સદીના કેટલાક કવિઓને METAPHYSICAL POETS રૂપે તારવીને તેમની ચર્ચા કરી છે. પણ METAPHYSICAL POETS કે METAPHYSICAL POETRY ની વ્યાખ્યા કરવી અત્યંત મુશ્કેલ હોવાનું જણાવ્યું છે. જ્યોર્જ સાન્તાયન PHILOSOPHICAL POETS શબ્દો વાપરે છે. લ્યુક્રેશિયસ, ડેન્ટે અને ગેટે વિશે લખતાં તે કહે છે કે અમુક બિંદુએ ફિલસૂફ કવિ બને છે અને કવિ ફિલસૂફ. તત્ત્વજ્ઞ કવિ મનુષ્યની આખીય દુનિયાને પોતાના ઊંડળમાં લે છે અને વિશ્વક્રમનું આકલન આપે છે. આવી તત્ત્વજ્ઞાન-કવિતાને તે ઊંચી કોટિની લેખે છે, The height of poetry is to speak the language of the gods. સત્તરમી સદીની આધ્યાત્મિક કવિતા માટે પ્રસંગોપાત Religious poetry કે Transcendental poetry શબ્દો યોજાતા જોવા મળે છે. જ્યોર્જ હર્બર્ટ ઉપરના સ્વાધ્યાય-ગ્રંથમાં માર્ગરેટ Bottrall બતાવે છે કે હર્બર્ટ એની માતા દ્વારા મહાન કવિ જોન ડનના સંપર્કમાં આવ્યો હતો. તેમ છતાં એની કવિતા ઉપર ડન કરતાં વિશેષ પ્રભાવ ખ્રિસ્તી સંપ્રદાયનો પડેલો છે અને પાદરી થયા પછીની એની રચનાઓ સંપૂર્ણપણે ખ્રિસ્તી સંપ્રદાયના સિદ્ધાંતોને અનુસરતી હોવા છતાં સ્વકીય અનુભૂતિને કારણે માત્ર સાંપ્રદાયિક ભક્તિસ્તોત્રરૂપ બનતી નથી પણ માનવહૃદયના પરમતત્ત્વ પ્રત્યેના ભક્તિપૂર્ણ અભિસારરૂપ બને છે.[૫૦] આમ ધાર્મિક

---

૪૮. પરબ, અંક-૬, જૂન-૧૯૯૪, પૃષ્ઠ- ૩૩
૪૯. એજન, પૃષ્ઠ- ૩૪
૫૦. એજન, પૃષ્ઠ- ૩૫

કવિતા, આધ્યાત્મિક કવિતા અને સાંપ્રદાયિક કવિતા એવા ભેદો સામાન્ય રીતે પાડવામાં આવતા નથી. પાશ્ચાત્ય વિચારણામાં પણ અધ્યાત્માનુભવ કાવ્યાનુભવ બંને એ અત્યંત જરુરી લેખાયું છે.

આ રીતે જોતાં અધ્યાત્મ-અનુભવ ભલે ઇન્દ્રિયાતીત હોય કાવ્યાનુભવ ઇન્દ્રિયગ્રાહ્ય હોવો જોઇએ. કવિને કાવ્યસર્જનની પ્રક્રિયામાં સ્થૂળદર્શનની પારનું દર્શન કરવું પડે છે એ દૃષ્ટિએ જ કવિને ક્રાન્તદૃષ્ટા કહ્યો છે. આ 'ક્રાન્તદૃષ્ટા' શબ્દ પોતેજ એવો આધ્યાત્મિકતાનો સૂચક છે એટલે તો સાચી કવિતા હંમેશ અધ્યાત્મ-ભાવગર્ભિત રહેવાની. કવિતા બંનેને અપર-પરને, ઇન્દ્રિયગત અને ઇન્દ્રિયાતીતને સંયોજિત કરે છે. વ્યક્તિ-ચૈતન્યનો વિશ્વચૈતન્ય સાથે એમાં યોગ સધાય છે. આપણી ભારતીય કવિતામાં આવી પરંપરા આપણને છેક પ્રાગૈતિહાસિક વેદકાલીન સમયથી મળી છે. વાણીના પ્રકારમાંથી ત્રણઃ પરા, પશ્યંતી અને મધ્યમા છે ગુહા-નિહિત (અંતરતમમાં). મનુષ્ય ઉચ્ચારે છે તે તો છે ચતુર્થ વૈખરી. વૈખરીમાં જ કવિતા વ્યક્ત થતી હોવા છતાં, કવિ-મનીષી પોતાના જ કથનમાં જે ગુહાનિહિત છે એને પ્રગટ કરે છે સાંકેતિકરૂપે. આ અર્થમાં જ કવિ ક્રાન્તદૃષ્ટા છે. કાવ્યાંગ રચાય છે ભાવ, ભાષા અને ભંગિની સમુચિત અન્વિતિથી. ભાવ છે વૃત્તિજન્ય, કલ્પનોત્થ પ્રતિભાસંપન્ન, ભાષા છે અલ્પતમ શબ્દોના વિનિયોગવાળી પ્રતીકાત્મક, સાંકેતિક અને ભંગિ (શૈલી) છે લય અને નાદ - ધ્વનિયુક્ત.[51] એટલે જ કવિતાપ્રવૃત્તિ એક આધ્યાત્મિક પ્રવૃત્તિ બની રહે છે. કાવ્યસર્જનપ્રક્રિયા વિશે શ્રી અરવિંદ 'ફ્યુચર પોએટ્રી'માં પોતાના વિચારો વ્યક્ત કરતાં કહે છે- 'સઘળું સર્જન તેની અંતરતમ પ્રક્રિયાના રહસ્યમાં જોવા જઇએ તો એક જાતની અગમ્ય ઘટના છે. સર્જનમાં તેનું મન આલોચનાત્મક રીતે કે રચનાત્મક રીતે જે ભાગ જ્ઞાન-પૂર્વક ભજવે છે તે પણ બુદ્ધિ કરતાં સહજપ્રજ્ઞાની ક્રિયા વિશેષ હોય છે. અધ્યાત્મ-શક્તિનો દિવ્યઆવેગ કવિમાં નિક્ષિપ્ત થતાં તે સર્જન કરે છે, તેનું ચિત્ત એ અધ્યાત્મ-શક્તિનો વાહિની અથવા તો કરણ બની રહે છે, અને એ સર્જનનો રસાસ્વાદ લેવાનું કાર્ય કવિ પોતે કે બીજાઓ બૌદ્ધિક વિવેક દ્વારા નહિ પણ આધ્યાત્મિક સંવેદન દ્વારા કરે છે.[52] સુંદરમ્ પણ અરવિંદની મંત્ર-કવિતાથી મુગ્ધ છે. તેઓ કાવ્યસર્જનની પ્રક્રિયાનો વિચાર કરતાં અરવિંદની વિચારણાને જ સ્વીકારે છે. પાશ્ચાત્ય વિવેચનમાં આ માન્યતાને પુષ્ટિ મળે છે.

જો કે કવિને પોતાના ચિંતનને પ્રગટાવવામાં સાહિત્યનાં અન્ય સ્વરૂપો કરતાં કાવ્યસ્વરૂપ જ વધારે અનુકૂળ આવે છે. કારણ કે જે અમૂર્ત ભાવો કે વિચારો પ્રગટ કરવામાં જયાં શબ્દો ઊણા ઉતરે છે ત્યાં લય, પ્રતીકો, કલ્પનો, છંદો અને અલંકારોનો વૈભવ તેની મદદે આવે છે. 'પરંતુ કાવ્યની રચનાપ્રક્રિયામાં રૂપનિર્મિતિસહાયક પ્રયુક્તિઓમાં પ્રભુત્વ વિનાના કવિનું ચિંતન કવિતામાં આયાસયુક્ત અને ચિંતનના ભારથી કાવ્યત્વને કચડી નાંખે છે. અલબત્ત ઉદાત્ત કલાકૃતિ તો સ્વયં અધ્યાત્મપ્રવૃત્તિ બની રહે છે. કવિ ઉમાશંકર જોષી તેમના 'આધ્યાત્મિક કવિતા પ્રતિ' લેખમાં કહે છે તેમ 'કવિ ગમે તેવો ભૌતિક સપાટીએ હોય, એણે ઉપાડેલા ભાવ ગમે તેવા તુચ્છ હોય એમનું એને હાથે કાવ્યમાં પરિવર્તન થતાં વેંત, એ કલાકૃતિ બનતાંની સાથે જ ચૈતન્ય

---

૫૧. પરબ અંક -૧, જાન્યુઆરી-૧૯૯૪. પૃષ્ઠ- ૫-૬

૫૨. શબ્દયોગ. સંપા. મફત ઓઝા, સુધા પંડ્યા. ૧૯૮૪. પૃષ્ઠ-૪૩

પદાર્થ બને છે.......આખી કલાકૃતિના સંદર્ભમાંથી જે ધ્વનિ ઊઠે છે તેની ગુંજના, તેના સૂર ( tone ) માં કવિનો આત્માનો વૈભવ પ્રગટ થયા વગર રહેતો નથી.... કલાકૃતિમાં કવિની ચેતનાની બૃહત્તતા, એના આત્માનું માધુર્ય, એના હૃદયની અગાધ કરુણા, છતાં થઈ જતાં હોય છે અને એ જ છે કવિતાનું અધ્યાત્મ.[53] આમ કવિતામાં નિરૂપાતા અન્ય વિષયો જેવા કે પ્રકૃતિપ્રેમ, રાષ્ટ્રભાવના, પ્રણય જેવો જ અધ્યાત્મ એક અલગ કાવ્યનો વિષય નથી. એ તો ઉત્કૃષ્ટ કાવ્યકૃતિમાં કવિના આત્માના વૈભવરૂપે ધ્વનિત થતો, નિરંતર સ્પર્શાતો વિષય છે. જો કે સાચી કલાકૃતિ જે સ્વયં આધ્યાત્મિક છે, તેમાં પણ કેટલીક અધ્યાત્મપરક વિશેષભાવે અધ્યાત્મને અવલંબતી હોઈ શકે.રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ'ની ઊર્મિકવિતા એનો ઉત્તમ નમૂનો છે.' આવી અધ્યાત્મકવિતાના સંદર્ભમાં ગુજરાતી કવિતાના વિકાસનો આલેખ મેળવીએ .

## ૧:૪ ગુજરાતી અધ્યાત્મકવિતા

**મધ્યયુગ**

મધ્યકાલીન ગુજરાતી કવિતામાં કેન્દ્રસ્થાને રહેલી ભક્તિનાં મૂળ ભાગવત કરતાં યે જૂનાં છે . ભાગવતના રાસપંચાધ્યાયી શ્લોકથી શૃંગારભક્તિનો પ્રારંભ થયો. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રેમલક્ષણાભક્તિનો ગાયક અને ગુજરાતી અધ્યાત્મકવિતાનું ઉચ્ચોચ્ચ શૃંગ તો નરસિંહ પહેલાં જ છે. નરસિંહ જયદેવ ને 'રસમગ્ન' તરીકે ઓળખાવી એના ઋણનો સ્વીકાર કરે છે.વૈષ્ણવધર્મની વ્યાપક અસર નીચે વિકસિત મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા રચનાર કવિઓની અવિચ્છિન્ન પરંપરામાં જ્ઞાન અને પ્રેમ-ભક્તિની ઉત્કૃષ્ટ કવિતા ગાનાર આદ્યકવિ 'નરસિંહ'હૃદયનાં સરલ ,સહજ અને હૃદયસ્પર્શી ભાવ ગાનાર પ્રેમદિવાની મીરાં , જ્ઞાનવૈરાગ્યનો ઉપદેશ લઈને આવતો અખો, પ્રેમભક્તિધારાનો અંતિમ છતાં તેજસ્વી સમર્થ કવિ દયારામ ઉપરાંત અનેક ભક્ત- સંત- કવિઓએ મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતામાં પ્રદાન કર્યું છે.

ભાગવત અને જયદેવની અસર હેઠળ પદોની રચના કરનાર નરસિંહે ઉપદેશ, જ્ઞાન અને વૈરાગ્યનાં પદો આપ્યાં છે. એમાં વ્યક્ત થતો ભાવ શુદ્ધ અને સંસ્કારી છે. એનાં શૃંગારભક્તિનાં થોડાંક પદો બાદ કરતાં , નરસિંહમાં માર્દવ, નિખાલસપણું અને કવિહૃદયની નિર્મળતાના દર્શન થાય છે . એની ભાષા સરલ અને ભાવવાહી છે. ઉપનિષદોની કોટિએ કાવ્યમય જ્ઞાનવાણી ' જાગીને જોઉં તો જગત દીસે નહીં' એવાં પદોમાં શબ્દ અને અર્થનું સાયુજ્ય જોવા મળે છે. શંકરાચાર્યના જ્ઞાનમાર્ગનો નરસિંહને પરિચય હતો, એ શુષ્ક જ્ઞાનને નરસિંહે ખૂબ જ સહજ અને સરલ રીતે અભિવ્યક્ત કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં શુદ્ધ ભક્તિનો પ્રચાર કરનાર આ ભક્તશિરોમણિ નરસિંહનું સ્થાન ભક્તિ સાહિત્યના ઈતિહાસમાં ઉજ્જવળ છે. રમણલાલ જોષી કહે છે તેમ એમનું એક જ પદ 'નિરખ ને' આધ્યાત્મિક અનુભૂતિની જે ગહરાઈ બતાવે છે તે આપણી કવિતામાં વિરલ છે.

---

૫૩. એજન, પૃષ્ઠ- ૯૦

'નિરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો ?
'તે જ હું ' 'તે જ હું ' શબ્દ બોલે.
ઝળહળ જયોત ઉદ્યોત રવિ કોટમાં
હેમની કોર જયાં નીસરે તોલે,
સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે,
સોનાના પારણા માંહી ઝૂલે'

નરસિંહનું આ અને ' અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' જેવાં કાવ્યોનો ઉલ્લેખ કરી ગોવર્ધનરામ કહે છે કે તેનાં કાવ્યો એવા બિંદુએ પહોંચે છે જેમાં રાસલીલાનું મનુષ્ય-હૃદયના શ્રી હરિ સાથેના રાસનું -રૂપક એક રૂપક તરીકે ન રહેતાં પ્રેમકથારસમાં અને વિભૂતિવંદનામાં એકરસ થઈ જાય છે. નરસિંહ ' સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે ' એમ કહ્યા પછી ' સોનાના પારણા માંહી ઝૂલે' એમ કહે છે ત્યારે તો કવિની વાણી અસંપ્રજ્ઞાતપણે ઉપનિષદોની ભવ્યતા સુધી પહોંચે છે. ઉમાશંકર પણ એવો જ પ્રતિભાવ આપે છે કે ' ગુજરાતી ભાષાનું જ નહીં પણ વિશ્વ સાહિત્યનું એક ભવ્ય ઉદાત્ત ચિત્ર પ્રત્યક્ષ થાય છે. બ્રહ્માંડના સોનાના પારણામાં ઝૂલતા આનંદક્રીડા કરતા સચ્ચિદાનંદ બાળકૃષ્ણનું વિરાટ સુંદર દર્શન આપણને મળે છે' આગળ તે ઉમેરે છે કે ' આ લઘુ કૃતિ એ વિરાટ અનુભૂતિ વિરાટ ( સબ્લાઈમ ) શબ્દરચનારૂપે મૂર્ત થયાનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. ગુજરાતી ભાષાની આધ્યાત્મિક કવિતાના એક શિખર રૂપ તો એ છે જ, જગત-કવિતામાં આ કક્ષાની કૃતિઓ વિરલ હોવા સંભવ છે. આમ નરસિંહની ભક્તિ તો કૃષ્ણ પ્રત્યેની છે પરંતુ વેદાન્તના જ્ઞાનથી સભર જ્ઞાન અને ભક્તિનું આવું અવિચ્છેદ્ય ઐક્ય જે વાણીમાં પ્રગટ થયું છે તે નિતાંત વિરલ છે.[૫૪]

મારુ ગુર્જરી કવયિત્રી મીરાં શુદ્ધભક્તિ પરંપરાના કવિઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કૃષ્ણને પૂર્ણપણે સમર્પિત તેને મન ગિરિધર ગોપાળ સિવાય અન્યનું કોઈ મૂલ્ય નથી. મીરાં રાજવી મહેલ ત્યજીને સાધુસંતોની સંગતમાં ફરે છે. આ સાધુસંતોની સાથે રહીને યોગક્રિયાઓનું જ્ઞાન તેણે પ્રાપ્ત કર્યું હોવાનું નીચેની પંક્તિઓમાં જણાઈ આવે છે.

'સુનો મૈંને હરિ આવન કી આવાજ
મહલ ચઢો ચઢો જોઉં મોરી સજની.
કબ આવે મહારાજ '

અને આર્તનાદ કરતાં 'વેગે આય મિલો મહારાજ'

આ રીતે મીરાંમાં આપણને યોગભક્તિનો સમન્વય જણાય છે તો નરસિંહમાં જ્ઞાનભક્તિનો સમન્વય જણાય છે. મીરાં એક તરફ આજ્ઞાચક્રારૂઢ સહસ્રારસ્થિત પરમતત્ત્વની આરાધના કરે છે તો બીજી તરફ પ્રીતમરૂપે કૃષ્ણમિલનનો તલસાટ સેવે છે. મીરાંમાં વિયોગની ભાવાભિવ્યક્તિની પ્રચુરતા જોઈ શકાય છે. વિરહ-વિષાદ જે રીતે એણે ઘૂંટી ઘૂંટીને ગાયો છે તેનાથી મીરાંનાં કાવ્યોમાં એકવિધતાનું તત્ત્વ ક્યારેક નીરસતા જન્માવે પરંતુ ભાવવૈવિધ્યના અભાવમાં પણ મીરાંનાં કાવ્યોમાં પ્રગટતી ઉત્કટ ઊર્મિલતા, લલિત-મધુર -કોમળ ભાવોની અભિવ્યક્તિ મનમોહક છે. હૃદયના સહજ ઉદ્ગારોની સચ્ચાઈ અને હૃદયસ્પર્શિતા ધ્યાનાકર્ષક છે એનાં કાવ્યોની સાદગી, સરળતા, ઋજુતા અને નિખાલસતાએ જ એને લોકપ્રિય કવયિત્રી બનાવી છે.

---

૫૪. પરબ અંક -૬. જૂન - ૧૯૯૪. પૃષ્ઠ- ૩૪

જ્ઞાનવૈરાગ્યની કવિતામાં ધાર્મિક પાખંડ સામે પ્રહાર કરતી અખાની કવિતા અભિનવ આનંદને પણ એની ચરમસીમાએ પહોંચાડે છે. અગોચર ગોચર થયાનો અદ્ભુત અભિનવો આનંદ પ્રગટ કરતાં અખો કહે છે કે -

'અભિનવો આનંદ આજ.
અગોચર ગોચર હવું એ,
જે પરપંચ પાર મહારાજ.
તે પૂરણ બ્રહ્મ હું સ્તવું એ'.

બ્રહ્મસાક્ષાત્કારનાં અભિનવ આનંદનું આ સહજ ગાન અખાના અલૌકિક ગૂઢ અનુભવને સહજ રીતરી આવેલી સ્વરવ્યંજનામાં આબાદ ઝીલે છે. અખાની જ્ઞાનવૈરાગ્યની કવિતા પણ પ્રેમથી અભિસિંચિત છે.

નરસિંહ - મીરાંના માનવ્યમાં પ્રણયાભિવ્યકિતનું વૈવિધ્ય કલાત્મક રીતે જેમાં ઝિલાયું છે તે છે વલ્લભ સંપ્રદાયનો પ્રખર અનુયાયી, પ્રેમલક્ષણાભકિતની દીર્ઘ પરંપરામાં આવતો છેલ્લો સમર્થ કવિ દયારામ. ગુજરાતની લોકપ્રિય ગરબીઓનો ગાયક દયારામ તેમના ભાવોની સુકુમારતા, ભાષાની માર્દવતા અને સૌંદર્યમંડિત ભાવાભિવ્યકિતમાં અજોડ છે. દયારામની કવિતામાં પણ નરસિંહની જેમ અસંયમિત શૃંગારનું નિરૂપણ જડે છે. પરંતુ સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી કહે છે તેમ, અસંયત ઇચ્છાશકિતના વિવિધ લાડીલા તરંગો રજૂ કરવાની દયારામ પાસે ચિત્તાકર્ષક જાદુઈ કલા છે.[55] નરસિંહ મહેતાના ભાવોને દયારામમાં એક કલાત્મક વિધાન સાંપડે છે. મીરાંની કૃષ્ણ સાથેની એકતા - આત્મલક્ષીતા દયારામમાં પરલક્ષી બની છે. ગોપીકૃષ્ણનાં સંવાદોમાં ઢળતી ગરબીઓમાં નાટ્યાત્મક ઊર્મિકાવ્યોનું એક નવતર પરિમાણ આપણને જડે છે. સાથે સાથે દેશી અને શાસ્ત્રીય રાગોની લયકારિતા શબ્દના અર્થને સુપેરે પ્રગટાવવા ઉપકારક જણાય છે. દયારામે પ્રગટ કરેલો ગોપીહૃદયનાં ભાવો એ ગુજરાતી સાહિત્યની અમૂલ્ય મૂડી છે. દયારામની ગરબીઓ ઊર્મિગીતોના ઉત્તમ નમૂના છે. શ્રી રમણલાલ જોષી કહે છે તેમ 'નિત્યનૂતન તત્વથી સભર એવા બંસીબોલના કવિ દયારામનું સ્થાન' મધ્યકાલીન પદ-કવિતા'માં ઘણું ઊંચું છે. દયારામમાં ભકિતનું સ્વરૂપ નરસિંહથી નિરાળું છે. નરસિંહે નિહાળ્યાં બ્રહ્મનાં લટકાં. એની સૃષ્ટિ બની રહી વૈશ્વિક પણ દયારામને એ માન્ય નથી. એની ભકિત એથી કાચી છે એમ પણ નહીં. પણ એમાં અનુરાગ છે પેલા વ્રજના દેહધારી કૃષ્ણ પ્રત્યે. એ તો સ્પષ્ટ કહે છે :

'વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું,
ત્યાં મુજ કાનકુંવર ક્યાંથી લાવું ?'

'પ્રગટ મળે સુખ થાય. શ્રીગિરિધર પ્રગટ મળે સુખ થાય.
અંતર્યામી અખિલમાં છે તેથી કહો કોનું દુઃખ જાય ?
વ્યાપકથી વાતો નવ થાયે. તે વિના જીવન અકળાય.
રસિયાજન મનરંજન નટવર. દયાપ્રીતમ ! વ્રજરાય'.

આમ દયારામનો પ્રેમ વૈશ્વિક બ્રહ્મ(કૃષ્ણ) સાથે નહીં. વૈયકિતક કૃષ્ણ (ગિરિધર)સાથેનો છે તે પણ ઉત્કટ. એમનાં પદોમાં આ વ્રજકુંવર પ્રત્યેની પ્રીતિ જ અનેક ભાવે હૃદયની ધડકન સાથે ઉત્કંપિત થઇ છે.[56]

---

૫૫. મધ્યકાલીન ગુજરાતી ભકિતકવિતા. ડૉ.જગદીશ શાહ. ૧૯૮૧.પૃષ્ઠ-૩૩૬
૫૬. પરબ અંક-૧.જાન્યુઆરી.૧૯૯૪.પૃષ્ઠ-૭

પંદરમા શતકથી ઓગણીસમા શતક સુધીના સમયમાં થઇ ગયેલા અસંખ્ય નાના મોટા કવિઓ- વીરસિંહ, કર્મણ, મંત્રી, માંડણ, બંધારો, વિષ્ણુદાસ ભીમ, કેશવદાસ કાયસ્થ , ભાલણ , નાકર, પ્રેમાનંદ, વિશ્વનાથ જાની , શ્રીદેવ વગેરેએ આખ્યાનો કે પદ દ્વારા ભકિતકવિતામાં પ્રદાન કર્યું છે, તો અખાની જેમ જ્ઞાનમાર્ગી કવિઓ - નરહરિ , પ્રીતમદાસ,નિરાંત, ભોજો, ધીરો વગેરે કવિઓ કે કબીરપંથી નિર્ગુણ કવિસંતો -ભાણસાહેબ , રવિસાહેબ, મોરારસાહેબ, ત્રિકમસાહેબ, હોથીસાહેબ, જીવણ-સાહેબ ( સંત જીવણદાસ કે' દાસી ' જીવણ ) કે સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ - મુકતાનંદસ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી , પ્રેમાનંદસ્વામી 'પ્રેમસખી', દેવાનંદ સ્વામી , મંજુકેશાનંદ સ્વામી વગેરે ગુજરાતી ભકિતકવિતામાં યથાશકિત પ્રદાન કરે છે.

આ સમયાવધિમાં સ્ત્રીકવિઓનો ફાળો પણ ઉલ્લેખનીય છે. જ્ઞાનમાર્ગી સ્ત્રીકવિઓમાં માન ભર્યું સ્થાન ભોગવનાર ગૌરીબાઈ નો 'વનેશ્વર વિશ્વમાં વિલાસ્યા જેમ ફુલન મેં બાસ', ' ગોરી મિટી બ્રહ્મ સનાતન જેમ સાગરમાં ગંગ ' - પંકિતઓમાં કવિત્વનો ઠીક ઠીક ઝાંખી થાય છે. વડનગરની કૃષ્ણાબાઈએ ૧૮૬ પંકિતનું 'સીતાજી ની કાંચળી' રામભકિતને વિષય બનાવી લખ્યું છે. કાવ્યને અંતે કહે છે તેમ ' સીતા-વિવાહ', 'રુકિમણીવિવાહ ' અને કૃષ્ણવિષયક પદો લખ્યાનું સમજાય છે. માનબાઈ અથવા રામબાઈનું એકપદ મળે છે . ઉમરેઠની પુરીબાઈનું છ કડવાંનું ' સીતામંગળ' માં સીતાવિવાહનું વર્ણન છે. ઉપરાંત પુષ્ટિમાર્ગીય બદરીબાઇ, જેઠીબાઇ,નિરાંતની શિષ્યા જણારસીબાઇ, જનીબાઈ, નાનીબાઈ , રતનબાઇ જેવી સ્ત્રીકવિઓ પણ છે. દોઢસો એક વર્ષ પહેલાં થઇ ગયેલાં ગંગાસતીનાં કેટલાંક ભજનોમાં અનુભૂતિનો રણકાર સંભળાય છે. તાજેતરમાં શ્રી મજબૂતસિંહજી જાડેજાએ પ્રગટ કરેલ 'શ્રી કહળસંગ ભગત , ગંગાસતી અને પાનબાઈની સંશોધનપરક સંક્ષિપ્ત જીવનકથા'માં એમનાં સંશોધિત ભજનો પણ આપવામાં આવ્યાં છે. ગંગાસતીનાં ' મેરુ તે ડગે જેનાં મન નો ડગે ',' વીજળીને ચમકારે મોતી પરોવવું પાનબાઈ ' વગેરેમાં ઉદ્બોધક શૈલીમાં ભકિતરસનું ગાન થયું છે. જયારે એમના પતિ કહળસંગ કબીર પરંપરામાં યોગક્રિયા અને આત્મજ્ઞાન વગેરેનો મહિમા કરે છે.[૫૭] ભકિતની ધારાને વિવિધ રીતે પ્રગટ કરવા સાથે સમાજની સંક્ષુબ્ધતાને બને એટલી નિવારવાનો કે યોગ્ય દિશામાં વાળવાનો ઉદ્વેગામી પ્રયાસ જે આ યુગના કવિઓમાં દેખાય છે તે જોતાં સમાજસુધારણાના પરોક્ષ ઉપકરણ તરીકેની એમની યોગ્યતા પણ નકારી શકાય એવી નથી. અને એ ધારામાં આગળ ગતિ કરતી આધ્યાત્મિકતા સુધારકયુગમાં પ્રવેશે છે.

## સુધારક યુગ

ઇ.સ. ૧૮૪૮-૫૦ થી ઇ.સ.૧૮૮૫-૮૭ સુધીનાં સમયાવધિને 'નર્મદ-દલપતયુગ' કે 'સુધારકયુગ' તરીકે આપણે ઓળખીએ છીએ. આ સમયે સામાજિક અને ધાર્મિક સંધાધૂંધી સામે વિરોધનો વંટોળ ઊઠે છે. ધાર્મિકક્ષેત્રે સંઘર્ષનો આ કાળ છે. ભકિતરસમાં ઝમેલી આધ્યાત્મિકતા અહીં દેવસ્થાને દેશ અને સમાજને રાખીને તેના પરિ-

---

૫૭. પરબ અંક-૬, જૂન- ૧૯૯૪, પૃષ્ઠ- ૩૭

ષ્કરણનો ઉપક્રમ દાખવે છે. માનવબંધુઓ પ્રતિ ઢળતા પ્રેમમાં કવિની ભક્તિ ઢળવા લાગે છે. મધ્યયુગની ધાર્મિકતાનો અમર્યાદ શૃંગાર અને ધર્મના નામે અપનાવાયેલી રુઢિ-ચુસ્તતાના બંધ અહીં તૂટી જાય છે. માનવચિત્તનું પરિષ્કરણ અને એ રીતે સમાજના પરિષ્કરણનું કાર્ય આરંભાય છે. એમ છતાં અધ્યાત્મનું પાતળું ઝરણ તો કવિતામાં હૃદયોન્મેષ પ્રગટાવતું વહ્યા કરે છે.

કવિ દલપતરામના 'હરિલીલામૃત ભાગ૧-૨' સહજાનંદ સ્વામીના જીવનપ્રસંગોનું નિરુપણ કરે છે. આ ઉપરાંત ગરબીઓ, ગીતો, પદો, મુક્તકો વગેરે રચનાઓ પણ ધર્મભાવનાના સાતત્યને ચાલુ રાખે છે. માનવબંધુઓ પ્રત્યેનો અઢળક પ્રેમ તેમનાં કાવ્યોમાં પ્રગટે છે. તો ધર્મવીર સુધારક નર્મદ સુધારાનો પ્રખર જ્યોતિર્ધર બને છે. પરંતુ આ ધાર્મિકતા મૃતપ્રાય બની છે એ ગાળામાં પણ સાચા ઈશ્વરભક્ત કવિ આપણને મળે છે ભોળાનાથ સારાભાઈ (ઈ.સ.૧૮૨૨ થી ૧૮૮૭). તેમણે 'ઈશ્વરપ્રાર્થનામાળા' અને 'અભંગમાળા'ની રચના કરી છે. ભોળાનાથ વિશે'આપણું સાહિત્ય'નાં લેખકો જણાવે છે તે પ્રમાણે 'અંગ્રેજોના આગમન પછી નવજાગૃતિનો જે યુગ આવ્યો તે યુગના આજ સુધીના સર્વ કવિઓમાં સાચા ઈશ્વરભક્ત ભોળાનાથનું નામ મોખરે આવે છે.એ પ્રાર્થના-સમાજી સુધારક ઈશ્વરને પિતા ગણતા. એણે સર્જેલી વિશાળ સૃષ્ટિ અને ખગોળ જોઈને આનંદ અનુભવતા 'વિવેચક રમણભાઈએ એમની કવિતાને પ્રાચીન-અર્વાચીન સર્વભક્તિ કવિતામાં શ્રેષ્ઠ ગણેલી છે. ભોળાનાથની કવિતામાં સ્થિરબુદ્ધિ છતાં સાચા ભક્ત-હૃદયની સાત્વિક લાગણીઓ ધબકે છે પણ એમાં પ્રેમલક્ષણાભક્તિમાં માનનારા નરસિંહ, મીરાં, કે દયારામનો તલસાટ જોવા મળતો નથી. આ કારણે માત્ર રસદૃષ્ટિએ વિચારતાં તેમની કૃતિઓ 'ઈશ્વરપ્રાર્થનામાળા' અને 'અભંગમાળા' આ કવિઓના કૃતિઓ કરતાં ઘણી ઊતરતી છે.[૫૮]

આ ઉપરાંત ગણપતરામ રાજારામ ભટ્ટ પાસેથી મહાભારતની કથાનો સંક્ષેપ આપતું 'લઘુભારત' પદ્યમાં ચાર ભાગમાં છે. આ યુગના કેટલાક ગૌણકવિઓ પૈકી કેશવરામ હરિરામ ભટ્ટનું કવિત્વ પ્રશસ્ય છે. ઈશ્વરભક્તિનાં કેટલાંક સુંદર પદો 'કેશવકૃતિ' માં છે. કવિ શિવલાલ ધનેશ્વર તુલસીદાસના 'રામાયણ'નો ગુજરાતી અનુવાદ આપે છે. આમ ધર્મનો એક પાતળો તાર કવિતાના પ્રવાહસાથે સંકળાતો રહે છે. પરંતુ આ યુગના પ્રધાન સૂરો તો પ્રણય,પ્રકૃતિ, દેશપ્રેમ અને સમાજસુધારણાના જ છે.

**સાક્ષરયુગ**

સાક્ષરયુગ ,પંડિતયુગ કે ગોવર્ધનયુગના નામથી ઓળખાતા સમયગાળામાં મણીલાલ ,બાલાશંકર, નરસિંહરાવ, કાન્ત, કલાપી, ન્હાનાલાલ ઈત્યાદિ અનેક કવિઓ કવિતામાં ધર્મની ઝાંખી પડતી જ્યોતને સંકોરે છે. મણિલાલ નભુભાઈ (૧૮૫૮-૧૮૯૮) 'આત્મનિમજ્જન'ની કવિતામાં ભજનો અને લોકઢાળની રચનાઓ તો બાલાશંકરના પ્રભાવથી ગઝલોમાં ફિલસૂફી પ્રગટ કરે છે. મણિલાલમાં તેમની અદ્વૈતદર્શનની ભૂમિકા કેટલીકવાર ગૂઢ રહસ્યનું આવરણ ધારતી દેખાય છે તો સૂફીઓનો મિજાજ પણ

---

૫૮. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પરિચય, નવદીપ પ્રકાશન ગૃહ, અમદાવાદ, ૧૯૮૨-૮૩, પૃષ્ઠ-૨૫

એમાં રણકો ઊઠે છે. તેમના જ મિત્ર બાલાશંકર કંથારિયા (૧૮૫૮-૧૮૯૮) મસ્તકવિ છે. એમનો કાવ્યસંગ્રહ ' કલાન્ત કવિ'માં પ્રણય તથા ભક્તિભાવનાં કાવ્યો છે ' હરિપ્રેમ-પંચદશી ' એમનો બીજો કાવ્યસંગ્રહ છે, જેમાંની ગઝલોમાં બાલાશંકર કવિ તરીકે ઝળકી ઊઠયા છે. ગુજરાતી કવિતામાં તેમણે ગઝલનું અવતરણ કર્યું છે. ગઝલોમાં તેમની મસ્તી અને બેફિકરાઈ દેખાદે છે . શંકરાચાર્યના 'સૌંદર્યલહરી'નો એમણે અનુવાદ કર્યો છે જેની અસર 'કલાન્તકવિ ' પર જણાય છે. 'કલાન્તકવિ'ની રચનાઓમાં શાકતદર્શનની પ્રેરણા સાથે સૂફીવાદની પેરણા ઝીલેલી જણાઈ આવે છે.

ગુજરાતી કવિતાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા (૧૮૫૯-૧૯૩૭) ઈશ્વરશ્રધ્ધાને કારણે કરુણમાં પણ મંગલનું દર્શન કરે છે જે એમનાં કાવ્યોમાં પ્રધાનસુર બની રહે છે. તેમના કાવ્યસંગ્રહો 'કુસુમમાળા',' હૃદય-વીણા', 'નૂપુરઝંકાર ', ' સ્મરણસંહિતા' પૈકી 'કુસુમમાળા' ગુજરાતી કવિતાના સૂકા અરણ્યમાં લીલી કુંજ બનીને આવે છે . 'હૃદયવીણા'માં પ્રકૃતિનું નિરુપણ અને એમાંથી માનવજીવનનું રહસ્ય શોધવા પણ કવિ મથે છે. પ્રણય અને ઈશ્વરશ્રધ્ધા પણ કાવ્યના મુખ્ય વિષયો બને છે. ' સ્મરણસંહિતા'માં તેમનું કવિત્વ ખીલી ઊઠયું છે. કવિનું જીવન-ચિંતન, અંતરની કરુણાસભર વ્યથા અને એ વ્યથાને અતિક્રમી જતી ઈશ્વરશ્રધ્ધાનું નિરુપણ આ કૃતિમાં ઉચ્ચકોટિના કાવ્યત્વને પ્રગટ કરે છે અને 'મૃત્યુ મરી ગયું રે લોલ' કે 'મંગળ મંદિર ખોલો ' જેવાં સુંદર ગીતો આપણને આપે છે.

કાન્તે (૧૮૬૭-૧૯૨૩) પણ તીવ્ર ધર્મમંથન અનુભવ્યું હતું . વડોદરામાં સ્વિડન બોર્ગનાં ગ્રંથોના વાચનને કારણે ખ્રિસ્તી ધર્મ ઉપર તેમની શ્રધ્ધા ઠરે છે . તેમના ઊર્મિકાવ્યોમાં ઈશ્વરપ્રીતિનાં કાવ્યોમાં એમની શ્રધ્ધા તથા એકનિષ્ઠ ભક્તિનો રણકો સંભળાય છે. ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ આ કાવ્યો પર દેખાઈ આવે છે. ઈશ્વરભક્તિનાં એમનાં કાવ્યોમાં પણ કરુણા જ રેલાઈ રહે છે. ખંડકાવ્યો અને ઊર્મિકાવ્યો દ્વારા ગુજરાતી કવિતાને એમણે નવો વળાંક આપ્યો છે.

કલાપી ( ૧૮૭૪-૧૯૦૦) એ આપેલાં ઊર્મિકાવ્યો , ખંડકાવ્યો અને ગઝલોમાં પ્રણય,પ્રકૃતિ અને પ્રભુપ્રેમ મુખ્ય છે. ઉત્તર જીવનમાં વૈરાગ્યનો ભાવ એમની કવિતામાં ઉત્કટપણે નિરુપાયો છે. 'કલાપીનો કેકારવ' એમનો કાવ્યસંગ્રહ છે.કવિનું જીવન પ્રારંભમાં રાગ-ત્યાગ વચ્ચે ઝુલતું હતું , પણ આયુષ્યનાં અંતિમ વર્ષોમાં વૈરાગ્ય પ્રતિનો એમનો ઝોક પ્રબળ બન્યો હતો . એ સર્વત્ર ઈશ્વરનું જ દર્શન કરે છે. એમનાં વૈરાગ્યભાવનાનાં કાવ્યોમાં એમની અવિચલ અને દૃઢ ભક્તિશ્રધ્ધા વ્યકત થયાં છે. અનુભૂતિની તીવ્રતા, આંતરસચ્ચાઈનો રણકો , કલ્પના -ઊર્મિનો સ્વસ્થ ઉન્મેષ એમની ભક્તિવૈરાગ્યની લાક્ષણિકતા છે. ' આપની યાદી ' એમનું અને ગુજરાતી કવિતાનું અમર કાવ્ય છે. ગઝલમાં તેમનું મહત્ત્વનું પ્રદાન છે . સૂફીવાદની મસ્તી કલાપી ઉત્કટતાથી ગાય છે. પ્રણય અને વૈરાગ્યના ભાવોને એમણે ગઝલોમાં ઉત્કટ ભાવાવેશથી આલેખ્યા છે. આમ કલાપીમાં પ્રણયની સ્વાનુભૂતિ ત્યાગ - વૈરાગ્યના રંગ ધારણ કરતાં તેમાં આગવો મિજાજ ઉમેરાય છે. સૂફી દર્શનનો રંગ તેમની બાનીમાં અજબનો પલટો આણે છે.

અર્વાચીનકાળમાં ' પ્રેમભક્તિ ' જેનું તખલ્લુસ છે તે કવિ ન્હાનાલાલની રચનાઓમાં ભક્તિરસના ફુવારા ઊડે તે સ્વાભાવિક છે . પ્રેમ તે એમનાં ઊર્મિકાવ્યોનું ચાલકબળ છે, તો ભક્તિ ન્હાનાલાલની કવિતાનો એક વિશિષ્ટ ઉન્મેષ છે. તેમની પાસેથી પ્રાપ્ત થતાં પ્રભુભક્તિનાં કાવ્યોમાં ઈશ્વરદર્શનની તીવ્ર તરસ પ્રગટ થાય છે, ઝંખનાની ઉત્કટતા છે અને ઈશ્વરનું શરણ કવિ શોધે છે. કયારેક અધ્યાત્મ-અનુભૂતિને

પણ કવિ ઋજુતાથી આલેખે છે તો વૈરાગ્યના ભાવને પણ ગાય છે. આ ભક્તિકાવ્યોમાં ઊર્મિની સાથે સાથે કવિની ચિંતનસમૃદ્ધિનાં દર્શન થાય છે. પરંતુ ચિંતન કરતાં ય અંતરની આરત, આરજૂ, વિશેષ પ્રગટ થયાં છે. ઈશ્વર પરની કવિની પ્રબળ શ્રધ્ધા પણ અભિવ્યક્ત થઈ છે. 'નયણાંની આળસ', 'વિરાટનો હિંડોળો', 'ફૂલડાં કટોરી', 'ધૂમકેતુનું ગીત' ઈત્યાદિ સુંદર ઊર્મિકાવ્યો આપણું ધ્યાન ખેંચે છે. એમના 'મારા નયણાંની આળસ રે ન નીરખ્યા હરિને જરી' એ ભક્તિગીતમાં કવિએ વિરાટનું અદ્દભુત વર્ણન કર્યું છે. નરસિંહ પછી અધ્યાત્મની ભવ્ય અભિવ્યક્તિ આપણને ન્હાનાલાલમાં સાંપડે છે.

પંડિતયુગમાં અરદેશર ફરામજી ખબરદારનું પણ કવિ તરીકે ગણનાપાત્ર સ્થાન છે. નરસિંહરાવ અને ન્હાનાલાલની કવિતાનો પ્રભાવ એમની કવિતા પર છે. એમણે ઊર્મિકાવ્યો, રાસ, ભજન, ખંડકાવ્યો, સોનેટ વગેરે સ્વરુપોમાં પ્રણય, પ્રભુભક્તિ, રાષ્ટ્રભક્તિ અને ચિંતનને વિષયો બનાવી કાવ્યરચના કરી છે. પ્રભુભક્તિની તેમની કવિતામાં આત્મસમ્બ્યાઈનો રણકો છે. 'ભજનિકા', 'કલ્યાણિકા', 'કીર્તનિકા', 'નંદનિકા'માં એમનાં પ્રભુભક્તિનાં કાવ્યો સંગૃહિત થયાં છે. તેમાં ભક્તિ, શ્રધ્ધા અને ચિંતનનો ત્રિવેણી સંગમ થયો છે. જૂનાં ભજનોના ઢાળમાં અંતરના ભાવોને સરળતાથી, સાહજિકતાથી ને પ્રાસાદિકતાથી એ નિરુપે છે પણ મધ્યકાલીન સંતકવિઓનો ઉત્કટ ભાવોદ્રેક કે ન્હાનાલાલની રમણીયતા એમની ભક્તિકવિતામાં દેખાતી નથી; છતાં કેટલાંક ભજનોમાં ભાવસંવેદનની, ચિંતનની રમણીયતાનાં દર્શન થાય છે.'દર્શનિકા' પુત્રી નેહમીના મૃત્યુ નિમિત્તે રચાયેલું કાવ્ય છે જેમાં ધર્મ, તત્ત્વજ્ઞાન અને કવિતાનો સમન્વય સધાય છે. આ કરુણપ્રશસ્તિમાં જીવન, મૃત્યુ, ઈશ્વર આત્મા, પરમાત્મા, જગત-યોજનાની મંગલમયતા. કવિની શ્રધ્ધા તથા કવિના ચિંતનનો સમાવેશ થયો છે.

કવિ બોટાદકરની કવિતામાં પણ ભજનો તથા ચિંતનકાવ્યો દૃષ્ટિ-ગોચર થાય છે. જન્મશંકર મહાશંકર બુચ 'લલિત'નાં કાવ્યોનો સંગ્રહ 'લલિતનો લલકાર'-માં ભક્તિભાવની કવિતા સવિશેષ મળે છે. એમની કવિતામાં સંગીતનું પ્રાધાન્ય જોવા મળે છે. આ અરસામાં મણિલાલ, બાલાશંકર અને કલાપીની મસ્તરંગી કવિતાનું સાતત્ય સાધનારા ત્રણ કવિઓ થઈ ગયા, તે 'મસ્તકવિ' ત્રિભુવન પ્રેમશંકર (૧૮૬૫-૧૯૨૩), 'સાગર' તરીકે જાણીતા જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી (૧૮૮૩-૧૯૩૬) અને 'બુલ-બુલ' અને 'ચમેલી'ના કવિ બેરિસ્ટર ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી (૧૮૫૭-૧૯૩૭). મસ્તકવિ ત્રિભુવનના ત્રણ કાવ્યસંગ્રહો પૈકી 'સ્વરૂપપુષ્પાંજલિ'માં તત્ત્વાનુ-ભૂતિના રણકારવાળાં જ્ઞાનભક્તિનાં પદો છે. તેમની રચનાઓમાં ફારસી કવિતાની મસ્તી ઉપરાંત ગોરખસંપ્રદાયની અસર પ્રથમવાર પ્રત્યક્ષ થાય છે. જગન્નાથ ત્રિપાઠી 'સાગર' ઉચ્ચકોટિના સાધક કવિ હતા. તેમણે હિમાલયમાં તપશ્ચર્યા કરી હતી અને અજાતવાદ, સૂફીવાદ, વેદાંત અને પ્રેમલક્ષણાભક્તિનો અભ્યાસ કર્યો હતો. વિપુલ પ્રમાણમાં તેમણે પદો, ભજનો, ગરબી, ગરબા, તિથી, વાર, મહિના, કક્કો, આરતી, ધોળ, સાખી, કાફી અને પ્રભાતિયાં જેવાં જૂનાં તેમજ ગઝલ, ખંડકાવ્ય અને ઊર્મિકાવ્ય જેવાં અર્વાચીન સ્વરુપોમાં કવિતા રચી-છે. તેમની કવિતામાં ભક્તિ, વૈરાગ્ય અને અદ્વૈતના સાક્ષાત્કારની ઝંખના અને અનુભુતિનો આનંદ વિવિધ અને વિલક્ષણ રીતે વ્યક્ત થયો છે. તેમની પ્રેમલક્ષણાભક્તિ સુફી સ્વાંગમાં વ્યક્ત થાય છે તેની સાથે રાધાકૃષ્ણ-ની ક્રીડારૂપે પણ નિરુપાય છે. મસ્તકવિની માફક તેમાં કબીર-ગોરખનું ગૂઢવાદી તત્ત્વનિરુપણ પણ છે. આમ તેમનાં ભજનો ને પણ જૂની સંત-પરંપરા સાથે અનુસંધાન છે. તેમની વાણીમાં જૂના-નવાં હિન્દી-ગુજરાતી પ્રતીકોનું મિશ્રણ છે. 'સાગરે' ગુજ-

રની ભક્તિકવિતાને સૂફીતત્ત્વનો સ્પર્શ આપ્યો અને તેનું જૂના સંતોની અનુભવવાણી સાથે અનુસંધાન કરી આપ્યું તે તેમની વિશિષ્ટતા ગણાય. આમ સાક્ષરયુગમાં ગુજરાતી કવિતા પાછી અધ્યાત્મના મૂળ પ્રવાહને ઝીલતી જણાય છે.

## ગાંધીયુગ

ગાંધીયુગની કવિતાક્ષેત્રે સુંદરમ્- ઉમાશંકરની બેલડી સાથે સ્નેહરશ્મિની કવિતા સંવાદના સૂરો લઈને આવે છે. સુંદરમે કવિતા લખવાનું વહેલાં શરૂ કર્યું હતું પરંતુ ઉમાશંકરનો 'વિશ્વશાંતિ' કાવ્યસંગ્રહ પહેલા પ્રગટ થયો, જેમાં સૌ પ્રથમ વિશ્વ માટે શાંતિનો સંદેશ, વિશ્વમાનવની કલ્પના, વિશ્વકુટુંબની ભાવનાને અભિવ્યક્તિ મળી, પ્રેમ અને શાંતિમાં જ માનવ-કલ્યાણનો માર્ગ નિહિત છે, એ વાત પ્રગટ થઈ. ઉમાશંકરે પ્રકૃતિ - પ્રણયનાં કાવ્યોમાં પણ આત્મચિંતન પ્રગટ કર્યું. મહાભારતના પ્રસંગો પર આધારિત 'પ્રાચીના' પદ્ય નાટકો અને અનુગામી કાવ્યસંગ્રહ 'મહાપ્રસ્થાન' માનવોની હૃદયચેતનાને જગાવવામાં ઉપકારક બન્યાં. ગાંધીભાવનાને જે દિવ્યવાણીથી વધાવે છે કે વ્યક્તિ માટે કલ્યાણનો કેડો બની રહે છે.

'ગુલામ દેરે વહો મુક્તિ ગંગા'
ઊડે ધ્વજો અંતર સ્નેહ રંગ્યા !'

માનવ-માનવ પ્રત્યેની અનુકંપા અને શાંતિમાં શ્રદ્ધા પ્રગટાવતાં કવિનાં કાવ્યો માનવોને આત્મકલ્યાણનો માર્ગ ચીંધે છે.

એમની સાથે કાવ્યક્ષેત્રે એટલું જ મહત્ત્વનું પ્રદાન કરનાર ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર 'સુંદરમ્'નું નામ ગણાવી શકાય. દીન-દલિત પ્રત્યેની હૃદયવેદનામાંથી કાવ્યઝરણું ફૂટે છે જે પ્રભુની વિડંબના કરતાં કાવ્યોથી આરંભાઈ પ્રભુની જ શરણાગતિમાં આગળ વધે છે. 'કોયાભગતની કડવી વાણી'માં સમાજવાદી ભૂમિકા પ્રગટાવતાં દલિતો માટેનાં કાવ્યો છે, તો 'કાવ્યમંગલા' અને 'વસુધા'માં પ્રભુ પ્રત્યેની આરત, પ્રાર્થનાઓ, ઝંખનાઓ અને વિશ્વસૌંદર્યના ઉપાસનામાં કવિ નિમગ્ન બને છે. 'યાત્રા' થી કવિનું અરવિંદની શરણાગતિ સ્વીકાર્યા પછીનું અધ્યાત્મ-ઉડ્ડાન આરંભાય છે જે 'વરદા', 'મુદિતા', 'ઉત્-કંઠા' અને 'અનાગતા' કાવ્યસંગ્રહોમાં ઉત્તરોત્તર અધ્યાત્મનાં ઉચ્ચોચ્ચ શિખરો સર કરતી કવિની સંવેદનાઓ પ્રગટ કરે છે. કવિના મરણોત્તર કાવ્યગ્રંથો 'લોકલીલા', 'ઈશ', 'પલ્લવિતા' અને 'મહાનદ'માં કવિનાં અગાઉ લખાયેલાં અપ્રગટ કાવ્યો પણ કવિની અધ્યાત્મની ભૂમિકાને રજૂ કરે છે.

ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'ના 'અર્ધ્ય', 'પનઘટ' ઇત્યાદિ કાવ્યસંગ્રહોમાં વિસંવાદો ટાળી સંવાદ સ્થાપવાના, વિશ્વનાં દુઃખોનું નિરાકરણ શોધવાના કવિ પ્રયત્નો કરે છે. ઊર્મિકવિ અને ચિંતક તરીકેની તેમની પ્રતિભાના દર્શન આપણને તેમની કવિતામાં થાય છે. તો કૃષ્ણલાલ શ્રીધરાણીની કવિતામાં ધર્મની રૂઢિગતતાની ઝાટકણી અને રવીન્દ્રનાથ ની અસર દર્શાવતી સુંદર રહસ્યમય કાવ્યતત્ત્વવાળી રચનાઓ જોવા મળે છે. સુંદરમ્‌ની જેમ એમને સમાજની દીનતાનું દુઃખ છે. દેવતા સમક્ષ દીવા કરવા કવિ પાસે નથી કોડિયું, નથી દિવેટ કે નથી તેલ. એ હૈયાનું કોડિયું રચે છે અને

'આંસુ સર્યાં, દીપક તેલ સાંપડ્યું'

તેમાંથી 'કોડિયાં'નાં કાવ્યોની દીપમાળ પ્રગટે છે. પ્રભુ કવિને હૈયાસરસો ચાંપે છે. પણ દિવ્ય અપંતીપનો અગ્નિ તેના હૃદયને બાળી રહ્યો છે. હરિની બાથમાંથી છૂટો

થનોને લાડમાં કહે છે -

'જરા રહું ત્યાં અપનાવ ના હરિ'
હરે ઊંડો ભૂખ દુરાધ્ય દેવનો''

આમ ગાંધીયુગમાં ગાંધીભક્તિ સાથે સાથે અધ્યાત્મનાં ઘેરા રંગને પણ કવિ પ્રગટાવે છે.

મેઘાણીની માફક સ્વકીય ચિત્તથી સમકાલીનોથી જુદા તરી આવતા બીજા કવિ છે હરિશ્ચંદ્ર ભટ્ટ. તેમની કવિતાનો પ્રણયભાવ કવિની દૃષ્ટિ અંતર્મુખ થતાં વિશાળ ફલક ઉપર અનુભવાય છે. તે કેવળ માનવ્ય કવિની ઉપાસનાનો વિષય બને છે. કવિમાં અધ્યાત્મલક્ષી અંતર્મુખતાનું વલણ જોવા મળે છે.

મિત્રાવરુણોના ઉપનામથી શરૂઆતમાં જાણીતા થયેલા નરસિંહરાવના બે શિષ્યો સુંદરજી બેટાઈ અને 'બાદરાયણ' તખલ્લુસધારી ભાનુશંકર વ્યાસના ભજનો અને ગીતોમાં આત્માનો પ્રફુલ્લ લલકાર સંભળાય છે. કવિના ભાવનમ્ર હૃદયમાંથી ગરવાં સ્તોત્ર અને ગંભીર ચિંતન પ્રગટે છે. એ જ રીતે મનસુખલાલ ઝવેરી, દેશળજી પરમાર, કરસનદાસ માણેક ઇત્યાદિ કવિઓ પાસેથી પણ ચિંતનલક્ષી કવિતા મળે છે. તો સુંદરમ્‌નો જેમ અરવિંદની અસર નીચે કાવ્યરચના કરનાર કવિઓમાં પૂજાલાલ અને પ્રજારામ રાવળને ગણાવી શકાય. પૂજાલાલે અરવિંદની વિચારસરણીને વ્યક્ત કરતાં સુવાચ્ય અને સુઘડ કાવ્યો આપ્યાં છે. પ્રજારામ રાવળ સૌંદર્ય- પ્રકૃતિના ચાહક કવિ છે. અરવિંદની અસર નીચે તેમના 'પદ્મા', 'નાંદી' ઇત્યાદિ કાવ્યસંગ્રહોમાં ઊર્ધ્વચેતનાની પ્રાપ્તિ માટેની ઝંખના જોવા મળે છે. શ્રી સુંદરમે તેમને 'નોળવેલનો કવિ' કહીને ઉચિત સન્માન આપ્યું છે. આ જ અરસામાં કવિ જયંત પાઠક પણ તેમના 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'સર્ગ', 'અંતરીક્ષ' ઇત્યાદિ કાવ્યસંગ્રહોમાં મુક્તકો, ગઝલો, સોનેટો, ઊર્મિકાવ્યો તથા ગીતો જેવાં વિવિધ કાવ્યસ્વરૂપોમાં પ્રણય, પ્રકૃતિ, પ્રભુભક્તિ અને દેશભક્તિના વિષયોનું સુપેરે ખેડાણ કરે છે. સમકાલીન ઘટનાઓ અને પ્રાર્થનાભાવને વ્યક્ત કરતી તેમજ અરવિંદાદિને અંજલિ આપતાં ચિંતનમાં સરતી તેમની કાવ્યકૃતિઓ અને થોડાંક મુક્તકો એમનો કવિ તરીકેનો સારો પરિચય આપે છે. ડૉ. ધીરુભાઈ ઠાકરના કથન મુજબ તેમની કવિતા પર શ્રી અરવિંદની ફિલસૂફીની અસર છે, પરંતુ તેમની કવિતાનો સાચો ઉન્મેષ પ્રેમ અને પ્રકૃતિમાં રસપાન સાથે અધ્યાત્મની ઝલક બતાવવામાં દેખાય છે.' પ્રેમઘટા ઝૂક આઈ' તેનું સુંદર દૃષ્ટાંત છે.[૫૯]

અર્વાચીન ગુજરાતી અધ્યાત્મકવિતાની પરંપરાના મહાનદમાં બે પ્રતિભાઓનો પ્રભાવ પ્રત્યક્ષ યા પરોક્ષ ઝીલાતો રહ્યો છે, એક રવીન્દ્રનાથ ટાગોર અને બીજા શ્રી અરવિંદ. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની વાણીમાં સંભળાય છે બાઉલનો સર્વતોભદ્ર પ્રેમનો ગુંજ.

'યુક્ત કરો હે સબાર સંગે
મુક્ત કરો, હે બન્ધ,
સંચાર કરો સકલ કર્મે
શાન્ત તોમાર છન્દ'.

પ્રેરે માનુષ પ્રતિ આ છે પ્રાર્થના, અહીં વૈરાગ્યનો, કષાયના પરિહારનો, વાત નથી. વ્યક્તિપ્રાણને સમષ્ટિપ્રાણ સાથે યુક્ત કરવાની વાત છે. એમાં જ છે એની સાચી મુક્તિ. કર્મત્યાગ કે સંન્યાસ પણ નહીં, પણ પ્રત્યેક કર્મમાં એ અંતર્યામીના જ છંદનો, વિલાસનો, રમણાનો ઝંખના પ્રગટ છે. કવિવરનું આ દર્શન ભારતીય દર્શનપરંપરાનું

૫૯. એજન. પૃષ્ઠ- ૧૩૪

અભિન્ન અંગ છે. ટાગોરના માનવતાવાદનો—પ્રભુને મંદિરમાં નહિ ખેતરમાં કામ કરતાં ખેડૂતમાં કે રસ્તા ઉપર પથ્થર તોડતાં મજૂરમાં શોધવાનો, કર્મમાં જ પ્રભુ અવતરે છે તેવા ભાવોનો—અસર અનુગામી કવિઓ પર ચિરંજીવી છે. તો યોગેશ્વર શ્રી અરવિંદમાં પ્રાપ્ત થાય છે જ્ઞાન, ભક્તિ અને યોગના સમન્વયનો પૂર્ણયોગ. 'સાવિત્રી'માં આ યોગની અનુભૂતિની કથા આલેખાઈ છે. અરવિંદવિચારનો પ્રભાવ પણ કવિઓ ઉપર પ્રત્યક્ષ અથવા પરોક્ષ આજદિનપર્યન્ત ઝિલાતો રહ્યો છે.

આ ગાળાના અન્ય કવિઓમાં 'પતીલ' (મગનભાઈ ભૂદરભાઈ પટેલ) તથા ઇન્દુલાલ ગાંધીની કવિતામાં મસ્તી અને દર્દનું તીવ્ર સંવેદન ઘૂંટાઈને આવે છે. દુર્ગેશ શુક્લમાં પણ ચિંતનની મૌલિકતા જડે છે. સૌંદર્યલુબ્ધ કવિ ગોવિંદ સ્વામી મધુર સંવેદનાનો આવિષ્કાર અને રામપ્રસાદ શુક્લની કવિતામાં વિકાસની સાથે વિનાશ પરની શ્રદ્ધાનું સૂચન મળે છે. રાસ અને ગરબાની પ્રાસાદિક લહાણ કરનાર બે સ્ત્રીકવિઓ જ્યોત્સનાબહેન શુક્લ (૧૮૯૭) અને જયમનબેન પાઠકજી (૧૯૦૨). 'દીપશિખા' અને 'દીપજ્યોતિ'નાં કવિ અમીદાસ કાણકિયા, કવિ પ્રેમશંકર ભટ્ટ, નાથાલાલ દવે, સ્વપ્નસ્થ અને ઉપવાસી તથા સાગર બંકાની બોલીમાં લોકગીતોના ઢાળમાં અગમ-નિગમનાં રહસ્યોને ધ્વનિત કરતા ભજનોના બે સંગ્રહો આપનાર કવિ સુધાંશુ આ દાયકામાં કાવ્યલેખન શરૂ કરનાર બીજા ગણનાપાત્ર કવિઓ છે. આમ વીસમી સદીનો ત્રીજો અને ચોથો દાયકો કવિતા પરત્વે વિષય, સ્વરૂપ અને શૈલીના વિવિધ પ્રયોગોથી સભર અને અધ્યાત્મની વાસ્તવલક્ષી- માનવતાલક્ષી નવી કેડીને પરંપરા સાથે જોડી રહે છે.

## અનુગાંધીયુગ

અનુગાંધીયુગની કવિતા વિષયની બાબતમાં ગાંધીજી અને શૈલીની બાબતમાં બ.ક.ઠાકોરના પ્રભાવથી કંઈક મુક્ત બની આંતરિક સૌંદર્યમાં રાચે છે. એ અરસામાં ભારતને આઝાદી મળી હતી પણ ભારતનું વિભાજન, કોમી રમખાણો, હિજરત, મોંઘવારી, કાળાબજાર, ભ્રષ્ટાચાર, ગાંધીજીની હત્યા, બંગાળનો દુષ્કાળ ઇત્યાદિ ઘટનાઓની કવિતા ઉપર ખાસ અસર જણાતી નથી. આ નવયુગની કવિતામાં ત્રિવિધ પ્રવાહો વહેતા નજરે પડે છે. પહેલો પ્રવાહ તે જૂના પુરોગામી ગાંધીયુગના ભાવોનો આદર કરતો ઉમાશંકર-સુંદરમ્ આદિ કવિરચિત કાવ્યોનો પરંપરાગત પ્રવાહ છે. બીજો પ્રવાહ તે પરંપરાગત પ્રણાલીને અવગણીને પ્રહ્લાદ-રાજેન્દ્ર ઇત્યાદિ કવિઓએ આલેખેલ સૌંદર્યભાવોની સ્થાપનાનો પ્રવાહ અને ત્રીજો પ્રવાહ તે ઉશનસ્ આદિ કવિઓનો જે બંને જૂના-નવાનો સમન્વય કરવામાં માને છે. આ યુગની કાવ્યનૌકાના સુકાની પ્રહ્લાદ પારેખ છે. તેમની કવિતામાં આંતરદર્શન, માનવહૃદયની ગૂઢ ઉત્સુકતા તીવ્રવેદના, નિરાશા અને અમોઘ મુદિતાનાં લક્ષણો જે દેખાય છે તે એ અરસાની સમગ્ર કવિતામાં મૂર્તિમંત થતાં જણાય છે.

પ્રહ્લાદ પારેખ તેમના કાવ્યસંગ્રહો 'બારી બહાર' અને 'સરવાણી'માં પ્રણય, પ્રકૃતિ અને પ્રભુભક્તિને વિષય બનાવી કાવ્યરચના કરે છે. માનવહૃદયના ચિરંતન ભાવોનું ગાન અને ચિંતનશીલતા એમનાં કાવ્યોની વિશિષ્ટતાઓ છે. કવિને પ્રકૃતિનું ઘેલું છે તેના કરતાં માનવનું સાંનિધ્ય પણ સવિશેષ પ્રિય છે. તેમનો માનવપ્રેમ 'વહાણું' કાવ્યમાં લલકારે છે -'માનવીનો સાથ રે'વું, એ'વું એય વહાણું છે'. કવિના ગીતો રહસ્યમયતા પ્રગટાવે છે. તેમાં દર્દ અને ચિંતન પણ ડોકિયું કરે છે.

કવિની અધ્યાત્મલક્ષી અંતર્મુખતાનું વલણ ખાસ ધ્યાન ખેંચે છે.

કવિ રાજેન્દ્ર શાહની કવિતાના પણ પ્રધાન વિષયો છે પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્મચિંતન. જગતના સમકાલીન બનાવોથી તદ્દન અલિપ્ત તેમની સૌંદર્યાનુરાગી કવિતામાં 'તું રિક્ત થૈ સભર થા ત્યજીને તું પામ'. જેવી પંક્તિઓમાં ઉપનિષદોની વાણી સંભળાય છે. 'ધ્વનિ'રૂપ બ્રહ્મની પ્રાપ્તિનો વણથંભ્યો પ્રયાસ 'ધ્વનિ'થી 'આગંતુક' સુધીના ૧૯ કાવ્યસંગ્રહોમાં નિરૂપાયેલો છે. પ્રણય અને પ્રકૃતિ સાથેના પ્રગાઢ તાદાત્મ્યભાવના આહ્લાદને કવિ બ્રહ્મસહોદર માને છે. જીવનસાફલ્ય અને સંવાદના સૂરોની મધુર ગુંજનાં આવર્તનોની ભૂમિમાંથી ઉદ્ભવેલી ઉદ્ગીતિ છે તેમની કવિતા. તેમનાં ગીતોમાં ઉચ્ચકોટિની કાવ્યભાષા અને મૌલિક કલ્પનાશક્તિ છે. તેમાં આધ્યાત્મિક અનુભૂતિનો રણકો સંભળાય છે. ન્હાનાલાલ અને કાન્તની લલિત લયહિલોળ ધરાવતી શૈલી નવ અવતારે આ કવિમાં ઊતરી છે. નવીન કવિતાનું કોમળ તેજભર્યું મુખ પ્રગટ કરવામાં આ કવિનો મોટો ફાળો છે. આ સૌંદર્યલુબ્ધ કવિની કાવ્યયાત્રા આપણને અધ્યાત્મના ચરમશિખરની પરમયાત્રા પણ કરાવે છે.

ટાગોરના કાવ્યની પ્રેરણાથી કાવ્યરચનાનો આરંભ કરનાર કવિ નિરંજન ભગત પણ પ્રણય, પ્રકૃતિ અને નગરજીવનની વિષમતાઓ પ્રગટાવતા 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '૩૩ કાવ્યો' જેવા કાવ્યસંગ્રહોમાં 'હું તો બસ ફરવા આવ્યો છું', 'આપણો ઘડીક સંગ', 'મુખ અને મહોરું' ઇત્યાદિ કાવ્યો દ્વારા જીવનની સભરતા, જીવનની ક્ષણિકતા, જીવનની નિર્ભ્રાન્તિ ઇત્યાદિ ભાવોને આલેખે છે. ઉમાશંકર અને અને ટાગોરની જેમ પૂર્વપ્રીતિનાં પ્રસન્નમધુર ગીત ગાય છે.

ફૂલ જેવી સ્વાભાવિક કવિતાના કવિ પ્રિયકાન્ત મણિયાર પોતાને ફૂલોના કવિ તરીકે ઓળખાવે છે. સાથે સાથે તેઓ કૃષ્ણ-વિહ્વળતા અને આધ્યાત્મિક-વિહ્વળતાના કવિ તરીકે ય જાણીતા છે. કાળ, પ્રીતિ, જીવનમૃત્યુ, મૌન, શૂન્યતા અને રહસ્ય આદિ એમના કાવ્યલેખનના વિવિધ મુખ્ય વિષયો છે. 'પ્રતીક', 'અશબ્દરાત્રિ', 'સ્પર્શ', 'સમીપ', 'પ્રબલગતિ', 'વ્યોમલિપિ' અને 'લીલેરો ઢાળ' એમના કાવ્યસંગ્રહો છે. તેમણે પ્રેમ અને કલાવિષયક કૃતિઓ પણ આપી છે. કાવ્યમાં કરુણતાઓ અને શ્રદ્ધાનો રણકો સંભળાય છે.

બાલમુકુંદ દવેની કવિતાના મુખ્ય વિષયો છે પ્રકૃતિ, પ્રણય અને રાષ્ટ્રીયભાવના. પરંતુ પરંપરાગત ભજનરીતિની સ્વચ્છ રચનાઓ પણ તેમની પાસેથી મળે છે. એમના શુદ્ધ નિર્મળ સૂક્ષ્મ પ્રકૃતિવર્ણનમાં વિશ્વવ્યાપી ગૂઢ સંવાદનો ખ્યાલ મળે છે. ગાંધીજી માટે 'હરિનો હંસલો' અને વિનોબાજી માટે 'ધૂળિયો જોગી' જેવાં કાવ્યો રચી કવિ વિભૂતિભક્તિને પ્રગટ કરે છે. સાથેસાથે ઊર્ધ્વજીવન અને પરમતત્ત્વની ઝંખના વિષયક પ્રાચીન ભજન એ લોકગીત ઢાળમાં લખાયેલ તળપદાં સરળ પ્રતીકાત્મક ગીતો પણ કવિની વ્યાવર્તક વિશિષ્ટતા છે. આવાં કાવ્યોમાં તેમનું 'ઝાકળનો પિછોડો' ઉત્તમ છે. તેમની ધરતીની પ્રીતિનો આધ્યાત્મિક ભાવ આવી કૃતિઓમાં સુપેરે પ્રગટે છે :

'થોર મુકામમાં જંપ વળે ના,
વાટ ને ઘાટના જીવ આ પ્યાસી,
ધરતીના કણકણમાં તીરથ
એનાં અમે પરકમ્માવાસી.'

આ લોકલયના કવિની કવિતાનો શણગાર સાદગી છે.

આ જ પરંપરામાં નટવરલાલ પંડ્યા 'ઉશનસ્'ની ભજન-રચનાથી પ્રારંભાયેલી સિસૃક્ષા સુન્દરમ્- ઉમાશંકર-ટાગોર- અરવિંદ- ગાંધી- વ્યાસ-વાલ્મિકી-

શેકસપિયરની કવિતાના પરિશીલનથી પરિપુષ્ટ થઈ ગીતો, ભજનો, ગઝલો, સૉનેટો, મુક્તકો, હાઈકુ, સંવાદકાવ્યો અને ગીતો ઈત્યાદિ પ્રકારોની વિવિધતામાં પ્રકૃતિ, પ્રણય, પ્રભુભક્તિ, દેશપ્રીતિના વિવિધ વિષયોની કવિતા જન્માવે છે. તેમની કવિતાને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'ઉત્થાનશ્રી' કહી છે તેમાં વ્યક્તિ અને સમાજની ઊણપો અને અને મલિનતાઓ તરફ નિર્દેશ કરી ઊર્ધ્વના તરફ લઈ જવાનો નિર્દેશ છે. 'આર્દ્રા'માં કવિ સુંદરમ્‌ની માફક પૃથ્વી પર અમૃતનું આહ્‌વાન કરે છે અને તેમનું નિશાન 'ઘૂંટવો એવો શબ્દ ગહન કે આભ રહે અંકાઈ' જેવું ઉચ્ચ છે. એમના અધ્યાત્મકવનમાં ક્વચિત કૃષ્ણપ્રેમ ને બહુધા પરમતત્ત્વની કોઈ અપરૂપ સૌંદર્યમૂર્તિએ જગાડેલી પ્રીતિથી જન્મતાં સંવેદનોનું ગાન જેમાં માત્રાબદ્ધ, તાલ-લયપ્રધાન નિવેદનાત્મક શૈલીવાળી ગતિઓમાં આવ્યું છે ને 'વ્યાકુલ વૈષ્ણવ 'તો સુંદરમ્‌ના શબ્દોમાં 'ગુજરાતની ગીતાંજલિ' છે. કવિ તો પોતાના કવનને એક જગ્યાએ ' વિવિધ ફૂલોનો કેવળ અવયવ' કહે છે. ઉશનસ્ ગાંધીયુગના માનવતાવાદને દિવ્યતા સુધી પહોંચાડે છે.

કવિ વેણીભાઈ પુરોહિતની શક્તિનો વિશેષ, ભજનો અને ગીતોમાં જ જોવા મળે છે. 'સિંજારવ ', 'દીપ્તિ' ને 'આચમન' તેમના કાવ્યસંગ્રહો છે. પોતે બાંધેલી 'ભજન કેરી પરબડી 'માં સામેલ થવા કવિ પ્રકૃતિનાં તત્ત્વોને ઈજન આપે છે. 'હેલી'માં નયણાંમાંની અગણિત ધારાને નભમાં જઈ વરસવાનું કહેણ છે. ભજનના 'રામઝરૂખે' જ તેમની કવિતા કોળે છે. ભક્તિ અને ઉલ્લાસ કવિની પ્રકૃતિ અને અનુભૂતિના સ્થાયીભાવ છે.

'સમંદર સદાય જો ગહનને જ ગાયા કરે
સમસ્ત મુજ જિંદગી અયિ તને જ ચાહ્યા કરે.'

'લગની' અને 'વિસામો' જેવાં સ્વયંસ્ફુરિત લયહિલ્લોળમાં ઝૂમતી સંગીતમય વાણીમાં વહેતાં ભજનો કવિપ્રતિભાના ધન્ય ઉન્મેષરૂપ છે. જીવ અને શિવની જુદાઈ, સુખ-દુઃખના રંગ, માયાનું બંધન વગેરે તત્ત્વજ્ઞાનની વાતો તેઓ તળપદાં રૂપકો દ્વારા સચોટ સમજાવે છે. તેમાં અનુભૂતિની સચ્ચાઈ અને અભિવ્યક્તિની સચેત સ્ફુરણા કવિના વક્તવ્યને કાવ્યમય ચોટ આપે છે. 'હું પોતે મારામાં છલકું' અને ' પંચામૃતનો મુખરિત પારાવાર' જેવા ઉદ્‌ગારોમાં ભજનિકની આંતરખોજ અને મસ્તી પ્રગટ થાય છે. તેમાં ક્વચિત્ 'ફૂલડાંને ફેંકી દઈને ફોરમ બાંધવા ચાલી ' જેવી અંતઃપ્રેરિત મર્મોક્તિ પ્રગટે છે ત્યારે કવિતા અને તત્ત્વાનુભૂતિનો સુમેળ સિદ્ધ થતો જણાય છે.

આ અરસાના બીજા નોંધપાત્ર કવિઓમાં પ્રથમ ઉલ્લેખપાત્ર પિનાકિન ઠાકોર (૧૯૧૬) છે. અધ્યાત્મ અને સૌંદર્યની ગૂઢ અનુભૂતિ દર્શાવતાં લયમધુર ગીતો એ એમની વિશિષ્ટતા છે. રવીન્દ્રનાથની રહસ્યમયતા, સુંદરમ્‌ની ભાવમુગ્ધતા, રાજેન્દ્રની લયલુબ્ધતા અને નિરંજનની આધુનિકતાના પડઘા તેમની કવિતામાં વારંવાર સંભળાય છે.

ભજનની જૂની અધ્યાત્મરંગી પરંપરામાં સુધાંશુ (૧૯૧૩), સરોદ (૧૯૧૪-૧૯૭૨) અને મકરંદ દવે (૧૯૨૨)નો નિર્દેશ આવશ્યક છે. સુધાંશુ એટલે કે દામોદર કેશવલાલ ભટ્ટ સાગરના સંગીતને કવિતામાં સંભળાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમનામાં સાચા ભજનિકની મસ્તી અને અધ્યાત્મદૃષ્ટિ છે. 'જલભેખ' લઈને જીવતો કવિ ઉપાસ્યદેવ સાગરને સંબોધીને કહે છે :

' માટલી માગું જલ મહેરામણ ' એમાં યે ખોબો ને અંજલિ એક ,
નપોબ હોય તો કણ મોતી રે મળે , અંજળ હોય તો
બિન્દુ આવીને જડે .

નહીં તો સંતોપ - અહાલેક, જી ' જી ' મહેરામણ મારો જલમિજ ''
કવિને લોકબોલી પર તેમજ લોકગીતો અને ભજનોના ઢાળ ઉપર પ્રભુત્વ છે. કર્ણમંજુલ લય યોજવાની સાહજિક શકિત તેમનામાં છે. ભજનની અસલ પરંપરાનું મોંઘું ઝરણું એમનાથી વહેતું રહયું છે. એમની અધ્યાત્મ-અનુભૂતિનો પરિચય કરાવતાં 'વસંતઅવધૂત', 'તુંબોજલ'. જેવાં કાવ્યોમાં સંવેદન, કલ્પન અને ભાષાના સમન્વયમાંથી ઊઠતો સાચો મધુર રણકાર હૃદયસ્પર્શી અને મોહક બની રહે છે.

એ જ ભજનપરંપરાને સમર્પિત બીજા કવિ તે સરોદ ઉર્ફે મનુભાઈ ત્રિવેદી. તેમણે 'રામરસ' અને 'સુરતા' એ બે સંગ્રહો આપ્યા છે. સુરતા અને શબદની એકતાને ઘૂંટવાનો એમાં પ્રયાસ દેખાય છે.

' ભમરા વનરાયું મહોરે ,
સુરતાનાં ફૂલ ફોરે .'

એ ભજનને પ્રેમ માનનારા કવિના ઉદ્‌ગાર સંવેદનાની સચ્ચાઈને દર્શાવે છે. 'સોના-વાટકડી '. 'ચલો વરેમંડ વાટડીએ ', 'પાંચ હાથનો પનો '. 'દીવડા ગિરનારી ', 'વાગ્યો બેહદ પડો ' ઈત્યાદિ પ્રયોગોમાં 'ભજન જાગો જાગો 'નો લગન ધરાવતા કવિ વેધક મર્મ પ્રગટાવે છે.

સુધાંશુ અને-સરોદ કરતાં વિશેષ સત્વ અને વિદ્ગ્ધતા દાખવતા કવિ મકરંદ દવે છે. તેમની કવિતાના નેપથ્યમાં ટાગોર ,અરવિંદ. ઉપનિષદો , યોગસાધના અને કબીર-તુલસી આદિ ભકતોના સાહિત્યનું પરિશીલન પડેલું છે. આથી જ શબ્દનું ઊંડાણ અને મૌનનો મર્મ દર્શાવતી અભિવ્યકિત એ એમનો કાવ્યવિશેષ બની રહે છે. અનહદના આરાધક અવધૂતની મસ્તી અને સાધના તેમની કવિતામાં વિષય બનીને આવે છે. ગેરુઆ રંગનાં કલ્પનો, જૂની પરંપરાના પ્રતીકો સોરઠની તળપદી ભાષાની મહેક ધરાવતો કવિની શૈલી સહજ, સચોટ અને ભાવવાહી નીવડી છે. ભીતરની ગોઠડી કરતા અને બેહદની બારાખડી ઘૂંટતા કવિ તેમની આતમધેનુને તેજની ચારો ચરવા મોકલે છે . તેમણે એમના મિત્રો 'ગાફિલ' અને 'ઘાયલ'ના સંગમાં ગઝલોની રચના પણ કરી છે.


ગુજરાતી ગઝલમાં સૂફીવાદથી માંડી નાદબ્રહ્મની મસ્તી સુધીની ભાવ-સંવેદનાઓ પ્રગટ કરવામાં બાલાશંકરથી માંડીને સાક્ષરયુગના મણિલાલ, કલાપી અને 'સાગર' પછી 'શયદા',' બેકાર' અને 'પતીલ' ઉપરાંત અનુગાંધીયુગમાં 'ઘાયલ' 'ગાફીલ', મકરંદ દવે, નાથાલાલ દવે , બરકત વિરાણી ' બેફામ ', શૂન્ય પાલનપુરી, 'મરીઝ'. શાહબાઝ, રતિલાલ,' અનિલ' વગેરે એ મહત્વનું પ્રદાન કર્યું છે. આમ અધ્યાત્મ-ચિંતનના તંતુને દૃઢ બનાવવા અને ભકિતરંગી ગઝલોનો આસ્વાદ કરાવવામાં આ કવિઓની ધુનિવંત ગઝલો ઊર્ધ્વજીવનની પ્રેરણા લઈને આવે છે.

**અદ્યતનયુગ**

ઈ.સ.૧૯૪૦ થી લગભગ ૧૯૫૫ સુધીના દોઢ દાયકા દરમ્યાન ગુજરાતી કવિતાનો પ્રવાહ પ્રધાનતઃ સૌંદર્યાભિમુખ રહયો છે. પરંતુ ૧૯૫૫ ની આસપાસ સૌંદર્યાભિમુખતાને સ્થાને તેમાં સાંપ્રતકાલીન જીવનની છિન્નભિન્નતાનો તીવ્ર સૂર સંભળાવા લાગ્યો. નિરાશ હતપ્રભ પ્રજાજીવન અને નગરસંસ્કૃતિની વિભિષિકાઓએ અસ્તિત્વવાદ અને પરાવાસ્તવવાદને જન્માવ્યા, પરંપરાથી ઊફરા ચાલીને નવાં જ પરિમાણો નવાં નવાં સ્વરૂપોમાં પ્રગટાવ્યાં . ગુજરાતી કાવ્યક્ષેત્રે આધુનિકતાના નવા પરિમાણનો સૂર્યોદય લઈને

મનસુખલાલ ઝવેરી, બાલમુકુંદ દવે જેવા અનેક કવિઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. તો દયારામનો ગોપીભાવ વિસ્તરતો વિસ્તરતો રાધાનો એકોક્તિ બનો આધુનિક યુગમાં માધવ રામાનુજ, મણિલાલ, જગદીશ જોષી, જયંત પાઠક, સુરેશ દલાલ, પ્રિયકાંત મણીયાર જેવા અનેક કવિઓનો ગીતમાધુર્યમાં નીતરતો રહ્યો છે. આમ અધ્યાત્મનું સ્વરૂપ વેદના બ્રહ્મરૂપ 'હું'ની શોધથી આરંભાઇ આધુનિક યુગના છિન્નભિન્ન 'હું'ની શોધ સુધી ગુજરાતી કવિતામાં વિસ્તરતું જાય છે ત્યારે અનેક પરિભાષાઓ પ્રગટાવતું જાય છે, ઇષ્ટદેવોની ભક્તિ-આરાધનારૂપે, માનવતાવાદમાં પ્રેમરૂપે-દરિદ્રનારાયણ રૂપે, પ્રકૃતિમાં પ્રચ્છન્ન પ્રભુરૂપે, પ્રેમના પ્રગાઢ એકત્વરૂપે, યોગસાધનાની સિદ્ધિરૂપે, છિન્નતામાં સૌંદર્ય પ્રગટાવવાના યત્નરૂપે, આમ અનેક રૂપે આધ્યાત્મભાવના પ્રગટતી રહી છે. આમ છતાં જયાં સુધી માનવહૃદયમાં શ્રદ્ધાનો દીપક ઝાંખો પાંખો ય બળ્યા કરે છે ત્યાં સુધી અધ્યાત્મભાવના ઉન્મેષો કાવ્યમાં પ્રગટતા જ રહેશે. આમ વેદકાલીન સમયથી માંડી આપણી અધ્યાત્મકવિતાની પરંપરા અદ્યાપિપર્યંત અવનવાં રૂપો પ્રગટાવતી જીવંત રહી છે.

જો કે સાંપ્રત સમયમાં આધુનિકતાના પ્રભાવ પછી ગુજરાતી કવિતા અનેક અવનવા વિષયો અને સ્વરૂપો પ્રગટાવે છે ત્યારે અધ્યાત્મકવિતાનું ભાવિ ભયમાં મુકાયેલું લાગે. આમ છતાં આજના યુગમાં ય મધ્યકાળની ભક્તિ અને અર્વાચીનયુગની ઊર્મિથી સભર, એકતારાના તારે લોકગીત કે ભજનગંગાની છોળ ઉડાડતી, ગઝલની મસ્તીમાં ય નાદબ્રહ્મની ગુંજ જગાવતી કવિતા આપણને સુંદરમ્, રાજેન્દ્ર શાહ, મકરંદ દવે, રાજેન્દ્ર શુકલ જેવા કવિઓ પાસેથી મળી છે. ગાંધીયુગથી આરંભાઇ સાંપ્રત સમય સુધીનો કાલાવધિમાં કાવ્યરચના કરનાર સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેનો અધ્યાત્મકવિતાનો અભ્યાસ ગુજરાતી કવિતા-ઇતિહાસના ત્રણ તબક્કાને આવરી લે છે. ત્રણેય કવિઓમાં સુંદરમે ગાંધીયુગમાં ગાંધીપ્રભાવ નીચે કાવ્યરચનાનો આરંભ કરી પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૩૩માં પ્રગટ કર્યો પરંતુ અનુગાંધીયુગના બીજા તબક્કાનો તેમની કવિતા ખાસ વળાંક સૂચવે છે. ૧૯૫૧ માં સુંદરમ્‌નો 'યાત્રા', રાજેન્દ્ર શાહનો 'ધ્વનિ' અને મકરંદ દવેનો 'તરણાં' કાવ્યસંગ્રહ પ્રથમ પ્રગટ થાય છે. તો ત્રણેય નો છેલ્લો ઉપલબ્ધ કાવ્યસંગ્રહ ૧૯૯૨-૯૩માં પ્રગટ થયો છે. અને એ ઉલ્લેખનીય છે કે સુંદરમ્‌ના મરણોત્તર કાવ્યસંગ્રહોનો રચનાકાળ અગાઉનો જ છે. આ રીતે જોતાં ત્રણેય સમકાલીન કવિઓએ અધ્યાત્મકવિતાના અવનવા ઉન્મેષો પ્રગટાવ્યા છે. આથી ગુજરાતી અધ્યાત્મ-કવિતાના ઉપલક્ષ્યમાં સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવે આ ત્રણેય કવિઓની અધ્યાત્મકવિતામાં પ્રગટ થતી આધ્યાત્મિક સંવેદનાઓ અને તેમના અભિગમને પામવાનો પ્રયાસ રસપ્રદ અને આનંદપ્રદ ઉપલબ્ધિ બની રહેશે. હવેનાં પ્રકરણોમાં આપણે ગુજરાતી અધ્યાત્મકવિતાના સંદર્ભમાં ક્રમશઃ સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતાના પરિશીલન દ્વારા તેમની અધ્યાત્મયાત્રાના આલેખને પામવા પ્રયત્ન કરીશું.



સુન્દરમ્

જન્મ: ૨૨-૩-૧૯૦૮ મૃત્યુ: ૧૩-૧-૧૯૯૧